gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૧૪




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

આ સદીની સિદ્ધિરૂપ, ૪૫ લાખ જેટલા શબ્દોના
મહાભારત જેવા શબ્દભંડોળની, ગુજરાતીઓને
'ગુજરાતીલેક્સિકોન'
મારફત ચિરંજીવ ભેટ અર્પનાર એના રચયિતા અને
'સન્ડે ઈ.મહેફિલ'ના વરિષ્ઠ સમ્પાદક
હૃદયસ્થ **રતિલાલ ચંદરયા**ને આ ઇ.બુક ભાવાદરપૂર્વક અર્પણ..



**જન્મ**: વિજયાદશમી : ૨૪/૧૦/૧૯૨૨ .. **નિર્વાણ** :
વિજયાદશમી : ૧૩/૧૦/૨૦૧૩
(સ્વર્ગસ્થ પત્નીનું નામ પણ 'વિજયા')

# 'સન્ડે ઈ–મહેફીલ'

ઈ–બુક

'સ.મ.'ક્રમાંક 326 થી 350

: રજુઆત :

ઉત્તમ. મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરુ થયેલી 'સુ–વાચનયાત્રા'–'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થયેલી સઘળી રચનાઓને, **ચૌદ** ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Late Ratilal Chandaria
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

## પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ ‘સન્ડે ઈ–મહેફીલ’ નામે ‘વાચનયાત્રા’ શરુ કરેલી. ‘કલાપી’ અને પછીથી ‘વીજયા’ નોનયુનીકોડ ફોન્ટથી શરૂ કરેલ સફર ‘શ્રુતી’, ‘એકત્ર’ ફોન્ટ સુધી વિસ્તરી. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ ‘સ.મ.’, આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : “તમારી આ ‘સ.મ.’, એ મારા ઘરનું ‘અખંડ આનંદ’ છે.” આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

‘સ.મ.’ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની ‘૧૫૫–એ’ની ‘વીદાય–સલામ’ નામક ‘સ.મ’માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની ‘કાવ્ય–ગઝલ’ની અત્યાર સુધીની બધી ‘સ.મ.’ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ બાર વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી.

અઠવાડીક મહેફીલ હવે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી ‘સ.મ.’માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટૅક્નૉલૉજીસમાં કાર્ય કરતાં વીવીધ સાથીઓ જેમ કે શ્રુતી, મીનલ, અર્પીત, હીતેન્દ્ર વગેરેનો ભક્તીભાવભર્યો સહકાર ‘સ.મ.’ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો’કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી ‘સ.મ.’ મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! આપના સ્ક્રીન પર ‘સ.મ.’ની જે બુક છે તેમાં અનેકોની સાથે આ સર્વેનો હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે.. આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી

(http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન મૈત્રી શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો 'ક' નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધક્કો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :


Late Ratilal Chandaria,

Balvant Patel, e-mail : patel.balvant@gmail.com

Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com

Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com


350 વાચનસામગ્રીના આવા ચૌદ ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

 

# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – ભાગ 14 (326 to 350)



| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 1-326 | સમજણનું સરવૈયું | નયનાબેન શાહ | 12-07-2015 | 11 |
| 2-327 | આજની દ્રોપદી | કુમુદ પરીખ | 26-07-2015 | 20 |
| 3-328 | ગઝલ | સ્નેહી પરમાર | 09-08-2015 | 39 |
| 4-329 | ઋણ સ્વીકાર | બકુલા ઘાસવાળા | 23-08-2015 | 48 |
| 5-330 | મસ્તીકી પાઠશાલા | આશા વીરેન્દ્ર | 06-09-2015 | 54 |
| 6-331 | ગઝલ | ગુણવંત ઠક્કર | 20-09-2015 | 59 |
| 7-332 | મારી પદયાત્રા : રવીશંકર મહારાજ સાથે | ગુણવંત શાહ | 04-10-2015 | 68 |
| 8-333 | ભીખાજીનો ભેદ | આનંદ રાવ લીંગાયત | 18-10-2015 | 75 |
| 9-334 | ગઝલ | ભાવીન ગોપાણી | 01-11-2015 | 86 |
| 10-335 | ભાષાઓની આહુતી | મુરજી ગડા | 15-11-2015 | 97 |
| 11-336 | શરીર તારું સંભાળ રે! | દીનેશ પંચાલ | 29-11-2015 | 106 |
| 12-337 | ગઝલ સંજીવની | સંજુ વાળા | 13-12-2015 | 113 |
| 13-338 | વ્યાસ સાહેબ | હરનીશ જાની | 27-12-2015 | 122 |
| 14-339 | ખરતાં પાંદડાંની મોસમ | વીદ્યુત જોશી | 10-01-2016 | 130 |
| 15-340 | ગઝલ | વીપુલ માંગરોલીયા | 24-01-2016 | 135 |
| 16-341 | ભુખ ભુંડી છે | જય ગજ્જર | 07-02-2016 | 146 |
| 17-342 | એ સોનેરી ક્ષણ | આશા વીરેન્દ્ર | 21-02-2016 | 149 |

| | | | | |
|---|---|---|---|---|
| 18-343 | ગઝલ | નરેશ ડોડીયા | 06-03-2016 | 155 |
| 19-344 | મારા જીવનનો એક વચલો ગાળો | ભદ્રા વડગામા | 20-03-2016 | 165 |
| 20-345 | અણગમો પ્રગટ કરવા વીશે | ડૉ. શશીકાંત શાહ | 03-04-2016 | 174 |
| 21-346 | ગઝલ | સુનીલ શાહ | 17-04-2016 | 180 |
| 22-347 | એકલતા અને બેકલતા | ચંદ્રકાન્ત બક્ષી | 01-05-2016 | 189 |
| 23-348 | દવાનો મારગ છે શુરાનો | ગુણવંત શાહ | 15-05-2016 | 196 |
| 24-349 | ગઝલ | ઉદયન ઠક્કર | 29-05-2016 | 204 |
| 25-350 | અમેરીકામાં બાળશીક્ષણ | શૈલા મુન્શા | 12-06-2016 | 213 |


## વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

1-326 : 12-07-2015

# સમજણનું સરવૈયું

– નયનાબહેન શાહ

અનુક્રમણીકા

‘હવે થાક લાગે છે. આ શહેરનો ટ્રાફીક એટલે તોબા ! એમાંયે લોકોમાં ‘ટ્રાફીક સેન્સ’ નથી.’ અલય એકી શ્વાસે બોલી ગયો. આ બોલતી વખતે એના મોં પર થાક વરતાતો હતો. એ વાત સમજતાં એની પત્ની ઉલુપીને વાર ન લાગી.

ઉલુપી ઉચ્છતી હતી કે અલયની નીવૃત્તીની ઉમ્મર ક્યારનીયે વીતી ગઈ છે. અરે, સરકારે પણ નીવૃત્તીની જે ઉમ્મર નક્કી કરી છે એ સમજી વીચારીને કરી છે. નહીં તો મનુષ્યના લોભનો ક્યાંય અન્ત નથી અને પૈસાનું તો શું છે કે, જેટલો હોય તેટલો વપરાયા કરે.

ઉલુપીને થતું કે એ એના પતીને કહી દે કે તમે નોકરી છોડી દો; પરન્તુ એને ડર લાગતો હતો કે એની વાત એના પતીને પસન્દ ના પડે તો ? અત્યાર સુધી તો ઘર ભર્યું ભર્યું હતું. પણ હવે દીકરો અમેરીકા જતો રહ્યો અને દીકરી પરણીને સાસરે જતી રહી હતી.

ઉલુપીએ પતી સાથે પાંત્રીસ વરસ વીતાવ્યાં હતાં. છતાં પણ એને લાગતું હતું કે એ એના પતીને સમજી શકી નથી; કારણ કે પતી સાથે બેસી એકાન્તમાં વાત કરવાનો સમય જ ક્યાં મળતો હતો ? કારણ, દરેક વ્યક્તીનો સ્વભાવ દરેક

વ્યક્તીદીઠ બદલાતો હોય. ઘણીવાર વ્યક્તી ઘરમાં સીંહ બનીને ફરતી હોય; પરન્તુ ઑફીસમાં એ જ ગરીબ ગાય બની જાય. જો કે એનાથી ઉંધું પણ હોઈ શકે. પરન્તુ અલયને તો સમય જ ક્યાં હતો; ગુસ્સો કરવાનો કે પ્રેમ કરવાનો ?

જ્યારે બાળકો ઘરમાં હતાં ત્યારે બાળકો ક્યારેક પોતાની મુશ્કેલી પુછી અલય પાસે ભણવા બેસી જતાં. ત્યાર બાદ અલય તરત લેપટૉપ લઈને બેસી જતો. એની પાસે સમયનો હમ્મેશ અભાવ રહેતો. ઑફીસનું થોડું ઘણું કામ પણ ઓનલાઈન કરી લેતો.

ઉલુપીની જીન્દગી જ જુદી હતી. સવારથી ઉઠીને એના નીત્યક્રમમાં એટલી તો એ ઓતપ્રોત થઈ જતી જાણે કે એ બહારની દુનીયા જ ભુલી જતી. સવારે પતીનો ડબ્બો તૈયાર કરવાનો અને બાળકો તો જમીને જતાં. ઉલુપી નાહી–ધોઈને રસોડામાં જતી રહેતી. પતીના ગયા પછી સેવાપુજા અને રસોઈ કરી, બાળકોને જમાડી, પોતે સફાઈકામમાં લાગી જતી.

આમ તો ઉલુપીને પૈસાની ક્યારેય તકલીફ ન હતી, પતીની કમાણી ઘણી હતી. પૈસાની કમી ન હતી; પરન્તુ ઉલુપીને કામવાળીનું કામ ક્યારેય પસન્દ ન હતું.

અલયને તો એ વાતની કશી ખબરેય નહોતી કે ઉલુપી બધું કામ જાતે કરે છે. ઉલુપીને મોઢે ક્યારેય ફરીયાદનો એકે શબ્દ પણ ન નીકળતો. બાળકો અને પતી બધાંય ઉલુપીથી ખુશ હતા. દરેકનો સમય સચવાતો હતો. કોઈનેય ફરીયાદ કરવાની તક જ નથી મળી. કપડાંને અસ્ત્રી પણ સમયસર થઈ જતી.

બાકી તો ઘરનો સામાન ખરીદવાનો હોય, ઓનલાઈન ન હતું ત્યાં સુધી ઘરનો વેરો, લાઈટબીલ, ટેલીફોન બીલ પણ એ જાતે જ ભરવા જતી. લાઈનમાં ઉભા રહેવાનીયે એને ફરીયાદ નહીં. શાક લાવવા કે કરીયાણું ખરીદવાયે એ જાતે જ જતી. ઉલુપીને તો કોઈ વાહન પણ આવડતું ન હતું. બસમાં જતી ને બસમાં જ આવતી. ક્યારેય રીક્સામાં જતી ન હતી. એટલું જ નહીં; લગ્ન વખતે વહુનાં કપડાં–દાગીના પણ એ વહુને લઈને ખરીદી આવતી હતી. દીકરીનાં લગ્ન વખતે વહેંચણનાં કવરો, સાડીઓ, દાગીના બધીય વ્યવસ્થા એ જાતે કરતી. કોઈનેયે તકલીફ આપ્યા વગર, એ એકલે હાથે બધું કરતી.

અલયને તો પૈસા આપવા સીવાય ખાસ કંઈ કરવાનું જ ન હતું. લગ્નના થોડા દીવસ પહેલાં જ અલયે રજાઓ લીધી હતી. પરન્તુ ખાસ કંઈ કામ કરવાનું બાકી રહ્યું ન હતું. વળી, આટલી ઝીણવટભરી તૈયારી ઉલુપીએ કઈ રીતે કરી તે વીચારવાનોય સમય ન હતો. અલયે બન્ને લગ્નમાં લોકોની ‘વાહ, વાહ’ મેળવી હતી. બધા અલયની વયવસ્થાના બે મોંએ વખાણ કરતા હતા.

દીકરા–દીકરીનાં લગ્ન પતાવ્યા બાદ ઉલુપીને ઘરમાં કામ ઘણું ઓછું રહેતું હતું. લગ્ન પછી તરત દીકરો અમેરીકે જતો રહ્યો. દીકરી પણ ભણ્યા બાદ તરત નોકરી કરતી હતી, ત્યારે ઉલુપી એકને બદલે બે ટીફીન તૈયાર કરતી. એણે તો ક્યારેય ઘરકામમાં દીકરી કે વહુની મદદની આશા રાખી જ ન હતી. એ પોતે પણ માનતી હતી કે, ‘અપેક્ષા એ જ બધાં દુ:ખનું

મુળ છે.' એણે તો પતી કે દીકરા–દીકરીની આશા રાખી જ નહોતી. તેથી જ એ સુખી હતી. બધું ચુપચાપ સહન કરવું એ એનો સ્વભાવ બની ગયો હતો. એ પોતે પણ માનતી કે ઝઘડવા માટે તો ઘણાં કારણો મળી રહે છે; પરન્તુ નહીં ઝઘડવા માટે એક જ કામ કરવાનું હોય છે : 'મૌન રહેવું.' એ જ એના સુખનું કારણ. પોતાનું કામ નીષ્ઠાપુર્વક કરતા રહેવું એથી વધુ સારું તો શું હોઈ શકે ?

ઘરમાં સાફસુફી કર્યા બાદ પણ હવે ઉલુપી પાસે ઘણો સમય બચતો હતો. એને તો પહેલેથી જ ટીવી–કમ્પ્યુટરનો શોખ હતો જ નહીં. પતી હમ્મેશ લેપટૉપ પર કામ કર્યા કરતા. પણ તેણે ક્યારેય પતીને કહ્યું નહોતું કે મારે કમ્પ્યુટર શીખવું છે. પતીના કામમાં માથું મારવાની તો આદત જ નહીં. પતીએ કદી પૈસાનો હીસાબ માગ્યો ન હતો. એની પાસે ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, ટીએમકાર્ડ બધું જ હતું; પરન્તુ એ સદા સમય વીચારીને જ ખર્ચ કરતી.

બાળકો નાનાં હતાં. ક્યારેક બીમાર પડે, શાળામાં વાલીઓની મીટીંગ હોય; બધે એકલી જ જતી. એટલું જ નહીં, બાળકોને જાતે જ ભણાવી ટ્યુશનનો ખર્ચેય બચાવતી.

હવે ધીરે ધીરે ઉલુપીને એકલું લાગતું. મનમાં થતું કે પતી નીવૃત્ત થાય તો એકબીજા સંગાથે જીન્દગીનાં બાકીનાં વર્ષો વીતાવી શકીએ. પણ નીર્ણય તો પતીએ લેવાનો હતો કે હવે નીવૃત્ત થવું કે કેમ ! પણ આખરે જ્યારે અલયે નીવૃત્તી લેવાનો નીર્ણય કર્યો, ત્યારે ઉલુપી ઘણી ખુશ હતી. જો કે

ઉલુપીને પોતાની ઈચ્છા બીજા પર ઠોકી બેસાડવાની ટેવ ન હતી.

જ્યારે અલય ઘરે રહેવા લાગ્યો ત્યારે એણે જોયું કે ઉલુપી તો આખો દીવસ ઘરમાં કામ જ કર્યા કરે છે! પોતે તો એઠવાડીયે એક રજા પણ ભોગવતો, ત્યારે ઉલુપી જાતજાતની વાનગીઓ બનાવી પતીને જમાડતી અને ભારે ભોજન બાદ અલય સુખેથી સુઈ જતો. હવે અલયને સમજાવા માંડ્યું કે આ બધી વાનગીઓ બનાવવાનું કામ પુષ્કળ મહેનત માંગી લે છે અને વળી એ બધું કર્યા બાદ સાફસુફી કરવી પણ અઘરી હતી. અલયની નીવૃત્તી પછી એની મુલાકાતે આવનારાઓને પણ તે ચા–નાસ્તો પ્રેમથી કરાવતી. થાક જેવો શબ્દ તો જાણે એના જીવનના શબ્દકોશમાં હતો જ નહીં. પરન્તુ અલયને આટલાં વર્ષોમાં નહોતું સમજાયું તે હવે સમજાયું. મનમાં થતું હતું કે પોતે આરામદાયક નોકરી કરી, બધી સગવડ ભોગવી, તે આ આદર્શ પત્નીને કારણે. આ વાત એને હવે સમજાઈ. ઘરસંસારમાં અલયે કદી માથું માર્યું ન હતું ને ઉલુપીને પણ જેટલા પૈસા વાપરવા હોય તેટલા વાપરવાની છુટ હતી.

ઉલુપી તો ઘડાયેલી જ હતી. હજીયે શાક લેવા જાય ત્યારે એકલી જ જતી. એ અલયને નહીં કહેતી કે, ‘ચાલો, આપણે કારમાં જઈ શાકભાજી લઈ આવીએ. જલદી પાછા અવાશે.’ પરન્તુ ઉલુપી જ્યારે થેલો ભરીને શાક લઈને આવી ત્યારે અલયે કહ્યું, ‘ઉલુપી તારે મને કહેવું હતુંને ! હું કાર લઈને તારી સાથે આવત. હવેથી મને કહેજે. આવી રીતે તડકામાં આટલું વજન ઉંચકીને આવવાનું નહીં.’ ઉલુપી તો પતી સામે

જોઈ જ રહી ! ક્યારેય એના પતીએ એના વીશે વીચાર્યું જ ન હતું ને હવે તો પતીને જાણે કે ઉલુપી સીવાય કંઈ વીચારવાનો વીષય જ નહોતો !

એવામાં થોડા દીવસો બાદ ઉલુપીને ચાલવામાં તકલીફ હોય એવું લાગ્યું; પણ ફરીયાદ કરી નહીં; કારણ કે ફરીયાદ કરવાનું એના સ્વભાવમાં જ નહોતું. પણ અલયની નજરે પડતાં તે તરત જ તેને ડૉક્ટર પાસે લઈ ગયો. ઉલુપીને ઘસારાને કારણે દુખાવો થાય છે એમ કહી ડૉક્ટરે દવાઓ લખી આપી. સાથે સાથે સુચનાઓ આપી કે 'હવેથી પલાંઠી વાળી નીચે બેસવું નહીં. નીચા વળી કામ કરવાનું નહીં. બને તેટલો આરામ કરવો. રોજ ચાલવા જવાનું.' વગરે... વગેરે... એ રાતે અલયે જ યાદ રાખી ઉલુપીને દવા આપી.

બીજે દીવસે ઉલુપી જે સવારે પાંચ વાગ્યે ઉઠવાની ટેવવાળી, એ રાતે ઉંઘની દવાને કારણે છ વાગ્યા સુધી સુતી રહી. એ જ્યારે નીત્યક્રમમાંથી પરવારી ત્યારે જોયું કે ડાઈનીંગ ટેબલ પર ચા તૈયાર હતી. એ સમજી શકતી ન હતી કે દુધ, ખાંડ, ચા ક્યાં મુક્યાં છે એ પણ પતીને ખબર ન હતી તો ચા ક્યાંથી તૈયાર થઈ ? અલય ઉલુપી સામે જોઈ હસીને બોલ્યો : 'આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. હવે ઈન્સ્ટન્ટ ચાનાં પેકેટ તૈયાર મળે છે. ગરમ પાણીમાં ઠાલવી હલાવી કાઢવાનાં, ચા તૈયાર. તારે ઉઠીને તરત ચા જોઈએ છે અને મને પણ એ જ ટેવ છે. કાલે જ હું થોડાં પેકેટ લઈ આવેલો.'

અલયનું આ નવું સ્વરુપ હતું. ત્યાર બાદ ઉલુપી નાહીને નીકળી કે તરત એના નવા બુટ તૈયાર હતા. 'ડૉક્ટરે તને

ચાલવાનું કહ્યું છે એટલે કાલે તારે માટે હું સ્પોર્ટ સુઝ લઈ આવ્યો. તારી ચંપલ જોડે લઈ ગયેલો એટલે એ માપે લઈ આવ્યો. હું તો તૈયાર જ છું. ચાલ, આપણે બન્ને સવારના ઠંડા પહોરમાં ચાલવા જઈએ. નજીકમાં જ મન્દીર પણ છે. દર્શનેય કરતા આવીશું .'

બન્ને ફરીને આવ્યાં ત્યારે ઉલુપીનો પુજાપાઠનો સમય થઈ ગયો હતો. એ પુજાના રુમમાં ગઈ તો એના આશ્ચર્ય વચ્ચે મંદીરમાં નાનું ટેબલ મુકવામાં આવેલું. અલયે કહ્યું, 'ઉલુપી, હવે તું આ નાના ટેબલ પર બેસીને જ પુજા કરજે; પલાંઠી વાળીને નીચે બેસીને નહીં. હવે આ ટેબલ આપણી પુજાના રુમમાં જ રહેશે.

ઉલુપી જમીને ઉઠી કે તરત કામવાળી બાઈ આવી ગઈ. ઉલુપીએ કહ્યું, 'મેં કામ નથી બંધાવ્યું.' ત્યારે અલયે કહ્યું, 'હવેથી તારે કચરા–પોતાં કે વાસણ કરવાનાં નથી. કપડાં તો વોશીંગ મશીનમાં ધોવાય જ છે. તેથી જ મેં બાજુવાળાને કહેલું કે તમારી કામવાળી હવેથી અમારે ત્યાં પણ કાયમ માટે કામ કરશે. હવે આપણે એને છોડવાની નથી.'

ઉલુપીની આંખમાં આંસુ આવી ગયાં. એનો પતી આટલો બધો પ્રેમાળ હતો એની એને અનુભુતી થવા લાગી. પોતે તો પતીના વીશે એમ જ વીચારતી હતી કે એ એનામાં જ મસ્ત રહેનાર માણસ છે; પણ એ આટલો બધો પ્રમાળ છે એવી એને ક્યાં ખબર હતી ! ઉલુપીની આંખમાં આંસુ જોઈ અલયે કહ્યું, 'ઉલુપી, તું મનમાં કંઈ પણ ઓછું ન લાવીશ. હું તારે માટે કંઈ પણ કરું તે ઉપકાર નથી. નીવૃત્તી બાદ હું સતત જોતો રહ્યો

કે તું ઘરમાં કેટલું કામ કરે છે અને આખી જીન્દગી તેં મારા માટે કેટકેટલું કર્યું ! હું તો દર વર્ષે નફાનુકસાનનું સરવૈયું બનાવતો હતો; પરન્તુ જ્યારે મેં મારી જીન્દગીનું સરવૈયું બનાવવાનું વીચાર્યું ત્યારે ખબર પડી કે મેં તો તારે માટે, તારા સમર્પણના બદલામાં, કંઈ જ કર્યું નથી !

‘હવે ઉલુપી, મારે તો તારે માટે જીવવું છે. તને ભરપુર સુખ આપીને જીવવું છે. સરવૈયામાં બન્ને બાજુ સરખી હોવી જોઈએ. તેં તો જીન્દગીમાં બધાને બધું જ આપ્યું છે. માત્ર અમે જ તને કંઈ આપ્યું નથી. નીવૃત્તી પછીના મારા નીરીક્ષણે મને સમજાવ્યું કે સરવૈયું માત્ર ‘નફાનુકસાન’થી નથી બનતું; ઉત્તમ સરવૈયું બનાવવા માટે બન્ને પક્ષે ‘સમજણ’ હોવી જોઈએ. હવે મારે બન્ને બાજુ સરખી કરવી છે અને હવે મારે બનાવવું છે ‘સમજણ’નું સરવૈયું.’

–નયનાબહેન શાહ

લેખીકાસમ્પર્ક :

સી–102, હરીસાંઈ શરણમ્ ફ્લેટ્સ, કાના ગોલ્ડની બાજુમાં, વલ્લભ ફ્લેટ સામે, પ્રતાપનગર, ડભોઈ રીંગરોડ, વડોદરા–390 025 ફોન – (0265) 258 2218 ઈ–મેઈલ – bharatshah1953@yahoo.com

ફેબ્રુઆરી-2015ના ‘જનકલ્યાણ’ (‘જીવનલક્ષી માસીકપત્ર’ – સમ્પાદક : શ્રી દેવેન્દ્ર એલ. ત્રીવેદી; કાયમી ગ્રાહક સંખ્યા 31,168; ભારતમાં આજીવન લવાજમ રુપીયા 13,000; વાર્ષીક

લવાજમ રુપીયા 180; પરદેશમાં લવાજમ : વાર્ષીક લવાજમ– એરમેલથી : રુપીયા 2,000; આજીવન લવાજમ એરમેલથી રુપીયા 25,000 : સરનામું – 'પુનીત માર્ગ', નાથાલાલ જગડા પુલ નીચે, મણીનગર, અમદાવાદ 380 008; ફોન – 079–2545 4545; ઈ.મેલ : jankalyan99@yahoo.co.in)ના અંકમાંથી લેખીકાબહેનની અને પ્રકાશકશ્રીની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

@

2-327 : 26-07-2015

# આજની દ્રોપદી

- કુમુદ પરીખ

અનુક્રમણીકા

અમેરીકામાં વીક–એન્ડ આવે એટલે કાંઈક ને કાંઈક પ્રોગ્રામ હોય જ. કોઈકને ત્યાં જવું અથવા કોઈકને પોતાને ત્યાં બોલાવવું, ક્યાંક ફરવા જવું... આ બધું ચાલતું જ હોય.

એ રીતે આજે અમે પણ એક મીત્રને ત્યાં પાર્ટીમાં જવા તૈયાર થયાં. પહોંચીને જોયું તો બૅકયાર્ડમાં ખાવાપીવાનું ચાલતું હતું. ઝાકઝમાળ કપડાં પહેરીને યુવાન છોકરીઓ એકબીજા સાથે ગપ્પાં–ગોષ્ઠી કરતી હતી. હું પણ મારી પ્લેટ લઈને એ ટોળામાં વાતે વળગી.

એટલામાં મારી યજમાન ફ્રેન્ડ, આવી પહોંચી. મને પ્રેમથી આવકારી. એની સાથે વાતો કરતાં કરતાં મારી નજર સહેજ દુરના એક ટેબલ પર પડી. એક ગોરો અમેરીકન અને એક દેશીબાઈ બેઠેલાં દેખાયાં. એમની બાજુમાં બેઠેલી ૧૦–૧૨ વર્ષની બે નાની દીકરીઓ કાંઈક ખાતી હતી. દેશી બાઈના મોં પર કશો આનન્દ દેખાતો નહોતો.

‘પેલાં બે જણાં કોણ છે ?’ મેં મારી બહેનપણીને પુછ્યું.

‘એ તો મારી કઝીન છે. અમેરીકનને પરણી છે. તમે નથી ઓળખતાં ? ચાલો, ઓળખાણ કરાવું.’ અમે ત્યાં પહોંચ્યાં.

'નંદાબહેન, આ મારી કઝીન રાધા અને આ એના પતી માઈક. અને એમની બે દીકરીઓ. રાધા, આ મારી વર્ષો જુની બહેનપણી નંદા. બહુ જ સરસ લખે છે.' એક બીજાને મળ્યાનો આનન્દ અમે વ્યક્ત કર્યો. થોડી વાતચીત કરીને હું પાછી બીજા મીત્રોને મળવા પાર્ટીમાં ચાલી ગઈ.

રાધા અને એના અમેરીકન પતીના ટેબલ પાસે કોઈ ફરકતું નહોતું. એ એકલાં જ એમની બે બેબીઓ સાથે ત્યાં બેસી રહ્યાં હતાં. મારા મનમાં પણ એક મોટો પ્રશ્નાર્થ રોપાઈ ગયો… રાધાનો પતી અમેરીકન છે; છતાં આ દીકરીઓ પુર્ણ દેશી–ઈન્ડીયન કેમ લાગે છે ! મીશ્ર એટલે મીક્સ્ લગ્નોથી થયેલાં છોકરાં તો જુદાં જ હોય ! આ ભેદ જાણવા માટે મારું મન અધીરું થવા લાગ્યું. જમવાના ટાઈમે મારી પ્લેટ લઈને હું રાધા અને માઈકના ટેબલ ઉપર પહોંચી.

'હું બેસું તમારા ટેબલ ઉપર ?'

'બહુ ખુશીથી…' રાધા અને માઈકે આવકારી. વાતો કરતાં કરતાં અમે જમ્યાં. વાતવાતમાં ખબર પડી કે ગુજરાતમાં મારું અને રાધાનું ગામ એક જ છે. અમે બહુ ખુશ થયાં. મારા મનમાં જે કોયડો હતો એ વીશે તો કાંઈ વાત હું ન કરી શકી. અને એમ તરત થાય પણ કેવી રીતે !

જમી રહ્યા પછી રાધા ઉભી થઈ.

'નંદાબહેન, આ દીકરીઓ બહુ કંટાળી છે. માઈકને પણ સવારે વહેલા જવાનું છે. એટલે અમે જઈએ છીએ. કોઈક વાર તમે અમારા ઘરે આવો ને !' રાધાએ આગ્રહ કર્યો. હું પણ આ

www.gujaratilexicon.com

તકની જ રાહ જોતી હતી. અમે એકબીજાના ફોન નંબરની આપલે કરી.

ત્રણેક અઠવાડીયાં વીતી ગયાં. એક દીવસ મને બધું યાદ આવ્યું. મેં તરત રાધાને ફોન કર્યો. થોડી વાતો પછી રાધા બોલી :

‘નંદાબહેન, પરમ દીવસે શનીવાર છે. તમે કાંઈ ન કરતા હો તો આવોને અમારે ઘેર. બેસીશું થોડીવાર. આપણે સાથે લંચ લઈશું. માઈક કામે જવાનો છે. આવશો ?’

‘હા... જરુર મળીએ.’ મેં તક ઝડપી લીધી.

ડીસેમ્બરના કુણા તાપવાળો ખુશનુમા શનીવાર હતો. હું રાધાને ઘરે પહોંચી ગઈ. માઈક અને રાધાએ મને પ્રેમથી આવકારી. સુંદર ઘર હતું. બાગબગીચો પણ સરસ હતો. માઈક, રાધા અને હું લંચ લેવા બેઠાં. લંચ પછી માઈક એના કામે નીકળી ગયો. છોકરીઓ એમના રુમમાં કમ્પ્યુટર ઉપર મશગુલ હતી. હું અને રાધા વાતે વળગ્યાં. વાતો કરતાં કરતાં મારી નજર બૅકયાર્ડના દુરના ખુણામાં ગઈ. વ્હીલચેર ઉપર કોઈ બેઠું હોય એવું મને લાગ્યું. રાધાની નજર ચુકવીને મેં ફરીથી ધ્યાનપુર્વક જોયું. મને ખાતરી થઈ કે વ્હીલચેર ઉપર કોઈ વ્યક્તી છે જ. મને માત્ર પીઠ જ દેખાતી હતી.

‘રાધા, કોઈ મહેમાન આવ્યા છે ? પાછળ બૅકયાર્ડમાં કોઈ બેઠું લાગે છે.’

કોણ જાણે કેમ પણ થોડી ક્ષણો માટે રાધા એકદમ સંકોચાઈ ગઈ. પછી ધીમે રહી બોલી.

'ઓહ... વ્હીલચેર ઉપર છે એમની વાત કરો છો ? આવો બહાર, હું તમને ઓળખાણ કરાવું.' અમે બહાર બૅકયાર્ડમાં ગયાં. 'ગોપાલ...' રાધાએ એ વ્યક્તીને બોલાવી. ગોપાલે વ્હીલચેર ફેરવી. 'ગોપાલ, આ નંદાબહેન છે. દેશમાં આપણા ગામનાં જ છે. વર્ષોથી અમેરીકા આવી ગયાં છે એટલે આપણે ના ઓળખીએ.'

પછી બહુ જ ધીમા, દર્દભર્યા અવાજે રાધા મારા કાનમાં બોલી. 'નંદાબહેન, આ ગોપાલ મારા પુર્વપતી (Ex-husband) છે.'

Ex–husband ! આ શબ્દ સાંભળીને મને મનમાં ઉંડો આંચકો લાગ્યો. મારા કાન આ માનવા તૈયાર નહોતા. મારે શું સમજવું ? Ex–husband પણ સાથે જ, એક જ ઘરમાં રહે એવું મેં કદી સાંભળ્યું નહોતું. એમાંય આ તો ઈન્ડીયન સ્ત્રી છે ! આ તો કાંઈક અદ્ભુત, કાંઈક નવી જ કુટુમ્બવ્યવસ્થા મને લાગી ! મનમાં તો હું મુંઝાઈ હતી. પણ બહાર કશું દેખાવા દીધું નહીં. જાણે સાવ સ્વાભાવીક રીતે કરતી હોઉં એમ મેં નમસ્તે કર્યા. ગોપાલના હાથ અને પગ સાવ અપંગ થઈ ગયા હતા.

મને હવે ખ્યાલ આવી ગયો કે બન્ને દીકરીઓ ગોપાલથી જન્મી હશે.

થોડી વાતચીત પછી હું ઘરે આવવા નીકળી. એક લેખીકા તરીકે આખે રસ્તે મારા મનમાં 'રાધા... ગોપાલ... અને માઈકની આ જીવનવ્યવસ્થા' સમજવાની ઈંતેજારી ચાલુ રહી.

રાધાના ઘરે મારું આવવા જવાનું વધી ગયું. ગોપાલ સાથે, માઈક સાથે, એમની બે દીકરીઓ સાથે... બધા સભ્યો

સાથે મારે આત્મીય સમ્બન્ધો બંધાવા લાગ્યા. ખાસ તો ગોપાલને મારી સાથે વાતો કરવામાં કાંઈક આશ્વાસન અને કાંઈક શાન્તી મળતી. હું એ આખા કુટુમ્બ સાથે ભળી ગઈ.

એક દીવસ હું અને રાધા એકલાં બેઠાં બેઠાં ચા પીતાં હતાં. આ તકનો લાભ લઈને મેં વાત છેડી.

'રાધા, તને વાંધો ના હોય તો એક સવાલ પુછું ?'

'પુછોને... મને ખબર છે તમે શું પુછવા માંગો છો... છતાં પુછો ?'

'રાધા, તું માઈકને પરણી છે; છતાં ગોપાલ તારા ex–husband પણ તારી સાથે જ રહે છે... આ બધું તારા જીવનમાં શું ચાલી રહ્યું છે...? મને તો કાંઈ સમજાતું નથી !'

તરત જ રાધાની આંખમાંથી આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. મારા સહાનુભુતીભર્યા શબ્દોએ એનો ડુમો જાણે એકદમ ખોલી નાંખ્યો. એણે ચાનો કપ નીચે મુકી દીધો. મોં ઢાંકીને ધ્રુસકે ચઢી ગઈ. હું એની પીઠ પંપાળવા લાગી. થોડીવાર એને રડીને હલકી થવા દીધી.

'રાધા, સૉરી. તારે આ વીશે વાત ના કરવી હોય તો આપણે પડતું મુકીએ.'

'ના... ના... નંદાબહેન એવું નથી. મારે પણ તમારી સાથે વાત કરીને મારો બોજ હળવો કરવો જ હતો. સામાન્ય સ્ત્રીઓ કરતાં તમે મને કંઈક જુદાં અને જીવનની ગુંચવણોને સમજવાવાળાં લાગો છો. નંદાબહેન, હું લાગણીઓનાં વાવાઝોડાંમાં ફસાઈ ગઈ છું. શું કરવું એ મને સમજાતું નથી. મને કોઈ માર્ગ દેખાતો નથી. બધાંને ખુશ કરવા જતાં હું કોઈને

ખુશ રાખી શકતી નથી. મારા જીવનમાં બન્યું છે એવું કોઈ સ્ત્રીની જીન્દગીમાં નહીં બન્યું હોય. અને કદી બને નહીં એવું હું ઈચ્છું છું.'

'શું બન્યું છે એ મને વીગતવાર કહે.' મેં એનાં આંસુ લુછ્યાં.

'હાઈ સ્કુલમાં ભણતાં હતાં ત્યારથી હું અને ગોપાલ એક બીજા તરફ આકર્ષાયાં હતાં. હાઈ સ્કુલ પુરી કર્યા પછી હું ગામ પાસેની કૉલેજમાં ભણીને બી.એ. થઈ. ગોપાલ શહેરમાં જઈને એન્જીનીયર થયો. અમારું પ્રેમ પ્રકરણ ખાનગીમાં ચાલુ જ હતું. નંદાબહેન, કૉલેજના દીવસોમાં આ પ્રેમ પ્રકરણ કરવાની કેવી મઝા આવે નહીં !' રડતાં રડતાં રાધા થોડું હસી પડી. બે ક્ષણ માટે એની વેદના જાણે અદૃશ્ય થઈ ગઈ ! હું પણ હસી.

આંસુ લુછી એણે આગળ વાત ચાલુ રાખી.

'નંદાબહેન, પછી તો અમારાં ઘરવાળાએ અમને રાજીખુશીથી લગ્નની સમ્મતી આપી અને અમે પરણી ગયાં. અમેરીકાથી મારો ભાઈ લગ્નમાં આવેલો. એણે મારા માટે અમેરીકાનાં બધાં કાગળીયાં તૈયાર કરી અમને અમેરીકા બોલાવી લીધાં. અમેરીકામાં ગોપાલને ખુબ સારા પગારની નોકરી મળી ગઈ. મેં પણ કમ્પ્યુટરનો કોર્સ કરી લીધેલો એટલે મને પણ નોકરી મળી ગઈ. ભાઈ–ભાભીની મદદથી અમે સરસ ઘર ખરીદી લીધું અને અમારો ઢીંગલા–ઢીંગલીનો સંસાર શરુ થયો. નર્યું સુખ ચારે તરફ પથરાયેલું હતું. એમાં ચાર વરસના ગાળામાં વધારો થયો આ બે રુપાળી દીકરીઓનો. ગોપાલ તો આ છોકરીઓ પાછળ પાગલ છે. એને એ જીવથી પણ વધારે

વહાલી છે. અમારી પાસે સારું એવું સેવીંગ્સ પણ થઈ ગયું. મને તો લાગતું હતું કે સ્વર્ગ અમારી પાસે જ છે. દર વીક એન્ડમાં ક્યાંકને ક્યાંક હરવા–ફરવા જવું, ગુજરાતી સમાજના કાર્યક્રમોમાં જવું, બીજા ધાર્મીક પ્રસંગોમાં ભાગ લેવો... આ બધું કરવાની બહુ મઝા આવતી. અમારું મીત્રમંડળ પણ ઘણું મોટું થઈ ગયું હતું. ગોપાલ સમાજની પ્રવૃત્તીઓમાં આગળ પડતો ભાગ લેવા માંડેલો.

‘સદ્ભાગ્યે અમારાં અમેરીકન પાડોશીઓ, માઈક અને જીના પણ એટલાં જ પ્રેમાળ અને માયાળુ નીકળ્યાં. અમારી દીકરીઓને ખુબ વહાલ કરવા લાગ્યાં. એમને એકે સંતાન નહોતું એટલે અમારી દીકરીઓને જ જાણે પોતાની દીકરીઓ માનવા લાગ્યાં. અમારા બન્ને ફેમીલી વચ્ચે બહુ નીકટતાનો નાતો બંધાઈ ગયો. દીકરીઓને જાણે કે બે પેરેન્ટ્સ્ (parents) અને બે ઘર મળી ગયાં ! માઈક અને ગોપાલની દોસ્તી ખુબ ઘનીષ્ઠ બની ગઈ. એક બીજાના બૅકયાર્ડમાં, એક બીજાની કાર ઉપર કે ઘરના કોઈ પ્લમ્બીંગની તકલીફ વખતે બન્ને સાથે જ રહેતા.

‘એવામાં માઈકની પત્ની જીના માંદી પડી. થોડા દીવસ તો નાનીમોટી દવાઓ કરી. પણ પછી એમાંથી એને ન્યુમોનીયા થઈ ગયો અને જીના અમારી વચ્ચેથી ચાલી ગઈ. માઈકનું તો જાણે કાળજું કપાઈ ગયું ! અમને બધાને પણ જબરો આઘાત લાગ્યો.

'હું અને ગોપાલ માઈકને બને એટલી કંપની આપી, એની એકલતા ટાળવા પ્રયત્ન કરતાં. છોકરીઓ પણ માઈક અંકલને ખુશ રાખવા મથ્યા કરતી.

'સમય ક્યાં બેસી રહે છે ! પાંચ વર્ષનો ગાળો વીતી ગયો. તકદીરે હવે મારા ઉપર વજ્રનો ઘા કર્યો. જાણે ઓચીંતી વીજળી મારા માથા ઉપર ત્રાટકી.

'એક સાંજે ગોપાલને ઑફીસમાંથી ઘરે આવતા વાર થઈ. હું આતુરતાથી એની રાહ જોતી હતી. ત્યાં પોલીસનો ફોન આવ્યો કે એને ભયંકર એક્સીડન્ટ થયો છે અને ઈમરજન્સીમાં દાખલ કર્યો છે. ડ્રાઈવ કરીને હૉસ્પીટલમાં જવા જેટલા હોશ મારામાં નહોતા. તરત મેં માઈકને ફોન કર્યો. એણે તરત ગાડી બહાર કાઢી અને હું તથા છોકરીઓ હૉસ્પીટલે પહોંચ્યાં. ડૉક્ટરો અને નર્સો પુરેપુરી કોશીશ કરી રહ્યાં હતાં. થોડા કલાક પછી અમે ગોપાલને જોઈ શક્યાં. મારા ભાઈ–ભાભી પણ ત્યાં આવી પહોચ્યાં હતાં. ગોપાલ હજુ બેહોશ હતો. ડૉક્ટરોએ આઘાતજનક સમાચાર આપ્યા કે ગોપાલને 'સ્પાઈનલ ઈન્જરી' થઈ છે. એટલે હવે એના હાથ તથા પગ બન્ને અપંગ થઈ જવાની પુરી શક્યતા છે. અને એવું જ થયું. ગોપાલ જ્યારે ઑપરેશનના ઘેનમાંથી બહાર આવ્યો અને એને જાણ થઈ કે પોતાના હાથપગ નકામા થઈ ગયા છે ત્યારે એનું કલ્પાંત મારાથી જોયું જતું નહોતું.

'ત્રણ મહીને ગોપાલ હૉસ્પીટલમાંથી ઘરે તો આવ્યો; પણ વ્હીલચેર ઉપર આવ્યો. મારા સંસારનું એક ચક્ર સાવ ભાંગી ગયું !. મારા માથે અચાનક જ મોટો બોજ આવી પડ્યો.

ગોપાલ શરીર અને મનથી સાવ તુટી પડ્યો હતો. એ પોતે પોતાની આ હાલત સહન કરી શક્યો નહોતો. હું એને બહુ સાંત્વન આપ્યા કરતી...

'ગોપાલ, તું જીવતો આવ્યો એ જ મારા માટે તો કીમતી વસ્તુ છે. મારા હાથપગ એ તારા જ હાથપગ છે ને ! તું આમ હીમ્મત ના હારીશ !'

'હું તનમનથી ગોપાલની કાળજી કરવામાં લાગી ગઈ. મારા માતાપીતા પણ ઈન્ડીયાથી એને મળવા આવી ગયાં. ગોપાલને ઓછું ના આવે એ રીતે અમે સૌ એની કાળજી રાખવા લાગ્યાં.

'માઈક પણ સતત એની સાથે રહેતો અને હીમ્મત આપ્યા કરતો. બહાર નાનાંમોટાં કામમાં માઈક ખુબ મદદ કરવા લાગ્યો. ઘરના રોજીન્દા કામ ઉપરાંત ગોપાલની સેવામાં હું સતત પરોવાએલી રહેતી. સાંજ પડે બહુ થાકી જતી. દીકરીઓ સાથે પણ જોઈએ એટલો સમય કાઢી શકતી નહીં. આ કટોકટીના કાળમાં માઈક સતત અમારા આખા ફેમીલીની પડખે ખભેખભો ભીડાવીને ઉભો રહ્યો. ગોપાલ તો આંસુભીની આંખે માઈકને ઘણી વાર કહેતો : 'માઈક, તું ના હોત તો અમારું શું થાત ? તારો આ સાથ, સહકાર અને ઉપકાર કદી નહીં ભુલાય.'

'એકાદ વર્ષ વીત્યું. હવે આર્થીક ભીંસના આકરા દીવસો શરુ થયા. સેવીંગ્સ ક્યાં સુધી ચાલે ? ઘર બહુ મોટું હતું એટલે એનું મોરગેજ પણ ભારે પડવા માંડ્યું. અમે નીર્ણય લીધો કે આ ઘર વેચીને નાનું ઘર લેવું. સારા પાડોશી ગુમાવ્યાનો માઈકને મનમાં બહુ રંજ થવા લાગ્યો. પણ બીજો કોઈ રસ્તો નહોતો.

થોડા દીવસમાં નજીકમાં જ, એક નાનું ઘર મળી પણ ગયું. અમને મુવ કરવાની બધી જ વ્યવસ્થા માઈકે કરી અને અમે નાના ઘરમાં રહેવા આવી ગયાં. અમારી આ આર્થીક પડતી ગોપાલથી સહન થતી નહોતી. એની બળતરા, એની વ્યથા હું અનુભવી શકતી હતી. એ સદા ઉદાસ રહ્યા કરતો. હું એને બહુ સમજાવ્યા કરતી; છતાં એનું મન માનતું નહીં.

‘એક રવીવારની બપોરે ચાનો કપ લઈને હું એની પાસે ગઈ. એ સુમસામ એની વ્હીલચેરમાં બેઠો હતો.

‘ગોપાલ, શું થયું છે ? આજે સવારથી તું એક અક્ષર પણ બોલ્યો નથી. આમ કંટાળવાથી કેમ ચાલશે ? શું થયું છે મને કહે.’

‘બહુ વીનવ્યા પછી ગોપાલ બોલ્યો : ‘હું જે કહું, તે કરવાનું તું પ્રોમીસ આપે; તો હું કહું.’

‘ગોપાલ, હું તારી પત્ની છું. તન, મન, ધનથી શક્ય હોય તે બધું જ હું કરવા તૈયાર છું. બોલ, શું છે ?’

‘એમ નહીં.. પ્રોમીસ આપ.’

‘સારું ચાલ... પ્રોમીસ... હવે બોલ.’

‘ગોપાલે બોલવાનું શરુ કર્યું. એના મોંમાંથી જે શબ્દો નીકળવા માંડ્યા એ મારા હૈયાને દઝાડવા માંડ્યા. હું ખુબ ગુસ્સે થઈ ગઈ. પહેલા તો એણે માઈકના બહુ વખાણ કર્યાં. માઈક કેવો ભલો, પરગજુ, ઉદાર અને આપણા કુટુમ્બ માટે કેટલો ઉપયોગી માણસ છે એ બધુ કહેવા માંડ્યો. બન્ને દીકરીઓ પણ માઈક અંકલને કેટલી ચાહે છે એની વાત કરી. પછી એણે ધડાકો કર્યો.

'રાધા, તારે પૈસા અને પુરુષની જરુર છે. પ્રમાણમાં તારી ઉમ્મર હજુ નાની છે. જીન્દગી હજુ બહુ લાંબી છે. હું તો તને હવે કાંઈ જ ઉપયોગી નથી રહ્યો. ઉલટાનો બોજારુપ બની ગયો છું. હું તારી આ લાચારી જોઈ શકતો નથી. એકલા હાથે દીકરીઓ ઉછેરવી અને સંસારનો બોજ ઉઠાવવો એ સહેલી વાત નથી. આ અપંગતા કરતાં હું એ એક્સીડન્ટમાં મરી ગયો હોત તો સારું હતું. મારા મનમાં એક વીચાર, એક વાત બહુ વખતથી ઘુમરાયા કરે છે. તે હવે તને કહું... તું મને કોઈ નર્સીન્ગ હોમમાં રહેવાની વ્યવસ્થા કરી આપ અને માઈક સાથે પરણીને સંસાર પુરો કર. એના જેવો સુપાત્ર પુરુષ તને નહીં મળે. તું કહે તો હું જ એને આ વાત કરું.'

'ગોપાલ, તને શરમ નથી આવતી આવી વાત કરતાં ?' હું લાલપીળી થતી એની પાસેથી ઉભી થઈ ગઈ. એ રાત્રે, એને પથારીમાં સુવાડી આખી રાત એની બાજુમાં સુતી સુતી હું રડતી રહી. એની સાથે મોડે સુધી આ બાબત ખુબ ઝઘડી. એ મને આશ્વાસન આપતો રહ્યો.

'કોણ જાણે ગોપાલના મનમાં શું ભરાઈ ગયું હતું ! એ રાતદીવસ મને આ જ વાત કર્યા કરતો. મારા ગુસ્સાની કે મારી અકળામણની પરવા જ નહોતો કરતો. એની એક જ દલીલ હતી કે be practical. એની દલીલોને હું પહોંચી વળતી નહોતી. આખરે એક દીવસ એ મારી પાસે 'હા' પડાવીને જ જંપ્યો. તરત બીજા જ દીવસે એણે માઈકને પણ વાત કરી દીધી. માઈકને પણ જબરો આંચકો લાગ્યો.

'એ જ દીવસે માઈકનો મારી જોબ ઉપર ફોન આવ્યો.

‘રાધા, તારી જૉબ ઉપર ફોન કરવા બદલ માફી માંગુ છું; પણ એવું કાંઈક બન્યું છે કે તારી સાથે વાત કર્યા વીના છુટકો નથી.’

‘શું બન્યું છે ?’

‘આ ગોપાલ કેવી વીચીત્ર વાત કરી રહ્યો છે એ તને ખબર છે ?’

‘મારી આંખમાં આંસુ ધસી આવ્યાં. અવાજ ગળગળો થઈ ગયો. મેં કહ્યું, ‘હા... મને ખબર છે. પણ આ અંગે અત્યારે હું વધારે કંઈ વાત કરી શકું એમ નથી.’

‘હું સમજું છું... ભલે... પછી વાત કરીશું.’ માઈકે ફોન મુકી દીધો.

‘માઈક સાથે લગ્ન કરી લેવાના ગોપાલે મારા મગજમાં ઘુસાડેલા કીડાને લીધે માઈક તરફની મારી દૃષ્ટીમાં પણ જાણે કાંઈક વીચીત્રતા આવી ગઈ. મનમાં ને મનમાં ગુસ્સે થઈને હું ખુબ અકળાઈ.

‘બીજા દીવસે ગોપાલને થેરપી માટે હું અને માઈક એને હૉસ્પીટલમાં લઈ ગયા. અન્દર ગોપાલની થેરપી ચાલતી હતી ત્યારે બહાર લૉબીમાં બેસીને માઈકે વાત કાઢી.

‘રાધા, આ ગોપાલે શું ધાર્યું છે !’

‘માઈક, મને કંઈ સમજાતું નથી. એ તો થોડા દીવસથી આ બાબતની જીદ લઈને બેઠો છે. હું શું કરું ?’

‘એણે મને તો એવું કહ્યું કે તું પણ એમાં સમ્મત થઈ છે.’

'એની જીદ આગળ હું કરું પણ શું ? I am very sorry that he is putting you also through this weird notion. માઈક, ગોપાલને મારા અંતરના ઉંડાણથી ચાહું છું. ચાહતી આવી છું અને ચાહતી રહીશ. નર્સીન્ગ–હોમમાં જવાની એની વાતથી તો હું એના પર બહુ ખીજાઈ છું. એ મારાથી કદી બને જ નહીં. મારો જીવ ત્યાં એ નર્સીન્ગ હોમમાં જ રહે.'

'રાધા, થોડા દીવસ ધીરજ રાખ. ગોપાલ જેવો એકદમ શક્તીશાળી માણસ આમ એકાએક સાવ ઉપયોગ વગરનો બની જાય ત્યારે ડીપ્રેસ થઈ જાય. આપણે એને ધીમેધીમે પાછો આનન્દી મુડમાં લાવી દઈશું. પછી એવું બોલતો બંધ થઈ જશે.'

'I hope કે તમારા શબ્દો સાચા પડે. બાકી હું એને ઓળખું છું. આ લગ્નનું પુંછડું એ પકડી ના રાખે તો સારું. હા, એનું  મોઢુ બંધ કરવાનો એક રસ્તો છે.તમારે સંમત નહીં થવાનું... સ્પષ્ટ ના પાડી દેવાની.'

'હા, બરાબર છે. હું મક્કમતાથી એને 'ના' પાડી દઈશ.'

'માઈકના અવાજમાં મને કંપારી સંભળાઈ. એની આંખના ખુણા સહેજ ભીના થતા દેખાયા.'

'માઈક, શું થયું ?'

'કાંઈ નહીં રાધા. જ્યારથી ગોપાલે આ લગ્નની વાત કરી છે ત્યારથી મારા મનમાં વીચારોનાં વાવાઝોડાં શરુ થયાં છે. ક્યારેક વળી મેઘધનુષના રંગો દેખાય છે... બે દીકરીઓ... તારા જેવી રુપાળી અને સુશીલ પત્ની... આ બધું જાણે ઉપરવાળો ભગવાન મારા ખોળામાં નાખવા માંગતો હશે..!? કંઈ નહીં... રાધા, જવા દે. એક તરફ તું, બીજી તરફ મારા

જીગરી દોસ્ત ગોપાલે પોતે છેડેલી આ લગ્નની વાત… મારે શું કરવું જોઈએ ? પ્લીઝ રાધા, મારા વીશે કોઈ ખોટો અભીપ્રાય બાંધી ના બાંધી લઈશ.'

'એટલામાં, ગોપાલને લઈને નર્સ બહાર આવી. માઈકે ઉભા થઈને તરત ગોપાલની વ્હીલચેર સંભાળી લીધી. અમે ઘરે આવી ગયાં. તરત ગોપાલે એની એ જ વાત કાઢી.

'રાધા, માઈક સાથે તે વાત કરી ?'

'ગોપાલ પ્લીઝ, તું આ તારું પાગલપણ છોડ.'

'રાધા, આ પાગલપણ નથી. It is a reality of life. મારી અપંગ હાલતમાં હું તારી જીન્દગીનો વીચાર ના કરું તો હું મહાસ્વાર્થી ગણાઉ. હું એવો નથી. હું જ હવે માઈક સાથે તારી હાજરીમાં વાત કરીશ.'

ગોપાલે બીજે દીવસે મને અને માઈકને ભેગાં કર્યાં. વાતો થઈ. ચર્ચાઓ થઈ. દલીલો થઈ. હું તો રડારડ કરીને દલીલો કરતી હતી. પણ ગોપાલ એની વાતમાં અડગ રહ્યો. ખુબ મક્કમ રહ્યો. આખરે હું અને માઈક સમ્મત થયાં. પણ માઈકે તદ્દન કલ્પના બહારની એક શરત મુકી.

'ગોપાલ, હું રાધા સાથે લગ્ન કરવા તૈયાર છું. પણ એક શરતે. તારે સદાને માટે અમારી સાથે જ રહેવાનું. નર્સીન્ગ હોમમાં જવાની વાત પણ નહીં કરવાની. You are my buddy. ઉપરાંત તું તો એક મહા ત્યાગી, વીર જેવો મને લાગે છે. હું તને નહીં છોડું. તારી બધી સાર–સંભાળ, સેવા ચાકરી હું અને રાધા કરીશું. છે શરત મંજુર ?'

'ગોપાલની આંખમાં આનન્દના આંસુ આવ્યાં. એ સંમત થયો. નંદાબહેન, હું આ બે પુરુષોની મહાનતા વચ્ચે ફસાઈ ગઈ. મને બન્ને બહુ વીશીષ્ટ પુરુષો લાગે છે.' નંદાબહેન, મારા જીવનની એક સૌથી વધારે કરુણ પળ હું કદી નહીં ભુલું ...'

'કઈ પળ ? મેં પુછયું.'

'નકકી કર્યા પ્રમાણે, બીજા દીવસે વકીલની મદદથી માઈક; ગોપાલના અને મારા ડીવોર્સ પેપર તૈયાર કરાવી લાવ્યો. કાગળીયાં મારા હાથમાં મુકીને તરત જ ચાલ્યો ગયો.

'મેં ગોપાલને પેપર્સ બતાવ્યાં. ગોપાલે એના ધ્રુજતા હાથે પેપર ઉપર સહી કરવાની તૈયારી કરી. એ વખતે મારા મોંમાંથી ચીસ પડી ગઈ હતી. હું ગોપાલને વળગી પડેલી. 'ગોપાલ, આ બધું શું થઈ રહ્યું છે ?'

'ત્યાર પછીના અઠવાડીયે ચર્ચમાં તદ્દન સાદાઈથી અમે લગ્ન કરી લીધાં. માઈક દીકરીઓને લગ્નમાં હાજર રાખવા આગ્રહ રાખતો હતો. દીકરીઓને કે ગોપાલને ત્યાં હાજર રાખવા મારું મન માન્યું નહીં. માઈક મને વીંટી પહેરાવતો હતો ત્યારે મને તો જાણે કશું ભાન પણ નહોતું. અમારાં લગ્નની વાત આપણા સમાજમાં ફેલાતાં અમારું મીત્રમંડળ તુટતું ગયું. કોઈએ અમારો સ્વીકાર કર્યો નહીં. સમાજ અને મન્દીરની પ્રવૃત્તીઓમાં પણ આવકાર મળતો બંધ થઈ ગયો. મને બહુ લાગી આવે છે... પણ શું કરું ! હા, માઈકના ચર્ચમાં અને એના સગાં સમ્બન્ધીઓમાં અમને સ્થાન મળ્યું.

'લગ્ન પત્યાં અને માઈક સાથે મારો નવો સંસાર શરુ થયો. બે પુરુષો વચ્ચે જીવવાની મારી જીન્દગી શરુ થઈ.

શરુઆતનાં થોડાં અઠવાડીયાં તો હું સાવ લાગણી શુન્ય બની ગઈ હતી. લગ્નની રાતે રોજની ટેવ પ્રમાણે મેં ગોપાલને બેડમાં ચઢાવ્યો. એની બાજુમાં હું સુવા જતી હતી, ત્યાં ખ્યાલ આવ્યો કે માઈક એના બેડરુમમાં મારી રાહ જોતો હશે. હવે મારી ફરજ બદલાઈ હતી. મારું હૈયું ચીરાયું. ડુમો ભરાઈ આવ્યો. પણ મેં ખુબ સંયમ રાખ્યો. એના કપાળ ઉપર ગાઢ ચુંબન કર્યું, આંસુ ભરી આંખે એના માથા ઉપર હાથ ફેરવ્યો. ધીમે રહી એને બ્લેન્કેટ ઓઢાડીને હું રુમમાંથી બહાર નીકળી. માઈકની રુમમાં આવી છુટે મોઢે રડી પડી. માઈકે મને ખુબ આશ્વાસન આપ્યું. મને લાગતું હતું કે ગોપાલની જીદ આગળ નમતું મુકીને આ લગ્ન કરવાનું મેં પગલું લીધું એમાં બહું મોટી ભુલ કરી છે. મહીનાઓ સુધી મારી આ હાલત રહી. માઈકને હું કશું સુખ આપી શકતી નહોતી. પરન્તુ માઈક બહુ સમજદાર અને ધીરજવાળો પુરુષ છે. મારી આ ડાલમડોલ હાલતમાં એણે મને બહુ પ્રેમથી સાચવી લીધી.

‘હું માઈકથી ટેવાવા લાગી. એનો સ્વીકાર કરવા લાગી. ગોપાલની અંગત કાળજી – એને નવરાવવો, કપડાં પહેરાવવાં, સંડાસમાં બેસાડવો, જમાડવો આ બધું હું અને માઈક બહુ ભક્તીથી કરતાં. મારા કરતાં માઈક જ વધારે કરતો. પણ ગોપાલ તો એ કામની બધી અપેક્ષા મારી પાસેથી રાખતો. એ બોલતો નહીં; પણ એના હાવભાવ અને એના વર્તનથી હું સમજી જતી. ક્યારેક વળી એવું પણ બનતું કે હું ગોપાલ પાસે બેઠી હોઉં અને માઈક એના કામેથી ઘરે આવે, ત્યારે હું એને

ચા–કોફી કે ડીનર પીરસવામાં લાગી જતી, તો એ ગોપાલને ગમતું નહીં.

'સાંજે કામ ઉપરથી આવેલા માઈક માટે એને ગમતી કૉફી બનાવીને એની પાસે ના બેસું તો એ બોલી જતો કે 'આખો દીવસ તો તું ગોપાલ પાસે જ હોય છે... હું આવું ત્યારે થોડો વખત પણ મારા માટે નહીં ?'

'નંદાબહેન, હું શું કરું ! માઈક પણ આખરે મારો પતી તો ખરો જ ને !' રાધાની આંખોમાં નરી વેદના ભરાઈ આવી.

'નંદાબહેન, હવે માઈકના મનમાં પણ એવું ભરાઈ ગયું છે કે હું આખો વખત ગોપાલની સેવામાં જ રહું છું અને એનો તો કાંઈ વીચાર જ કરતી નથી. એટલે હવે એ પણ મારા પર નારાજ રહ્યા કરે છે.

'સૌથી વધારે દુ:ખદ આઘાત મને ગયા અઠવાડીયે લાગ્યો. હું ઉદાસ થઈને એકલી બેઠી હતી. મારી મોટી દીકરી આવી. એ હવે કૉલેજના પહેલા વર્ષમાં છે. સમજણી થઈ છે. એ મારી પાસે બેઠી. હવે કદાચ એ મારી ઉદાસીનતાની, મારી નીરાશાની હાલત સમજી શકશે એવું મેં માન્યું. આ રીતના લગ્નથી હું કેવી લાગણીઓનાં વાવાઝોડાંમાં ફસાઈ ગઈ છું... એ બધી વાત મેં એને કરી. એની પાસેથી હુંફના બે શબ્દોની બહુ આશા હતી. પણ એણે તો ફ્ટ કરતો જ ઠંડોગાર જવાબ આપ્યો... "Mom you should not have done it in the first place. But it is too late now. I still love you mom." આ રીતનો લાગણીહીન જવાબ આપી એ રસોડામાં કંઈક ખાવા ચાલી ગઈ.

'નંદાબહેન, આ લોકો મારી છાતી ચીરીને જોઈ શકતા હોય તો એમને અંદર દેખાય કે હું કોઈને પક્ષપાત કરતી નથી. બધાંને સરખો જ પ્રેમ આપવા હૈયું તોડ્યા કરું છું. છતાં આ લોકો અંદરોઅંદર એક બીજાની ઈર્ષ્યા કરે છે અને મને પક્ષપાતી માની બેઠાં છે. મને કોણ ન્યાય આપે ! ગોપાલની જીદને હું વશ થઈ ગઈ, એ મોટી ભુલ કરી બેઠી.'

રાધાનું આ મનોવેદનાભર્યું મનોમંથન હું સાંભળતી જ રહી. આ રીતની પરીસ્થીતીમાં મુકાયેલી, આવા ધર્મસંકટમાં ફસાયેલી, સ્ત્રીને હું આજ સુધી કદી મળી નહોતી.

–કુમુદ પરીખ

(કેલીફોર્નીયા, અમેરીકામાં ચાર દાયકાથી રહેતા શ્રી. આનન્દરાવ લીંગાયત (gunjan.gujarati@gmail.com) સુપ્રતીષ્ઠીત વાર્તાકાર અને ભાષાન્તરકાર છે. 'ગુંજન' નામનું ગુજરાતી દ્વૈમાસીક પ્રકાશીત કરી સૌ ગુજરાતી પરીવારોને તેઓ મફત વહેંચે છે. વીદેશમાં વસી ગુર્જરગીરાનો દીપ રોશન રાખનાર સૌ ગુજરાતીપ્રેમીઓને સલામ !)

આ વાર્તાનું કેવું નસીબ ! લેખીકાએ વાર્તા લખી ત્યારે એનું શીર્ષક હતું 'સાવકો બાપ'. 'ગુંજન'માં નવેમ્બર 2005માં તે પ્રકાશીત થઈ ત્યારે આ જ વાર્તાનું નામ હતું 'મારા Ex-Husband' અને આજે 2015માં 'સન્ડે ઈ.મહેફીલ'માં એ પ્રકાશીત થઈ રહી છે ત્યારે તે, વલસાડનાં બહેન આશા વીરેન્દ્રે વહાલથી સુચવેલા 'આજની દ્રૌપદી'ના નામે !

આ વાર્તા અમેરીકાસ્થીત બહેન કુમુદ પરીખે લખી છે. સમાજના પ્રશ્નોને રોચક વાર્તા દ્વારા કલાત્મક રીતે સમાજ સામે રજુ કરવાનો તેમનો આ કસબ દાદ માગી લે તેવો છે. વાર્તા મોકલવા બદલ ભાઈ આનંદરાવનો આભાર.. અને 'સ.મ.'માં તે પ્રકાશીત કરવાની પરવાનગી માટે પણ લેખીકાબહેન અને પ્રકાશકશ્રી બન્નેનો ખુબ આભાર...

આ વાર્તાનું શીર્ષક 'આજની દ્રૌપદી' સુચવવા બદલ વલસાડનાં બહેન આશા વીરેન્દ્ર (avs_50@yahoo.com)નો પણ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખીકા–સમ્પર્ક :

Kumud Parikh

Address:

1998-Calafia St.,Glendale, California -USA

Phone : 818-243-1405 eMail : kumudpari@yahoo.com

3-328 : 09-08-2015

# ગઝલ

– સ્નેહી પરમાર

અનુક્રમણીકા

.1.

વાત અસલ, કાગળમાં આવે,
શબ્દો ત્યાં તો વચમાં આવે.

એનાથી મોટો કયો વૈભવ?
તડકો સીધો ઘરમાં આવે !

ભીતર ભીનું સંકેલો ત્યાં,
આંખોમાંથી પડમાં આવે.

સાર બધા ગ્રંથોનો એક જ,
પાથરીએ તે પગમાં આવે.

તો માથે મુકીને નાચું,
ઘટ-ઘટમાં તે ઘટમાં આવે.

પકડ્યો છે પડછાયો સાધો !
અજવાળું શું બથમાં આવે.

.2.

તો જ થશે બસ, ઝાંખી સંતો,
દુર હટે બારાતી, સંતો.

ભોમ નથી ખેડાતી, સંતો,
ચાલે કાયમ સાંતી, સંતો.

સમજણમાં ન આવી સ્હેજે,
ઉલટ-સુલટની બાજી, સંતો.

ચાલે છે તે માત્ર પથીક છે,
અટકે તે અભ્યાસી, સંતો.

ભરચક બેઠા ખુણે જઈ ને,
ખખડે છે તે ખાલી, સંતો.

જન્મારાની ગુંચ ઉકેલી,
પાડી દેજો પાંથી, સંતો.

.3.

ચામડીને ચંદ્રમુખી કહી અને ફુલવી શકો,
ચામડીની જાત પુછી લો અને મુંઝવી શકો.

લો કહો, આ ચામડી વસ્ત્રો નથી તો બીજું શું?
ચામડી પહેરી શકો, ધોઈ શકો, સુકવી શકો.

કોઈ ને પણ ના ખબર એના અસલ નીર્માણની,
તે છતાં પણ ચામડીનો જન્મદી' ઉજવી શકો.

ચામડીમાં ચામડીનું બીંબ આબેહુબ મળે,
એ રીતે ઉટકો તમે જો એ રીતે ઉટકી શકો.

ચામડીની સાત પેઢીમાં નથી કોઈ ભણ્યું,
તે છતાં એવી લખે હુંડી તમે ચુકવી શકો.

એક ટચલી આંગળીએ ઉંચકો પર્વત કદી,
એક દી' એવું બને, ના ચામડી ઉંચકી શકો.

.4.

રમણાઓ રસઘેલી લઈને ઉડવાનું છે,
માથે મધની થેલી, લઈને ઉડવાનું છે.

આળી આળી પાંખો ને ખરબચડું નભ છે,
ઉડવાની મુશ્કેલી લઈને ઉડવાનું છે.

રજકણ, ધુમ્મસ બાદ હવે છે સાતમો કોઠો,
ઝરમર ઝરમર હેલી લઈને ઉડવાનું છે.

ઉડવું તો છે હળવા ફુલ થાવાની ઘટના,
જંગ એ કપરો ખેલી લઈને, ઉડવાનું છે.

'સ્નેહી' આનંદથી રહેજો કહી ચાલ્યા અહીંથી,
મારે પાંખ સંકેલી લઈને ઉડવાનું છે.

.5.

કાયમ થાતું સાવ નકામાં ખાલે વળગ્યાં ખોલાં છે,
ઠેશું વાગી તો સમજાણું, નખ તો બહુ અણમોલા છે.

મારા ઘરમાં આવી ગયા છે તો પણ થરથર કાંપે છે,
મારા પગ છે કે બીલ્લીના મુખથી છટક્યા હોલા છે?

સુતેલા માલીકની પાસે જઈ લારીએ પુછ્યું 'તું,
ગાલ ઉપર આ શું ઢોળાણું? આ શેના હડદોલા છે ?

એને લીધે થોડાં ઓછાં પાપ થયાં છે સાંજ લગી,
સારું છે કે પગના તળીયાં વચ્ચે થોડાં પોલાં છે.

આ સામે એક વૃક્ષ ઉભું છે તેને થોડા પડવાના ?
પગ પામ્યા છો, વહન મળ્યું છે તેથી આ ફરફોલા છે.

.6.

ના જ્ઞાનપીઠની છે, ના ઓસ્કારની છે,
મારી કલા અધુરાના ઓડકારની છે.

પથ્થર છું, સ્હેજ ચોખ્ખું થાવાની છે તમન્ના,
ના શાલીગ્રામની છે, ના ગંગધારની છે.

'શબરી' લખું તો ફોગટમાં નેજવાં ન કરજો,
મારી નજર બીજાથી નોખા પ્રકારની છે.

ઈચ્છાનું પેટ, તો પણ ખેતરથી કેમ મોટું ?
આ જીવની જરુરત મુઠ્ઠી જુવારની છે.

એને મલમ લગાવે એવી કલમ બતાવો,
મારી નજરની સામે ભઠ્ઠી લુહારની છે.

.7.

થર થર થાતી કુંપળ પર અટકેલું પાણી પીધું છે,
હું બડભાગી છું મેં પહેલું-વહેલું પાણી પીધું છે.

હું કહું છું કે હમણાં હમણાં યાદ નથી રહેતું કંઈ પણ,
લોકો કહે છે કે મેં તારું એઠું પાણી પીધું છે.

તોય પથારીવશ છે, ના જાણે એને શું થઈ ગ્યું છે !
જે આંખોએ બચપણથી નવશેકું પાણી પીધું છે.

મોતી પાકે તે આશે, તળ છોડી દે તે બીજા હો,
તળીયે આવી પાએ એવા મે'નું પાણી પીધું છે.

કેવી રીતે નોખા પડીએ હું ને મારી પ્યાસ, કહો !
એક જ ખોબામાંથી ભેગું ભેગું પાણી પીધું છે.

પાણી પરની ગઝલ સુણીને તમને એવો પ્રશ્ન થયો ?
ક્યાંનું પાણી પીધું 'સ્નેહી' ? કેવું પાણી પીધું છે !

.8.

લોક રાખે છે શેષ મંદીરમાં,
મેંય રાખી છે ઠેશ મંદીરમાં.

હોય ગુંબજ થવાની ઈચ્છા તો,
પામશો ના પ્રવેશ મંદીરમાં.

www.gujaratilexicon.com

દુધ બાળક કનેથી છીનવીને,

ગણ ઉમટ્યો ગણેશમંદીરમાં.

હોય નકશા–નીશાન નક્કી તો,

ઉઘડે છે વીદેશ મંદીરમાં.

સારું–નરસું સમજની બાબત છે,

જ્યોત ઝળકે છે મેશ મંદીરમાં.

.9.

જેમણે તકતીઓ ચોડી હોય છે,

એમણે ભીંતોય તોડી હોય છે.

જેમણે ઈચ્છાઓ છોડી હોય છે,

એમની હાલત કફોડી હોય છે.

ભીંતને પણ કાન હો તો શું થયું?

ભીંતને કંઈ જીભ થોડી હોય છે ?

દર્પણો ખામી બતાવી ના શકે,

જેમની પાસે હથોડી હોય છે.

એનો પડછાયો સમષ્ટીમાં પડે,
જે ધજા ભીતરમાં ખોડી હોય છે ....

.10.

એકના બે ન થાય એવાં છે,
તોય મોહી પડાય એવાં છે.

હાથ ઝાલે તો એના આધારે,
ઉંચે ઉડી શકાય એવાં છે.

ખુબ ટુંકો પનો છે ચાદરનો,
એય એમાં સમાય એવાં છે.

એની સાથેના અણબનાવો પણ,
એક તોરણ ગુંથાય એવા છે.

માર્ગ કેવા છે એની ઝુલ્ફોના,
હાથ સોનાના થાય એવાં છે.

.11.

ઉઠી લોબાનની ખુશ્બુ, શરુ થયા જાપ મારામાં,
મુકીને સાથીયા પર પગ, પધાર્યાં આપ, મારામાં.

www.gujaratilexicon.com

તમે થડકારવશ, થીરકાટવશ; હળવે રહી અડક્યા,
છનન છન છન, ત તા થઈ થઈ; થયો આલાપ મારામાં.

તમે ચાલ્યા જવાની વાતના બહુ ઢોલ પીટો મા,
તમે આવ્યા હતા સાજન, બહુ ચુપચાપ મારામાં.

તમે જાઓ અગર બેસો, હવે ના ફેર પડવાનો,
તમે છો દેહથી સામે ને આપોઆપ મારામાં.

હજારો જન્મની ખારાશ સાથે ધુધવ્યો, તુટ્યો,
હવે તું પણ કશું શીવલીંગ જેવું સ્થાપ મારામાં.

સ્નેહી પરમાર

કવીસંપર્ક : સ્નેહી પરમાર, ગોકુલ ધામ, બગસરા –365 440

જીલ્લો : અમરેલી મોબાઈલ : 94272 83381

eMail : parmarsnehi@gmail.com

પ્રથમ ગઝલસંગ્રહ : ‘પીડા પર્યંત’–2004

(પ્રકાશક : મોહનભાઈ ડાહ્યાભાઈ લોકકલ્યાણ ટ્રસ્ટ, રફાળા. હસ્તે : સવજીભાઈ વેકરીયા

પ્રાપ્તીસ્થાન : સ્નેહી પરમાર, ગોકુલ ધામ, બગસરા–365 440

જીલ્લો : અમરેલી કીમ્મત રૂ. 100

આગામી પુસ્તક : ‘યદા તદા ગઝલ’

@@@@@

4-329 : 23-08-2015

# ઋણસ્વીકાર

- બકુલા ઘાસવાળા

અનુક્રમણીકા

સવારે સાત વાગે ટેલીફોનની ઘંટડીથી જાગવું પડે એ દૈનીક ક્રમ અનુપમા માટે ધીમે ધીમે અસહ્ય થવા માંડ્યો. ગાડી-ડ્રાઈવર, ક્લાર્ક, દવા, ટીફીન, ઈસ્ત્રીનાં કપડાં, પ્લમ્બર, ઈલેક્ટ્રીશીયન; કોઈની પણ જરુર હોય; 'પપ્પા' અનુરાગને જ યાદ કરે. કામ સોંપે એટલે તે થવું જ જોઈએ એવો હઠાગ્રહ તો ખરો જ. અનુરાગના મોઢેથી 'હા'થી વધારે શબ્દ ન જ નીકળે. એટલે જ એ એને 'શ્રવણકુમાર' કહેતી. કેટલીકવાર તો એમ પણ લાગતું કે પપ્પાની જીન્દગી જ અનુરાગે જીવવી પડે છે. અંદરથી મન બંડ પોકારતું કે આ શ્રવણ તો એવો છે કે 'હા' કહીને બધી જ જવાબદારી મારા પર સોંપી દઈને, મને જ 'શ્રાવણી' બનાવી દે છે ! સાથે એમ પણ થતું કે સવારથી જ ઘરને રણમેદાન બનાવી દેવાથી શો ફાયદો ?

ઘરમાં સવારથી સાતનો સમયખંડ એટલે જાણે એક પછી એક ટ્રેનને વીદાય આપતું રેલવે સ્ટેશન ! ત્રણ બાળકોને તૈયાર કરી સ્કુલે મોકલવાનાં અને અનુરાગને કામ પર અને સાથે પપ્પાના હુકમનામાનું શીડ્યુલ ગોઠવવાનું. અનુપમાને દાદીની કહેવત 'ઘડીની ફુરસદ નહીં; ને કોડીની કમાણી નહીં', યાદ આવી જતી. આ પ્લેટફોર્મ પર હમ્મેશાં લીલી ઝંડી અને

મંઝીલ પર પહોંચવાની પ્રોત્સાહક વ્હીસલનો માલીક કે ગાર્ડ તો અનુરાગ જ. છોકરાં અને પપ્પા બધાંને આ 'માસ્તર' ફાવે. ગ્રીન સીગ્નલ આપે, ગાડી દોડાવે, માસ્તર મારેય નહીં ને ભણાવેય નહીં.

હવે સવારે સાતથી જ પપ્પાના હુકમનામાને તાબે થવાનો અભીક્રમ તોડવો જ જોઈએ. પપ્પાને કહી જ દઈશ કે તમારે સવારે નવ પછી ફોન કરવો. પણ તો તો વીસ્ફોટ થઈ જાય ! પપ્પાના અને અનુરાગના સમ્બન્ધોનું ગણીત કાંઈ એક વત્તા એક બરાબર બે જેવું તો નથી જ. એ સમ્બન્ધોનાં પલાખા ગણવા માંડે તો બાંધી મુઠ્ઠી લાખની છે, તેને રાખમાં બદલતાં પપ્પાને વાર ન લાગે, તે એ બરાબર સમજી ચુકી હતી. સાત વાગે કોઈકવાર ફોન રોકાયેલો હોય ત્યારે અચુક દરવાજાની ઘંટડી વાગે અને સામેવાળા માસી, ઉંઘરેટા અવાજે ને ચીઢાયેલા રણકે જ જાણ કરતાં કે ડૉક્ટરસાહેબનો ફોન છે. અનુરાગ સવારે મોબાઈલ તો ન જ ઉંચકે એટલે પપ્પાનો આ હાથવગો ઉપાય. અનુપમાને થતું કે પપ્પા અને અનુરાગની આ રમતનું પ્યાદું પોતે છે, જેને હારવાનું નક્કી જ છે !

અને હારવાનું પણ કેવું ! પપ્પાના પોતાના સુવાંગ ઘરમાં તો ક્યાંય પણ મમ્મીના હોવાનો અણસાર કે અહેસાસ સુધ્ધાં નહીં ! એ ઘરમાં તો મમ્મીની હયાતીમાં જ 'શીલાબહેન'નું સ્થાન અંકીત થઈ ગયેલું ! મમ્મીનો સરસ, તાજગીભર્યો, અંખડ સૌભાગ્યવતીના સાજ–શણગારથી ઓપતો ભવ્ય ફોટો, તો અમારાં આ ઘરની દીવાલ શોભાવે ! મમ્મીની વર્ષગાંઠે, લગ્નગાંઠે, મૃત્યુદીને કે વારપરબે અચુક ત્યાં હાર

ચઢાવવાનો, ગીતાપાઠ રાખવાનો કે ભજનસંધ્યાનું આયોજન કરવાનું. મમ્મીની ભાવતી વાનગીઓ બનાવવાની. બ્રાહ્મણો, ભીક્ષુકો અને જરુરીયાતમંદોને ભોજન કરાવવાનું. બધું આયોજન થાય – પપ્પાના નામે, વાહ્વાહ પપ્પાની, જવાબદારી અનુરાગની, પાર પાડવાની અનુપમાએ ! શીલાબહેને એટલું જ સંભાળવાનું કે અદૃશ્ય રહેવાનું અને હવે બનેલા પતીના પ્રથમ પત્નીપ્રેમને પ્રમાણવાનો ! અનુપમાને ક્યારેક એ સમ્બન્ધોમાં ઉંડાં ઉતરી વીશ્લેષણ કરવાની ઈચ્છા થતી; પછી જાતે જ હૃદયમાં તે સંતાડી દેતી.

પપ્પામમ્મીની લગ્નગાંઠના દીવસની એક એવી જ સવારે પપ્પા અને અનુરાગની થોડી લાંબી ચાલેલી ટેલીફોનીક વાતે અનુરાધાના કાન સરવા થયા.

પપ્પા : ‘વાડીના પૈસા આવ્યા છે ને ? મને દસ લાખ આપી દે. મારે દાન કરવું છે.’

અનુરાગ : ‘ના પપ્પાજી, એ પૈસાનો ઉપયોગ મમ્મીની ઈચ્છા મુજબ કરવાનો છે. વાડી તો મમ્મીને એના પીયરથી ભેટમાં મળી હતી. મમ્મીના 'વીલ'માં એ વાત છે જ, એમ વકીલમામા કહેતા હતા.’

પપ્પા : ‘તારી મમ્મીને વળી 'વીલ' શું ?’

અનુરાગ : ‘કેમ ? મમ્મીને વીલ ન હોય ?’

પપ્પા: ‘જોયો મોટો, માનું ઉપરાણું લેવાવાળો !’

અનુરાગ : ‘તમે જે સમજો તે. મમ્મીની વાડી હતી, એના પૈસા છે તેનો વહીવટ એની ઈચ્છા પ્રમાણે જ થશે.’

પપ્પા : 'તો હવે સાંભળી લે, તને તારી જરુરીયાતે પ્રસંગોપાત્ત જે પૈસા મેં આપેલા, તે લાવ.'

અનુરાગ : 'ચાર લાખ છે, જે તમે તમારા દીકરાના ભણતર માટે પ્રેમથી આપો છો, એમ કહીને આપેલા તે ? વ્યાજ સાથે આપી દઈશ; કારણ કે તમે મને અસંખ્ય વાર એ યાદ કરાવ્યું છે.

અનુપમાને પહેલી વાર લાગ્યું કે એના 'શ્રવણ'નેય વાચા છે, વીચાર છે ને હીમ્મત પણ છે ! જાણે 'મગને પગ' ઉગ્યા ! દાદીની કહેવત યાદ આવી અને મોઢું સ્મીતે મઢાઈ ગયું. અનુપમાએ પેન અને ચેકબુક અનુરાગની સામે ધર્યાં. એણે વીગત ભરી, સહી કરી અને પુર્ણ સંતોષથી બન્નેએ માની તસ્વીર સામે નમન કર્યું. જાણે પપ્પાના ઋણનો બોજો ઉતર્યો.

આ ઘટનાએ અનુરાગનાં મૌનનાં સંસ્કારનાં આવરણો હઠાવી દીધાં. અનુપમાને શ્રવણભક્તીની પડછે સંતાઈને રહેલી સચ્ચાઈની પ્રતીતી થવા માંડી. મીતભાષી, અંતર્મુખી અનુરાગના મનનો આંતઃપ્રવેશ અનુપમા માટે જાણે અનુપમ અનુભવ બની રહ્યો. મમ્મીપપ્પાના સમ્બન્ધોની જટીલ સચ્ચાઈને એણે જે રીતે સમજીને અપનાવી હતી, તે વીશે પોતે વગર સમજ્યે કેટલી નાદાનીયાત કરીને 'શ્રવણ–ભક્તી' જેવી મોટી વાતને મજાક સ્વરુપે લઈ, અનુરાગની ઠેકડી કરી હતી, તે યાદ આવતાં જ હવે અનુપમા મનોમન ઘા ખાઈ જતી હતી. જો કે અનુરાગ તો કહેતો જ રહ્યો કે તું મારા પપ્પાને ઓળખતી નથી. એ ક્યારે શું કરશે, તે કહેવાય નહીં. એને થતું કે શું કરશે પપ્પા ? બહુબહુ તો ચાર લાખનું દાન કરી દેશે. સમ્બન્ધ તોડી

દેશે. સવારે સાત વાગે ફોન નહીં આવે, તેથી વધારે શું કરી શકે પપ્પા?

અઠવાડીયા પછીના વર્તમાનપત્રમાં મોટીમસ જાહેરાત જોવા મળી. ઋણસ્વીકાર સાથે જણાવ્યું હતું કે પોતાનો પુત્ર માતા અને દાદાદાદીના પુણ્યાર્થે દાન આપવા પૈસા આપતો નથી એટલે પોતે આ જાહેરાત દ્વારા એમનો ‘ઋણસ્વીકાર’ કરે છે. ફુલ પેઈજ જાહેરાતમાં ચારપાંચ લાખ રુપીયાનું આંધણ કરી ચુકેલા પોતાના પપ્પાના આ કાર્યથી આશ્ચર્યમીશ્રીત ક્ષોભ અનુભવતા અનુરાગ અને અનુપમાની, ત્યાર પછીના સાતમા દીવસની સવાર, સાત વાગે રણકેલી ટેલીફોનની ઘંટડીથી ઉગી.

પપ્પાનો અવાજ : ‘અનુરાગ, જલદી કર, મારા માટે હવે સમય ઓછો છે. એમ્બ્યુલન્સ મંગાવ.’

અનુરાગે ‘હા’ પાડી. અનુપમાએ પપ્પાની માંદગીથી મૃત્યુ સુધીની વ્યવસ્થા કરી. ઝંઝાવાત પછીની શાન્તીની અજંપ ક્ષણો વચ્ચે અનુપમાએ અનુરાગ તરફ જોઈને કહ્યું, ‘હવે ક્યારેય સવારે સાત વાગે ફોનની ઘંટડી વાગશે નહીં..’

–બકુલા ઘાસવાલા

સુરતના પ્રસીદ્ધ પ્રકાશનગૃહ ‘સાહીત્ય સંગમ’( બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપુરા, સુરત – 395 001) દ્વારા પ્રકાશીત માસીક ‘સંવેદન’ (તંત્રી : જનક નાયક, સરનામું ઉપર મુજબ, વાર્ષીક લવાજમ રુપીયા 120ને બદલે ફક્ત રુપીયા : 50 (વીદેશ માટે ચોવીસ ડૉલર અથવા આઠ પાઉન્ડ) ફોન : 0261- 259 7882, 259 2563)ના ફેબ્રુઆરી 2010ના 27મા અંકમાંથી લેખક અને પ્રકાશકના સૌજન્યથી સાભાર...

લેખીકા–સમ્પર્ક : Bakula Ghaswala

AadiRaaj, Behind Jalaram Mandir, Jalaram Road Cross Lane, Beside Shivam Society, Valsad 396001

Phone : 02632-251 946, Mobile : 98251 33626

ઈ.મેલ : bakula.ghaswala@gmail.com

સંયુક્ત બ્લોગ : http://astigujarati.wordpress.com

@@@

5-330 : 06-09-2015

# મસ્તી કી પાઠશાલા

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

રક્ષા અને મીતા બન્ને બાળપણની સખીઓ. લગ્ન થયાં પછી પણ નજીક નજીક રહેતી; પણ મળવાનું બહુ ઓછું બનતું. ઘર, વડીલો, પતી, બાળકો—બધાંની સંભાળ રાખવામાં શરુઆતનાં 17-18 વર્ષો વીતી ગયાં. એક દીવસ અચાનક બન્ને બહેનપણીઓ બજારમાં મળી ગઈ ત્યારે કંઈ કેટલીય વાતો નીકળી.

‘તું શું કરે છે? કોઈ ખાસ પ્રવૃત્તી?’

‘ના રે ના, કંઈ નહીં ! ઘરસંસારની જંજાળમાં હમણાં સુધી કંઈ કર્યું નહીં અને હવે જ્યારે સમય જ સમય છે, ત્યારે શું કરવું કંઈ સમજ પડતી નથી. એટલો ખાલીપો લાગે છે કે...’ મીતાએ કહ્યું.

‘મારું પણ એવું જ છે; પણ હમણાં હમણાં મને એવો વીચાર વારંવાર આવે છે કે, આમને આમ કુવામાં દેડકાની જેમ જીન્દગી પુરી થઈ જશે અને આપણે કોઈને માટે કશું કરી ન શક્યાં.’

‘એમ ! તો હજી ક્યાં મોડું થઈ ગયું છે ? ચાલ, આપણે બન્ને મળીને આપણને કંઈક કર્યાનો સંતોષ થાય અને સમાજને ઉપયોગી થાય એવું કશુંક કામ કરીએ.’

બન્ને બહેનપણીઓએ આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતાં બાળકોને ભેગાં કરીને એમને સ્વચ્છ રહેતાં શીખવવાનું, રમત રમાડવાનું, થોડું થોડું અંગ્રેજી ભણાવવાનું એવાં કામ શરુ કર્યાં. સાવ નાના પાયાથી શરુ થયેલાં કામોનો ધીમે ધીમે વીસ્તાર થતો ગયો. પહેલાં બે-પાંચ બાળકો માંડ આવતાં એને બદલે હવે 40-50 પર આંકડો પહોંચી જતો.

‘મીતા, અમારા મીત્ર નરેન્દ્રભાઈનાં લગ્નને 5 વર્ષ પૂરાં થાય છે. એ નીમીત્તે એમણે આપણાં બાળકો માટે વાપરવા 5000 રુપીયા આપ્યા છે.’

‘અરે વાહ ! મારી પાસે પણ થોડા થોડા કરીને પાંચ-છ હજાર ભેગા થયા છે. મારે પણ એ પૈસા બાળકો માટે જ વાપરવા છે. શું કરીએ તો બાળકોને મજા પડે ?’

‘મેં સાંભળ્યું છે કે, આ રીતે કોઈ ગ્રુપને લઈ જતું હોય તો ડેરીવાળા પોતાની બસ લેવા-મુકવા મોકલે છે. બાળકોને ત્યાં દુધ પણ પીવા મળશે.’

‘એ તો ઘણું સારું કહેવાય. બસનો ખર્ચ બચી જાય તો આપણે એમને માટે જમવાનું બનાવડાવી લઈએ અને રસ્તામાં એમને આઈસ્ક્રીમ પણ ખવડાવી શકીશું.’

‘હા, આઈસ્ક્રીમ તો જરુર ખવડાવવો છે. એક દીવસ એમને પુછ્યું હતું એટલે મને ખબર છે કે, મોટાભાગનાં બાળકોએ આજ સુધી આઈસ્ક્રીમ ચાખ્યો પણ નથી.’

મીતાએ નીસાસો નાખતાં કહ્યું, ‘સમાજનાં બે વર્ગો વચ્ચે કેટલી મોટી ખાઈ છે, નહીં રક્ષા ? આપણાં બાળકોને મેવા-મીઠાઈ મળે છે તોયે એ લોકો આ ભાવે છે ને આ નથી

ભાવતું; એવા નખરા કરે અને આ લોકો એટલા અભાવો વચ્ચે જીવે છે કે બે ટંક પેટ ભરીને ખાવાય નથી મળતું.'

'ચાલ, આટલી સીરીયસ ન થઈ જા. જે થોડુંઘણું શક્ય છે એ કરવાનો પ્રયત્ન કરીએ છીએ એટલી વાતનો સંતોષ માનવાનો. બરાબરને ?' પછી તો ચાલીસેક નાનાં-મોટાં બાળકોને ફરવા લઈ જવાની તૈયારી ચાલી. જે બાળકો આ ગ્રુપમાં નહોતાં આવતાં એ પણ પીકનીકનું નામ સાંભળીને તૈયાર થઈ ગયાં. 'દીદી, અમને લઈ જશો ? અમારે પણ આવવું છે.'

કોઈને ના કહેવાનો જીવ ન ચાલ્યો એટલે આંકડો પહોંચ્યો પચાસે. મીતાના પતી રાકેશે કહ્યું, 'આ તમે બહુ સારો વીચાર કર્યો છે. માટે હવે કોઈ વાતની કચાશ ન રાખશો ને ખર્ચા સામે તો જરાય નહીં જોતાં.'

તો વળી રક્ષાના પતીએ એને કહ્યું, 'મને લાગે છે કે, આ બાળકોની સાથે તમારે આપણાં અને મીતાનાં છોકરાંઓને પણ લઈ જવાં જોઈએ. એ લોકોય બધું જુએ તો એમને ખ્યાલ આવે કે, આપણા પર પ્રભુની કેટલી કૃપા છે !'

'આપણાં છોકરાંઓ ! ને વળી આ બાળકો સાથે આવે ? રામ, રામ ભજો ! સૌથી પહેલાં તમારી લાડકી રીંકી જ નાકનું ટીચકું ચઢાવશે.'

પણ શી ખબર કેમ, રક્ષાનાં બે અને મીતાનો એક એમ ત્રણે છોકરાંઓ પણ પીકનીકમાં જોડાવા તૈયાર થઈ ગયાં. વળી મીતાના ઘરે પરદેશથી આવેલા મહેમાનનો દીકરો જય કહે, 'હું પણ આવવાનો !' બસમાં બેઠાં ત્યારથી જય પાસેના સસલાના

સોફ્ટ–ટૉય તરફ બાજુમાં બેઠેલો સંદીપ એકીટસે જોયા કરતો હતો. જયે સસલું એના ખોળામાં મુકી દીધું અને કહ્યું, 'લે, આ તું રાખ, બસ ?'

સંદીપ તો ખુશખુશાલ. સસલાને પંપાળે, બચીઓ ભરે અને ખાવાનું ખવડાવવાનોય પ્રયત્ન કરે. ધીમે રહીને વીરલ એની પાસે આવીને બેસી ગયો અને એણે ધીમેકથી સંદીપને પુછ્યું, 'મને થોડી વાર આ સસલું આપે છે ? રમીને પાછું આપી દઈશ.' સંદીપે જરાય આનાકાની વીના એને સસલું આપી દીધું અને કહ્યું, 'સારું, લે રમ.' પછી તો સાંજ સુધી સસલું વીરલ પાસે જ રહ્યું. સંદીપ બીજી રમત રમતાં રમતાં એની પર નજર નાખી લેતો, એટલું જ. પાછાં ફરવા માટે બધાં બસમાં ગોઠવાવા લાગ્યાં. રક્ષા અને મીતા બન્નેને થયું કે, 'ખલાસ ! સસલાભાઈના કબજા માટે બન્ને વચ્ચે નક્કી ઝઘડો થવાનો!' પણ વીરલે આવીને સસલું સંદીપના હાથમાં મુકી દીધું અને 'થેન્ક-યુ' કહ્યું. જો કે, હજી પણ એની નજર પોતાના પ્રીય રમકડા પરથી ખસતી નહોતી અને એની આંખોમાં પોતાની પ્યારી ચીજથી છુટા પડવાની ઉદાસી પણ ડોકાતી હતી. સંદીપે વીરલને માથે પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું, 'તને આ સસલું બહુ ગમે છે ને, તો તું રાખી લે ! આમ પણ, તું મારા કરતાં નાનો છે ને, એટલે તારો હક પહેલો કહેવાય. ફરી એક વાર સંદીપને થેન્ક્યુ કહેતી વખતે વીરલની આંખોમાં હરખનાં આંસુ હતાં.

ઘરે પહોંચ્યા પછી પપ્પાને આજની આખા દીવસની વાતો કરતાં રીંકીએ ખાસ યાદ રાખીને સંદીપ અને વીરલની વાત કરી અને કહ્યું, 'પપ્પા, સારું થયું. હું આ બધાં સાથે આજે

પીકનીક પર ગઈ, તો મને સમજાયું કે, પોતાની પાસે થોડું-ઘણું જે કંઈ છે એમાં આ લોકો કેટલાં ખુશ છે ! આજે મને જીન્દગીનો સૌથી ઉપયોગી પાઠ શીખવા મળ્યો કે, સાચો આનંદ 'મારું, મારું' કરીને બધું આપણી પાસે રાખી મુકવામાં નહીં પણ બીજાને આપવામાં છે.'

રક્ષાને સ્નેહથી ભેટતાં એણે કહ્યું, 'થેન્ક્સ મમ્મી ! આજે હું તમારી સાથે ન આવ્યો હોત તો ઘેર બેઠાં મને શી રીતે ખબર પડત કે મારી મમ્મી આટલું સુંદર કાર્ય કરી રહી છે !' જરાક વીચાર કરતાં વળી પાછું કંઈક યાદ આવતાં એણે મમ્મીને કહ્યું, 'મમ્મી ! તમારા આ ગ્રુપ માટે તમારે નામ જોઈતું હતું ને ? હું સજેસ્ટ કરું ? – 'મસ્તી કી પાઠશાલા'

–આશા વીરેન્દ્ર

@

6-331 : 20-09-2015

# ગઝલ

– ગુણવંત ઠક્કર 'ધીરજ'

અનુક્રમણીકા

.1.

માણસોનાં ધાડેધાડાં રોજ વધતાં જાય છે,
માણસાઈ પર ઉઝરડા રોજ વધતા જાય છે.

ખેતરોની છાતી બુલડોઝરથી કચડી નાખતાં,
બીલ્ડરોના આ ઉપાડા રોજ વધતા જાય છે.

અન્યનાં વસ્ત્રોને હરવામાં કુશળ છે એ બધા,
વસ્ત્ર પહેરેલાં ઉઘાડાં રોજ વધતાં જાય છે.

એક પછી એક ગામડાંઓ શહેરમાં હોમાઈને,
ચોતરફ એના ધુમાડા રોજ વધતા જાય છે.

મૌન રહી શબ્દોનો હું માલીક થયો છું જ્યારથી,
કંઠમાં એના કુંફાડા રોજ વધતા જાય છે.

'દેર હે અંધેર નહીં' એ ક્યારે સાબીત કરશે તું,

તારા નામે અહીં ભવાડા રોજ વધતા જાય છે.

.2.

મનને આઘાતમાં રાખે છે, એ આઘાત વગર;
ના શમે, પાપની પીડાઓ કબુલાત વગર.

નક્કી નહીં ક્યારે પડે એની પછી કોઈ સવાર,
જ્યારે માથે પડે છે રાત, કોઈ રાત વગર.

કઈ રીતે જાણે અહીં, એનાં રહસ્યોને કોઈ,
જ્યાં સમય સૌનો ઉગે-આથમે દીનરાત વગર !

આ મીલનસારપણાએ બધે રોકી રાખ્યો,
તેથી હું રહી ગયો ખુદની જ મુલાકાત વગર.

ઉડવાને આપી મને માત્ર સ્મરણનું આકાશ,
આજીવન કેદમાં રાખ્યો તેં હવાલાત વગર.

આપણી વચ્ચેનું અંતર એ વધારી દેશે,
તું મને આ રીતે ના મળ કોઈ જઝબાત વગર.

.3.

ચેન કાયમ જોખમાયું જીવતાં,
જીવ પર આવી જવાયું જીવતાં.

એકલો પડવા ન દીધો કોઈએ,
તેથી ખુદને ના મળાયું જીવતાં.

સાવ સહેલાઈથી જીવાઈ ગયું,
કોઈ બીજાનું જીવાયું જીવતાં.

મોતનો ડર એટલે લાગ્યો નહીં,
હરપળે મૃત્યુ છવાયું જીવતાં.

સુખને દુઃખમાં થઈ ગયો નીર્લેપ પણ,
ના હસાયું, ના રડાયું, જીવતાં.

ક્યાંથી આવ્યો, કોણ છું, ને ક્યાં જઈશ?
ખુદને પુછી ના શકાયું જીવતાં.

.4.

ક્યાં ક્યાં હું શોધું અર્થ ને આકાર શબ્દનો,
ચાલી રહ્યો છે ચોતરફ વ્યાપાર શબ્દનો.

સંવાદનું કીરણ કોઈ પ્રગટે તો શી રીતે ?
ફેલાવે સૌની જીભ જ્યાં અંધાર શબ્દનો.

ભાષા, હૃદય ને આંખની સમજી શકું છું હું ,

નાહક તું વેડફે છે આ ભંડાર શબ્દનો.

ફેંકે રમકડાં જેમ સૌ બાળક બની અહીં ,
ખખડી ગયો છે એટલે આધાર શબ્દનો.

સ્પર્શી ગયું હૃદયને જ્યાં સૌંદર્ય મૌનનું ,
લાગે છે ફીક્કો જીવને શણગાર શબ્દનો.

.5.

આ ધર્મ શું ? અધર્મ શું ? આ સત્ય શું ? અસત્ય શું ?
ફરી ફરી રચાય છે નવાં નવાં આ તથ્ય શું ?

અહીં બધા જ જાણે છે, બધું જ નાશવંત છે;
ને તોય પામવા મથે, આ મર્ત્યમાં અમર્ત્ય શું ?

વણી લીધી છે કુદરતે બધા જીવોમાં વેદના,
બધું જ છે વણાટ પર, આ સહ્ય શું અસહ્ય શું ?

બધાને એક લાકડીએ હાંકે છે યુગોથી એ,
પ્રકૃતીના અંધેરને આ દુન્યવી ને દીવ્ય શું ?

વીખેરવું, સમેટવું, વીનાશ હો કે ઉત્પત્તી,
સમાન છે ધરાને મન, આ રૌદ્ર શું કે રમ્ય શું ?

જીવનના મંચ પર બધા અલગ અલગ લીબાસમાં,
છે મારવા ને મરવા પર, આ સભ્ય શું, અસભ્ય શું?

.6.

દુનીયાના ખત-ખબર કે સમાચાર કંઈ નથી,
શબ્દોના કારાવાસે બીજું ખાસ કંઈ નથી.

હેતુ વગરનું કંઈ નથી, નીષ્કામ કંઈ નથી;
પણ તારો એના ફળ વીશે અધીકાર કંઈ નથી.

તું તારી દૃષ્ટી પર જરા કરતો રે' દૃષ્ટીપાત,
દૃષ્ટી હો ધુંધળી તો અહીં સાફ કંઈ નથી.

બીજાનાં દુઃખનો બોજ જરા ઉંચક્યો અને,
લાગ્યું કે મારી વેદનાનો ભાર કંઈ નથી.

તારી કૃપાની ડોર થકી આવ–જાવ છે ,
બાકી તો આવતા–જતા આ શ્વાસ કંઈ નથી .

.7.

એની એ ઉષ્માવીહીનતાને સહન કરવી પડી,
હાથ મીલાવી ફરી ભોંઠપ અનુભવવી પડી.

તુજ વીના આ જીન્દગીને જીવવા મારે સતત,

પ્રાણવાયુ જેમ તારી યાદને શ્વસવી પડી.

અન્યને સહેલાઈથી છેતરવા ફાવે એટલે,
અન્યને છેતરતાં પહેલાં જાત છેતરવી પડી .

કોઈ કેળવણીથી જેને કેળવી હું ના શક્યો,
એ સમજને ઠોકરોથી મારે કેળવવી પડી.

આ અધુરી ઝંખનાઓની સમજ વીકસાવવા,
'જે હશે તે ચાલશે'ની ફીલસુફી ભણવી પડી.

.8.

બીજી–ત્રીજી નવી કોઈ ઓળખ થવું નથી,
માણસ તરીકે જીવતાં નશ્વર થવું નથી.

મારા થકી જ તો, આ હું પહોંચ્યો અહીં સુધી,
મારાથી મારે એટલે આગળ થવું નથી.

પહોંચાડું, પહોંચે ત્યાં સુધી ખુદનો પ્રકાશ પણ,
બીજાને આંજી નાખવા ઝળહળ થવું નથી.

મારાથી જે અમલમાં મુકાતી નથી કદી,
એવી સમજના મારે પ્રચારક થવું નથી.

બનવું છે, જે સહજ રીતે બનતાં બનાય એ;
બનવાને કંઈક, કોઈ બનાવટ થવું નથી.

ગરકાવ થઈ, જ્યાં બહાર હું નીકળી શકું નહીં,
એવા વીચારશીલ કે ચીન્તક થવું નથી.

.૭.

ઠોકર ખમી ખમીને, નક્કર બની ગયું છે,
હોવાપણું હવે તો, પગભર બની ગયું છે.

દસ–વીસ સારી માઠી, યાદો બચી ગઈ છે,
બાકી બધું પડીને, પાદર બની ગયું છે.

મોભાને લઈને એવો, ગંભીર થઈ ગયો કે;
મસ્તી, મજાક, હસવું, દુષ્કર બની ગયું છે.

તારી બરાબરીનું, દેખાય ના તને કોઈ,
તારી નજરમાં તારું, એ સ્તર બની ગયું છે.

સુખમાં જીવી જવાની, ચાવી મળી ગઈ પણ;
કોઈ રમકડાં જેવું, જીવતર બની ગયું છે.

કપરા સમયમાં મારી, ખુટવા ન દે એ હીમ્મત,
'ધીરજ'નું ખાતું એવું, સધ્ધર બની ગયું છે.

.10.

બેઉ વચ્ચે જે સમજદારી હતી,
જો ખરું પુછો તો લાચારી હતી.

સાવ નાની વાત પણ લંબાઈ ગઈ,
કેટલી લાંબી મગજમારી હતી !

તું ગઝલમાં લાવ્યો સુફીવાદ પણ,
એમાં તારી દૃષ્ટી સંસારી હતી.

મારા મૃત્યુ બાદ પણ એ ના મરી,
એક–બે ઈચ્છા જે કુંવારી હતી.

જીવને ઘડવાની પ્રભુની કલ્પના,
ગર્ભમાં માતાએ આકારી હતી.

અંતે બોલી જીન્દગી કે તારા પણ,
જીવવામાં ક્યાં ભલીવારી હતી !

.11.

મારેય જીવવી છે તરોતાજા જીન્દગી,
પણ લાવું ક્યાંથી રોજ વીચારોમાં તાજગી ?

એના ગમા ને અણગમા મારા બની ગયા,

ટોળામાં રહી અલગ મને રાખું હું ક્યાં લાગી ?

બીજો કોઈ વીકલ્પ તેં આપ્યો ન એટલે,
ચુકવું છું શ્વાસ સામે તને રોજ બંદગી.

આંખોને પણ તું, દોસ્ત તાળાં મારવાનું શીખ,
જો તારે રાખવું હો કંઈ મારાથી ખાનગી.

સારું થયું એ લઈ ગયા પુછ્યા વગર મને,
મારા કહ્યામાં ના હતી મારી દીવાનગી.

તું આપખુદ નથી જ પ્રભુ તે છતાં અહીં,
એક પાન પણ હલે નહીં; તું ઈચ્છે ત્યાં લગી.

ગુણવંત ઠક્કર 'ધીરજ'

કવી સંપર્ક: 97–એ, સ્નેહસ્મૃતી સોસાયટી, અડાજણ પાટીયા,
રાંદેર રોડ, સુરત– 395 009 મોબાઈલ : 98255 67575
ઈ.મેલ : thakkargunvant@gmail.com

7-332 : 04-10-20150

# મારી પદયાત્રા : રવીશંકર મહારાજ સાથે !

– ગુણવન્ત શાહ

અનુક્રમણીકા

મહાત્મા ગાંધીના દર્શન કરવાની તક ભલે ન મળી; પરન્તુ પુરા છ મહીના પુજ્ય રવીશંકર મહારાજ સાથે પદયાત્રા કરવાની તક મળી તે મારું સદ્ભાગ્ય ! મેં ગાંધીજીના દૃષ્ટીબીન્દુથી મહારાજને નથી જોયા; પરન્તુ C/o મહારાજ ગાંધીજીને જોયા ! એ પદયાત્રા ગાંધીજીના ભુદાન આંદોલનના ભાગરુપે 1957માં થઈ ત્યારે લાંબો સત્સંગ થતો રહ્યો. સાથે સાધુચરીત જુગતરામ દવે હતા. હર્ષકાંત વોરા મુરબ્બી મટીને મીત્ર બની ગયેલા. રમણ અને હું ખડે પગે એ વડીલોની સેવામાં હાજર રહેતા. પદયાત્રા ઓર(લ)પાડ, ચોર્યાસી, કીમ, બારડોલી, વ્યારા, સોનગઢ, વલસાડ અને પારડી પંથકમાં થયેલી. પદયાત્રાની સાથોસાથ વીચારયાત્રા પણ ચાલતી રહેતી. પુજ્ય મહારાજ રાંદેરમાં મારે ઘરે જ રહેલા, ત્યારે મેં મારી રેલે સાઈકલ એમને ભેટ આપી હતી. પદયાત્રામાં અમારા બધા જ થેલા એ સાઈકલ પર ભેરવાઈ જતા. મહારાજે એ સાઈકલનું નામ પાડ્યું : ‘યાંત્રીક ગધેડો’

બારડોલી તાલુકામાં પદયાત્રા દરમીયાન ભારે વરસાદ તુટી પડ્યો. આકાશ અને પૃથ્વીને ભેગા કરવા મથતી આક્રમક હેલી સામે છત્રી ક્યાં સુધી ટકે ? કેટલાંક ગામોમાં ઘુંટણભેર

પાણીમાં પ્રવેશવું પડતું. યજમાનને ત્યાં પહોંચ્યા પછી પહેલું કામ પગ પર જામેલો કાદવ કાઢવાનું રહેતું. મોતા ગામે પહોંચ્યા ત્યારે સરદાર પટેલ સાથે બારડોલી સત્યાગ્રહમાં કામ કરનારા ઉત્તમચંદ શાહ પણ હતા. ખાદીની થેલીમાં મુકેલાં કપડાં કોરાં શી રીતે રહી શકે ? નછુટકે મહારાજે યજમાને આપેલું ટીનોપલની સફેદીમાં શોભતું ધોતીયું પહેર્યું. એમનાં વસ્ત્રો તાજી વણાયેલી ખાદી જેવાં પીળાશની દીક્ષા પામેલાં જ જોવા મળતાં; તેથી ઉછીના લીધેલા પહેરણની અતીસફેદાઈને કારણે તેઓ જુદા જુદા લાગ્યા ! એમનાં ઉજળાં કામોથી આખું ગુજરાત પરીચીત ખરું; પરન્તુ અત્યંત ઉજળાં કપડાંમાં એમને કોઈએ ક્યારેય જોયા નહીં હોય. હજી મને યાદ છે કે મોતા ગામમાં સોનીઓની વસતી ખાસી હતી.

બારડોલીથી પાચસાત કીલોમીટર છેટે બારસડી નામે ગામ છે. અમારી પદયાત્રા ત્યાં પહોંચી કે તરત સમાચાર મળ્યા કે ગાંધીજીના અન્તેવાસી શ્રી નરહરી પરીખની સ્થીતી અત્યંત ગમ્ભીર છે. અમને સૌને લેવા માટે એક ટ્રક પણ તૈયાર રાખી હતી. મહારાજે તો બારડોલી ચાલતા જવાનો આગ્રહ રાખ્યો. નરહરીભાઈ તો જીવંત હોવા છતાં ઈન્દ્રીયાતીત બની ચુક્યા હતા. તે જ દીવસે નરહરીભાઈનો છેલ્લો શ્વાસ મહારાજની હાજરીમાં તુટયો; પરન્તુ મહારાજની પદયાત્રા અતુટ રહી ! નરહરીભાઈના સુપુત્ર મોહન પરીખ અચ્છા ફોટોગ્રાફર પણ હતા. અમારી પદયાત્રા કીમ પાસેના પીપોદરા ગામેથી નીકળી ત્યારે એમણે અમારા ફોટા લીધા હતા. એક યાદગાર ફોટો આજે પણ વેડછી આશ્રમમાં પુજ્ય જુગતરામભાઈના સ્મારકતીર્થમાં

જોવા મળે છે. બરાબર યાદ છે, આગલી રાતે જુગતરામકાકા બીજા દીવસે સવારે નાસ્તો મળે તેની ચોકસાઈ કરી લેતા અને અંગ્રેજી છાપું અચુક વાંચી લેતા.

મહારાજ મળસ્કે ચારેક વાગ્યે જાગી જતા; પરન્તુ પથારીમાં બેસીને ફાનસને અજવાળે ગીતાપાઠ કાયમ કરતા. તેમને ગીતા લગભગ કંઠસ્થ હતી; પરન્તુ તપખીરની દાબડી જેવી ગુટકોગીતા તેઓ હાથમાં રાખતા. જરુર પડે તો ક્યાંક શ્લોક જોઈ લેતા અને આગળ વાંચતા. ગીતા પ્રમાણે જીવી જનારા લોકસેવકો કેટલા ? ત્રણ નામો લેવાં રહ્યાં : મહારાજ, જુગતરામભાઈ, અને બબલભાઈ. ગાંધીયુગ સાથે સેવાયુગ ચાલતો રહ્યો. કુડસદ પાસે પદયાત્રા પહોંચી ત્યારે સમાચાર મળ્યા કે સ્વામી આનંદ મહારાજને મળવા આવી રહ્યા છે. કોઈ કારણસર સ્વામી ન આવ્યા. એ તક ગઈ તે ગઈ ! હું કદી સ્વામી આનંદનાં દર્શન ન કરી શક્યો. બીજા સંત કેદારનાથજી તો કીશોરલાલ મશરુવાળાના ગુરુ હતા. કેદારનાથજી બે વાર રાંદેર આવેલા અને એક વાર અમારે ઘરે રહેલા. તેઓ વ્યવહારશુદ્ધી આંદોલન ચલાવતા હતા. એમનું પુસ્તક ‘વીવેક અને સાધના’ વાંચીએ તો ખ્યાલ આવે કે બાહ્યાચાર વીનાનું પરીશુદ્ધ અધ્યાત્મ કેવું હોય.

એક અંગત વાત સંકોચપુર્વક લખી રહ્યો છું. અમારી પદયાત્રા વલસાડ પાસે અતુલની નજીક કોઈ ગામમાં પહોંચી. ભોજન પછી હું હર્ષકાન્ત વોરા સાથે બેઠો હતો ત્યાં કોઈએ આવીને કહ્યું : ‘ગુણવન્તભાઈ, પુજ્ય મહારાજ તમને બોલાવે છે.’ આશ્ચર્ય થયું; કારણ કે મહારાજ માંડ 25-30 મીટર છેટે કોઈ

ઓરડામાં બેસીને રેંટીયો કાંતી રહ્યા હતા. બપોરના ભોજન પછી અમે પદયાત્રીઓ આરામ કરતા અને અમને તરત જ ઉંઘ આવી જતી. મળસકે ઉઠીને દસ–પંદર કીલોમીટર ચાલવાનું થતું તેથી બપોરની ઉંઘ વહાલી લાગતી. મહારાક કદી બપોરે આરામ કરતા નહીં અને રેંટીયો કાંતવા બેસી જતા. મેં એમને કાંતતી વખતે ઝોકું ખાઈ જતા પણ જોયા હતા. મને એમણે શા માટે બોલાવ્યો હશે ? કાંતવાનું બંધ રાખીને મને પાસે બેસાડીને મહારાજે કહ્યું : ‘ગુણવન્ત, તારા વીવાહ માટે મારી પાસે એક વાત આવી છે. બારડોલી સ્વરાજ આશ્રમના ફલાણાભાઈની દીકરી માટે.’ હું આવા પ્રસ્તાવ માટે માનસીક રીતે બીલકુલ તૈયાર ન હતો. કદાચ પરણવા માટે જ હું તૈયાર ન હતો ! મહારાજે વાત કહી ખરી; પરન્તુ એમાં આગ્રહ ગેરહાજર હતો. મેં માત્ર એટલું જ કહ્યું : ‘હું વીચારીશ.’ હર્ષકાન્તભાઈ મારી રાહ જોતા બેઠા હતા. મેં એમને વાત કરી ત્યારે એમણે એટલું જ કહ્યું : ‘હું આશ્રમમાં રહું છું; છતાં કહું છું કે આશ્રમવાળાની છોકરી લેવામાં બહુ માલ નહીં.’ ( પાદનોંધ : આ લખાણ ‘દીવ્ય ભાસ્કર’(તા. 15-2-2015)માં પ્રગટ થયું પછી મીત્ર મ. જો. પટેલનો પત્ર મળ્યો. પોસ્ટ કાર્ડમાં લખ્યું હતું : ‘બારડોલીના આશ્રમમાંથી શ્રી.....ભાઈ પુજ્ય મહારાજ પાસે આવો પ્રસ્તાવ લઈને આવ્યા હતા ત્યારે હું ત્યાં હાજર હતો.’ –લેખક)

મને આવી બાબતમાં મહારાજ કરતાંયે હર્ષકાન્તભાઈ વધારે શ્રદ્ધેય જણાયા. ત્યાં જ વાત પુરી થઈ. વર્ષો પછી મેં મારાં બાળકોને રાંદેરમાં કોઈ લગ્નપ્રસંગે એ સ્ત્રી બતાવી અને કહ્યું : ‘યોર વુડ હેવ બીન મધર.’ તે દીવસે બાળકોએ મારી

મશ્કરી ધરાઈને કરી. એ સ્ત્રી પણ માતા બની ચુકી હતી. મને એક મહાન આપત્તીમાંથી બચાવી લેવા બદલ આજે પણ હું હર્ષકાન્ત વોરાનો આભારી છું. હર્ષકાન્તભાઈ મુમ્બઈની સેંટ ઝેવીયર્સ કૉલેજમાંથી ભણીને એમ. એસસી. થયા હતા અને મેથેમેટીક્સ સાથે ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવ્યા બાદ ઠક્કરબાપા પાસે પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ જુગતરામ દવે પાસે વેડછી ગયેલા. હું તો બચી ગયો રે બચી ગયો ! આગળ વાત કરી તે ફરીથી કરું ? આવો નીખાલસ નાગર મેં જીવનમાં કદી જોયો કે જાણ્યો નથી.

પુજ્ય મહારાજ વાત કરે ત્યારે અત્યન્ત આદરપુર્વક સરદાર પટેલને ‘સરદારસાહેબ’ તરીકે યાદ કરતા. માનશો ? તેઓ એક પ્રસંગે સરદારની સામે થયેલા. અમદાવાદ શહેરનો વીકાસ થયો ત્યારે ગટરનાં પાણીનો નીકાલ કરવા માટે ગ્યાસપુર ગામનો કબજો લઈને અમદાવાદ મ્યુનીસીપાલીટીએ ગામલોકોને ગામ ખાલી કરવાના હુકમની તૈયારી કરી. નરહરી પરીખે આ વાત મહારાજને કરી. સરદાર વીઠ્ઠલ કન્યાવીદ્યાલયમાં નડીયાદ આવ્યા ત્યારે મહારાજ એમને મળ્યા. સરદારે કહી દીધું : ‘તમે એમાં નહીં સમજો. તમે આમાં પડશો નહીં અને લોકોને ચડાવશો નહીં.’ મહારાજ તો સડક થઈ ગયા ! થોડી વાર ચુપ રહીને માત્ર એટલું જ બોલ્યા : ‘તો ત્યાં જમીન લેવા આવજો. હું ત્યાં મળીશ.’ સરદાર મહારાજનો મીજાજ પારખી ગયા અને ગ્યાસપુર બચી ગયું !

બીજો પ્રસંગ પુજ્ય મહારાજ મોરારજીભાઈની સામે થયા તેનો છે. 1949-50ના અરસામાં મહારાજ, ઉમાશંકર જોશી

અને યશવન્ત શુક્લ ચીન ગયા હતા. ત્યાંની સામ્યવાદી સરકારનાં કેટલાંક પગલાંથી સૌ પ્રભાવીત થયા. મહારાજ દેશ પાછા આવ્યા અને મુમ્બઈમાં મોરારજીભાને નીવાસે મળવા ગયા. ચીનની પ્રશંસા સાંભળીને મોરારજીભાઈ ગુસ્સે થયા અને એમણે મહારાજને કડવા શબ્દોમાં અપમાનીત કર્યા.( પાદટીપ : મોરારજીભાઈના એ કડવા શબ્દો હું જાણું છું; તોય અહીં લખી શકું એમ નથી – લેખક) બન્ને વચ્ચે બોલવાનો સમ્બન્ધ ન રહ્યો. મહાગુજરાતની ચળવળના પ્રારંભે અમદાવાદમાં ગોળીબાર થયો. ઈન્દુચાચા લોકનેતા હતા. મોરારજીભાઈ ઉપવાસ પર ઉતર્યા. એમની સભા સામે ‘જનતા કરફ્યુ’નું એલાન થયું. મહારાજ જાણી જોઈને અમદાવાદથી દુર જ રહ્યા. મોરારજીભાઈના ઉપવાસ છોડાવવામાં તેઓ ઘણા મદદરુપ થાય તેમ હોવા છતાં; મહારાજ મોરારજીભાઈને મળવા પણ તૈયાર ન હતા. અમારી પદયાત્રા વલસાડ પાસેના કોસંબા ગામે હતી ત્યાં વર્ષો પછી મોરારજીભાઈનો વીનયપુર્ણ પત્ર મહારાજને મળ્યો. મહારાજે આભીજાત્ય પ્રગટ કરીને સાનુકુળ પ્રતીભાવ આપ્યો. બન્ને મહાનુભાવ વચ્ચે ફરી સુમેળ થયો. પરીણામે મોરારજીભાઈએ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે તેનું ઉદ્ઘાટન મહારાજ પાસે કરાવ્યું ! એ પદયાત્રામાં મ. જો. પટેલ અમારી સાથે હતા. એમનું પુસ્તક પ્રગટ થયું તે મને મોકલ્યું તેમાં પોતાના હસ્તાક્ષરમાં લખ્યું છે :

*પ્રીય ગુણવન્તભાઈ શાહને સપ્રેમ :*
*પુ. દાદાના સાન્નીધ્યમાં*
*આપણે સાથે કરેલી પદયાત્રાની મધુર સ્મૃતીમાં.*

*–મ. જો. પટેલ*

દેશી તીથી પ્રમાણે મહાશીવરાત્રી પુજ્ય મહારાજની જન્મતીથી છે. પદયાત્રામાં એ દીવસે હું મહારાજને પગે લાગીને આશીર્વાદ માગતો; કારણ કે દેશી તીથી પ્રમાણે એ મારી પણ જન્મતીથી છે. આદરણીય મોરારીબાપુની જન્મતીથી પણ એ જ છે. જ્યારે પણ તમે ‘વૈષ્ણવજન’ ભજન સાંભળો ત્યારે જરુર યાદ રાખશો : ગુજરાતમાં રવીશંકર મહારાજ થઈ ગયા અને તેઓ ખરા અર્થમાં **वैष्णवजन** હતા.

–ગુણવન્ત શાહ

એમના ‘ગાંધીની લાકડી’ પુસ્તક (પ્રકાશક : આર. આર. શેઠ, મુમ્બઈ (022-2201 3441) અને અમદાવાદ (079-2550 6573) Website : www.rrsheth.com eMail : sales@rrsheth.com ; પૃષ્ઠ સંખ્યા : ૨૪૦; કીમત : રુપીયા ૨૦૦; પ્રથમ પ્રકાશન : જુન ૨૦૧૫)માંથી ૪૩મું પ્રકરણ પાન ૨૨૭થી ૨૩૦ ઉપરથી સાભાર...

અને યાદ રાખીને, રાંદેરના શ્રી. રમણભાઈ પટેલ મારફત, ભાવપુર્વક એ પુસ્તક મોકલવા બદલ વહાલા ગુણવન્તભાઈનો તો ઘણો જ આભાર..

..ઉત્તમ ગજ્જર અને બળવન્ત પટેલ..

લેખકસમ્પર્ક :

ગુણવન્ત શાહ–’ટહુકો‘ ,139 ,રોડ ,પી.જે ,વીનાયક સોસાયટી , વડોદરા–390 020

લેખકનો બ્લોગ : http://gunvantshah.wordpress.com/

8-333 : 18-10-2015

# ભીખાજીનો ભેદ

– આનન્દ રાવ લીંગાયત

અનુક્રમણીકા

એક નદી પર નાનો પુલ બંધાઈ રહ્યો હતો. અમારી ટૅક્સી એ સ્થળે આવી. અમારો ડ્રાઈવર થાક્યો હતો. એને આરામ મળે અને પુલનું બાંધકામ પણ જોવા મળે એ દૃષ્ટીએ અમે ત્યાં એક ઝાડ નીચે, થોડે દુર અમારી ટેક્સી ઉભી રાખી. છાંયામાં પાથરણું પાથર્યું. ભાથાના ડબ્બા ખોલ્યા. પાણીની બાટલીઓ ખોલી અને આરામથી ખાવાનું શરુ કર્યું.

થોડે દુર મજુરો પુલનું કામ કરી રહ્યા હતા. મુકાદમ આંટા મારી રહ્યો હતો. કૉન્ટ્રાક્ટરસાહેબ પણ એમની ગાડી બીજા ઝાડ નીચે પાર્ક કરી અન્દર બેઠા હતા. કંઈક ઠંડું પીણું પીતાં પીતાં કામની પ્રગતી નીહાળી રહ્યા હતા.

બપોરે વીરામનો ટાઈમ થયો એટલે થોડી વાર માટે કામ બંધ થયું અને મજુરો ખાવાપીવામાં લાગી ગયા. કૉન્ટ્રાક્ટરસાહેબ પણ હવે એમની ગાડીમાં ત્યાંથી રવાના થઈ ગયા.

અમારી ટૅક્સીમાં અમે ચાર જણ હતા. એમાંના એક મારા મીત્ર અમેરીકાથી આવ્યા હતા. એન્જીનીયર હતા. બહુ વર્ષે એ દેશમાં આવેલા. એમને ગામડાઓમાં ફરવું હતું. ગ્રામ્ય વીસ્તારના જીવનનો અનુભવ નજરે જોવો હતો. એટલે અમે

ટૅક્સી લઈને બધે ફરતા હતા. છેલ્લાં 45 વર્ષથી આ મારા મીત્ર અમેરીકામાં સ્થાયી થયેલા છે. કમાયા પણ બહુ છે. ‘મલ્ટીમીલીયોનેર’ ગણાય છે. એટલે કે અઢળક પૈસો એમની પાસે છે. એમનાં બાળકો અને પૌત્ર–પૌત્રીઓ તો અમેરીકામાં જ જનમ્યાં છે. એટલે એ છોકરાંઓને તો ઈન્ડીયા વીશે ઝાઝી માહીતી નથી. ક્યાંથી હોય ? મનુષ્ય આદી કાળથી સ્થળાન્તર કરતો રહ્યો છે. અનુકુળ આવે ત્યાં પોતાનું નવું ઘર વસાવે છે. રોજી–રોટી અને સાથે સુખસમૃદ્ધી મળવા માંડે એટલે એ નવા સ્થળને ‘વતન’ બનાવી દેતો હોય છે. જોતજોતાંમાં એ નવી ધરતી ઉપર એકબે પેઢી થઈ જાય છે અને બાપદાદાનો મુળ જુનો મુલક વીસારે પડી જાય છે. અમેરીકા એક એવી ભુમી છે, જેણે દુનીયાના તમામ દેશોના લોકોને આવકાર્યા છે. કોઈ પણ પ્રકારની રુકાવટ વગર એમને આબાદ થવાની તક આપી છે. એમની તમામ શક્તીઓને વીકસવા દેવાની તક આપી છે.

થોડું ખાઈ લીધા પછી મજુરોને મળવા અમે એમના તરફ ચાલવા માંડ્યા. અમેરીકાથી આવેલા મીત્ર લેખક પણ છે. અમેરીકન મજુરની તન્દુરસ્તી અને આ મજુરોની શારીરીક હાલત વીશે એમણે મને થોડો ખ્યાલ આપ્યો.

મીત્રે કહ્યું, ‘ચાલો, આપણે જરા પગ છુટા કરીએ... પેલા મજુરો સાથે થોડીક વાતો કરીએ.’

‘ચાલો...’ હું એમની સાથે જોડાયો. ઝાંખરાં કાંટાથી સાચવતા સાચવતા અમે એક ઝાડ નીચે આવ્યા. ચાર–પાંચ મજુરો ત્યાં રોટલા ખાઈ રહ્યા હતા.

‘કેમ છો બધા ?’ મારા મીત્રે એ બધાંને પુછ્યું.

'બસ.. સાહેબ, આ રોટલા ખાઈએ છીએ.' જવાબ મળ્યો.

એમાંના એક બોકલણા મજુરે પુછ્યું...

'સાહેબ, તમે અમારા કંટ્રાટી સાહેબના સમ્બન્ધી છો ?'

'ના ભૈ ના. તમારા કંટ્રાટીને અને અમારે કાંઈ લેવા દેવા નથી. અમે તો ફરવા નીકળ્યા છીએ. થાક્યા છીએ એટલે થોડીવાર ટૅક્સી અહીં ઉભી રાખી છે... આ તમારું બાંધકામ કેમ ચાલે છે ?' મારા મીત્રે પુછ્યું.

'કામ તો ચાલ્યા કરે સાહેબ...' પેલા મજુરે જવાબ આપ્યો. બીજા મજુરો પણ એની 'હા'માં 'હા' પરોવવા લાગ્યા. 'મજુરી છે સાહેબ... નરી મજુરી, બીજું શું ? તાપતડકે કાળી મજુરી કરીએ ત્યારે રોટલો પેટમાં નાંખવા મળે. અમારી તે કાંઈ જીન્દગી છે સાહેબ ! આ ધુળઢેફાં જોડે જ અમારી જીન્દગી રગદોળાઈ જવાની. અને આ કંટ્રાટી માલામાલ થઈ જવાનો. એક તો મજુરી ઓછી આપે અને ચોમાસુ આવે છે એટલે અમારી પાસે કામ ઝડપથી કરાવવા માંગે છે. એના પુલ માટે અમે શું અમારી જાત તોડી નાખીએ ? અમે તો જેટલું થાય એટલું કરીએ.' ત્યાં બેઠેલા બીજા મજુરોએ પણ હસીને આ વાતનું સમર્થન કર્યું. ત્યાંથી અમે આગળ વધ્યા.

બીજા એક ઝાડ નીચે પણ થોડા મજુરો રોટલા ખાતા બેઠા હતા. એમાં એક ત્રીસેક વર્ષનો યુવાન હતો. બાજુમાં એની પત્ની બેઠેલી લાગી. એમનાં બે નાનાં છોકરાં રમતાં હતાં. એક પ્રૌઢ સ્ત્રી પણ હતી. એ આ યુવાનની મા હોય એવું લાગતું હતું. આખું કુટુમ્બ મજુરીએ આવેલું હતું.

'કેમ છે ભાઈ… તારું નામ શું ?' મારા મીત્રે પુછ્યું.

'સાહેબ, મારું નામ ભીખાજી છે…' એણે હાથમાની જાડી રોટલી નીચે મુકી અને અમને પ્રણામ કર્યાં.

'શું ભીખાજી, આ પુલનું કામકાજ કેમ ચાલે છે ?'

'આમ તો બધું બરાબર ચાલે છે, સાહેબ. અમારા કંટ્રાટી સાહેબને ચોમાસા પહેલાં પુલ પુરો કરવો છે. નહીંતર પાછું કામ અટકે અને એમને નુકસાન થાય. એટલે વરસાદ પહેલાં કામ પુરું થઈ જાય તો સારું એમ કહે છે. નદીમાં પાણીનાં પુર આવે પછી કશું થાય નહીં.'

'મજુરીના પૈસા તો બરાબર મળે છે ને ?' મીત્રે પુછ્યું.

'સાહેબ, એ તો બધાંને મળે એ અમને મળે. મજુરીના જે ભાવ ચાલતા હોય એ મળે. આ તો મોટો ઉપકાર છે સાહેબ, કે આ કપરા કાળમાં પ્રામાણીકતાથી પેટ ભરવા માટે આ મજુરી મળી રહે છે !'

'ભીખાજી, આ મજુરીનું કામ તને ગમે છે ?'

'સાહેબ, ગમે કે ના ગમે… હું ભણ્યો નથી. એટલે જે મળે તે કરવું તો પડે જ ને ?' મજુરી તો કરવાની જ છે ! તો પછી આનન્દથી કેમ ના કરવી ? મજુરી આનન્દથી કરીએ તો પછી એ વૈતરું ના લાગે… વૈતરું ના લાગે એટલે એનાથી થાક પણ ઓછો લાગે. માટે સાહેબ, હું તો આનન્દથી મજુરી કરું છું. રોદણાં રડીને ફરીયાદ કર્યા કરવાથી શો ફાયદો ? મારા બાપા પણ આ જ રીતની મજુરી કરતા હતા. હું પણ એ જ કરું છું… અને કદાચ મારાં આ છોકરાં પણ એ જ કરશે. ગરીબીનું ચક્કર

છે, સાહેબ. અને સાહેબ, એક વાત કહું ?' ભીખાજીએ કોળીયો ચાવીને ગળે ઉતાર્યો.

'બોલ...'

'આ પુલ પુરો થશે ત્યારે એના ઉપરથી રોજ હજારો લોકો, ગાડાં, ઢોરાં, રીક્સાઓ અને બીજાં કેટલાંય વાહનો પસાર થશે. ... એક ગામથી બીજા ગામ જવાનું અન્તર ઘટીને કેટલું ઓછું થઈ ગયું હશે ! લોકો કેટલાં ખુશ થશે ! અને સાહેબ, ભવીષ્યમાં હું ઘરડો થઈને આ પુલ ઉપરથી પસાર થઈશ ત્યારે મનમાં ને મનમાં કેવો રાજી થઈશ કે આ પુલના મોટામોટા થાંભલામાં સીમેન્ટ રેડનારો હું પણ એક મજુર હતો ! લોકો ભલે મને યાદ ના કરે; પણ મને તો આખી જીન્દગી યાદ રહેશે જ ને !'

મારા મીત્ર ખુબ ખુશ થઈને ભીખાજીના આ શબ્દો સાંભળી રહ્યા. ક્યાંય સુધી એ ભીખાજીના મોં તરફ તાકી રહ્યા. ભીખાજીની બૈરી અને એની મા મારા મીત્ર તરફ જોઈ રહ્યાં. ભીખાજીની વાત ઉપર મારા મીત્ર આટલા બધા ખુશ કેમ થઈ ગયા છે તે આ સ્ત્રીઓને સમજાતું  ન્હોતું.

મારા મીત્ર તરત બોલ્યા.

'ભીખાજી, આ તારાં છોકરા છે ?'

'હા સાહેબ...'

'નીશાળે જાય છે ?'

'કોઈક વાર જાય... કોઈક વાર ના જાય. ગામથી દુર મજુરી કરવા આવ્યા હોઈએ તો પછી નીશાળ કેવી રીતે મોકલાય ?

મારા મીત્રને એકાએક કોણ જાણે શું સુઝ્યું ! એમણે ભીખાજીને ઉભા થવા કહ્યું. એના ખભે હાથ મુકી ધીમે ધીમે આગળ ચાલવા માંડ્યા.

એ બન્ને જણા સહેજ દુર નીકળી ગયા હતા, એટલે એમનો વાર્તાલાપ તો મને સંભળાતો નહોતો. પણ હું એમને જોઈ શકતો હતો. મારા મીત્રે ખીસ્સામાંથી કાગળ પેન કાઢી કાંઈક લખવા માંડ્યું. ભીખાજીને મેં વાંકો વળીને મારા મીત્રના પગ પકડતો જોયો. મારા મીત્રે એના ખભા પકડી એને ઉભો કર્યા કરતા હતા. પોતાને પગે લાગવાની એ ના પાડ્યા કરતા હોય એવું લાગતું હતું. ભીખાજી વારંવાર આંખો લુછ્યા કરતો હતો.

પછી એ બન્ને પાછા આવ્યા. ભીખાજી એની જગ્યાએ ચાલ્યો ગયો અને અધુરી રહેલી રોટલી ખાવા પ્રયત્ન કર્યો. પણ આનન્દની ઉત્તેજનાને લીધે ખાઈ શકતો નહોતો. એણે એનાં બન્ને છોકરાંને ખોળામાં ખેંચ્યા અને જોરથી આલીંગન દીધું. એની પત્ની અને એની મા આ બધુ એકાએક શું બની ગયું એ સમજવા બાઘાની જેમ ભીખાજી તરફ જોયા કરતાં હતાં.

મારા મીત્ર મારા તરફ ફર્યા.

‘ચાલો, આપણે હવે અહીંથી આપણા રસ્તે આગળ જઈશું ?’

‘હા... જરુર... ચાલો.’ ભીખાજી અને એના આખા કુટુમ્બને ‘આવજો’ કહી અમે ટેક્સી પાસે પહોંચ્યા. ભીખાજી અને મારા મીત્ર વચ્ચે શું બની ગયું એ રહસ્ય મને કોરી ખાતું હતું. મારાથી સહેવાતું નહોતું. છેવટે મેં પુછી નાખ્યું :

'આ... આ... ભીખાજી આટલો બધો ભાવવીભોર કેમ થઈ ગયો હતો ? તમારા બે વચ્ચે શું બની ગયું ?

'કાંઈ વીશેષ નહીં. મેં ભીખાજીને થોડી આર્થીક મદદ કરવાનું વચન આપ્યું. એટલે આભારની લાગણીથી એ ગળગળો થઈ ગયો. બીજું કાંઈ નહીં.' બહુ શાંતપણે મીત્રે જવાબ આપ્યો.

'તમે કઈ રીતની મદદ કરવાના છો ?'

'બધું સમજાવું. અંગ્રેજીમાં શબ્દો છે : Make a difference in someone's life – શક્ય હોય ત્યારે કોઈક જરુરીયાતમન્દના જીવનને સ્પર્શ કરીને એને ઉપર લાવો. મારી આવડત અને મારી મહેનત તથા અમેરીકાએ આપેલી તકને લીધે, મારી પાસે પૈસા છે; એટલે મેં ભીખાજીનાં છોકરાંનો ભણવાનો બધો ખર્ચ પુરો પાડવાનું એને કહ્યું. મારા થોડાક ટેકાથી ભીખાજી અને એનાં છોકરાંનું જીવન થોડું બદલાઈ જાય તો કેવું સારું ! શ્રીમંતોનું તો આ કામ છે. ફરજ છે. પૈસા એ બીયારણ છે. જ્યાં જરુરત દેખાય ત્યાં એમણે ઉદારતાથી એની વાવણી કરવી જોઈએ. એનું વળતર દૃશ્ય અથવા અદૃશ્ય રીતે મળ્યા જ કરે છે. It's an investment in Humanity. આ Philanthropic કામ છે. અમેરીકન શ્રીમંતો પાસેથી મને આ અંગે ઘણું શીખવાનું મળ્યું છે.'

'પણ તમે આમ એકાએક ભીખાજીને જ મદદ કરવા કેમ તૈયાર થઈ ગયા ? આપણે તો ઘણા મજુરોને મળ્યા !'

'જુઓ, આ જગતમાં બધું જ છે. ગુણ છે. અવગુણ છે. સૌન્દર્ય છે. કદરુપતા છે. દયા છે. ક્રુરતા છે. ઉત્સાહ છે. રોદણાં

છે. ફુલ છે. કાંટા પણ છે. આ બધામાંથી આપણે જે પસન્દ કરીને લઈએ તે આપણને મળે. એક હીન્દી કવી(બાપુરાવ)ના શબ્દો છે :

ભરી હૈ દુનીયા કાંટોંસે પ્યારે,
ઔર ભરે હૈ ફુલ કે ક્યારે;
ચુન ચુન કાંટેં જલા ડાલ કર,
ફુલ સે ઝોલી ભર લેના.....

આ દુનીયા કાંટાથી ભરેલી છે સાથેસાથે એમાં ફુલોના ક્યારા પણ છે. કાંટાને વીણીવીણીને બાળી નાખજો અને તમારી ઝોળી ફુલોથી ભરી લેજો....

‘કેટલા સચોટ અને વ્યવહારુ શબ્દો છે !

‘ભીખાજી આ કવીતાના શબ્દો પ્રમાણે જીવે છે. આપણે પહેલાં મળ્યા, તે બધા મજુરો રોદણાં રડતા હતા, ફરીયાદો કરતા હતા. કામ એમને માત્ર કાળી મજુરી લાગતી હતી. એમની મજુરી માનવતાના હીતમાં કેવો અગત્યનો ભાગ ભજવે છે એનો એમને ખ્યાલ પણ નહોતો. ખોરી દાનતથી માત્ર મજુરી કર્યા કરતા હતા. આ બીજા મજુરો અને ભીખાજીની દૃષ્ટીમાં બહુ જ ફેર છે.

‘ભીખાજી અભણ છે; પણ આ કવીતાના શબ્દોની જેમ એ કાંટા દુર રાખીને ફુલો તરફ નજર રાખનારો માણસ છે. એ એની મહેનતને માત્ર ‘મજુરી’ નથી ગણતો. એની પાસે દીર્ઘદૃષ્ટી છે. પુલના બાંધકામથી ભવીષ્યમાં લોકોને કેટલો ફાયદો થવાનો છે તે એ સમજે છે. માનવહીતના આ કામમાં પોતે થોડો ઘણો પણ ભાગીદાર બન્યો છે એ વાતનું એને ભાન

છે. ફરીયાદોને બદલે એને આનન્દ વધારે છે. બધા મજુરો ગરીબ તો છે; છતાં ભીખાજી પોતાની મજુરીને ભવીષ્યની કડી ગણે છે. જ્યારે પેલા મજુરો પોતાના કામને માત્ર વેઠ સમજતા હતા. ભીખાજી વ્યવસાયે ભલે મજુર છે; પણ સ્વભાવે મોટો વીચારક છે. એ જે કાંઈ કરે છે તે સમજદારીપુર્વક કરે છે. પોતે માત્ર 'મજુરી' જ નહીં; પણ માનવહીતના કામમાં કાંઈક ઉપયોગી 'ફાળો' આપી રહ્યો છે એનો એને ખ્યાલ છે. થોડો ટેકો અને માર્ગદર્શન મળતાં આવા માણસો દીર્ઘદૃષ્ટા બની શકે છે. કંઈક કરી શકે છે.

'મેં ભીખાજીને ઓળખી લીધો છે. જીવન પ્રત્યેનું એનું વલણ, એનું એટીટ્યુડ (attitude) ઉમદા છે, પોઝીટીવ છે. એટલે એનાં છોકરાંને કારમી ગરીબીના ચક્કરમાંથી ઉગારી લેવા, એમના ભણતરનો બધો ખર્ચ ઉપાડી લેવાનું મેં એને વચન આપ્યું છે. માત્ર પૈસાના અભાવે એનાં બાળકો સ્કુલકૉલેજમાં જતાં નહીં અટકે એની મેં એને ખાતરી આપી એટલે એ આટલો આનન્દવીભોર અને આભારવશ થઈ ગયો છે.'

હું મીત્રની આ વાત સાંભળતો રહ્યો. અમારી ટૅક્સી આગળ વધતી રહી....

–આનન્દ રાવ લીંગાયત

સર્જકનું સર્જન :

1. 'કંકુ ખર્યુંને..' – વાર્તાસંગ્રહ 2. '..સુરજ ઉગ્યો – વાર્તાસંગ્રહ
3. 'થવાકાળ' – નવલીકાસંગ્રહ

4. 'Wisdom Of Kabir' – કબીરના દોહા 3 ભાષામાં 5. 'શીવપુરાણનો સાર' 6. અમેરીકામાં વર્ષોથી 'ગુંજન' સામયીકનું પ્રકાશન અને તેનું ની:શુલ્ક વીતરણ..

ચાર દાયકાથી દરીયાપાર રહેતા ગુજરાતી ભાષાના અનન્ય સેવક તરીકે ભાઈ આનંદરાવનું નામ સુકીર્તીત છે.. સંસ્કૃત, હીન્દી, મરાઠી, અંગ્રજી અને ગુજરાતી પર એમનો ગજબનો કાબુ. એમનાં પુસ્તકોનાં દક્ષીણની ભાષાઓમાં પણ ભાષાન્તર થયાં છે. એક અંગ્રજી વાર્તાસંગ્રહ પ્રકાશીત થવાની તૈયારીમાં છે..

2005માં અમે 'સ.મ.' શરૂ કરી ત્યારે જ અમને એમણે એમના 'ગુંજન'માં પ્રકાશીત થયેલી, અમેરીકાસ્થીત ડૉ. જયન્ત મહેતાની એક વાર્તા 'કમુબહેન' પ્રેમથી મોકલી ને તે અમે તા. 07-08-2005ના 11મા અંકમાં પ્રગટ કરી. તે વાર્તાએ ઈતીહાસ સર્જ્યો. બીજે મહીને 'સ.મ'ના વાચકો બેવડાયા, જે સીલસીલો હજી ચાલુ જ છે.. તે વાર્તાની નીચે અમે લખ્યું હતું :

કેલીફોર્નીયા, અમેરીકામાં ત્રણ દાયકાથી રહેતા શ્રી. આનન્દરાવ લીંગાયત સુપ્રતીષ્ઠીત વાર્તાકાર અને ભાષાન્તરકાર છે. 'ગુંજન' નામનું ગુજરાતી દ્વૈમાસીક પ્રકાશીત કરી સૌ ગુજરાતી પરીવારોને તેઓ મફત વહેંચે છે. વીદેશમાં વસી ગુર્જરગીરાનો દીપ રોશન રાખનાર સૌ ગુજરાતીપ્રેમીઓને સલામ !

આમ, પોતાના સામયીક 'ગુંજન' મારફત, સમાજના પ્રશ્નોને રોચક વાર્તા દ્વારા, કલાત્મક રીતે સમાજ સામે રજુ

કરવાનો તેમનો આ કસબ, દાદ માગી લે તેવો છે. ..બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર..

લેખકસમ્પર્ક :

Anand Rao Lingayat,

23834- Palomino Dr., Diamond Bar, CA- 91765-USA

eMail : gunjan_gujarati@yahoo.com; Phone : 909-861-2112

@

9-334 : 01-11-2015

# ગઝલ

– ભાવીન ગોપાણી

અનુક્રમણીકા

.1.

પર્ણો નથી ને ઝાડ પર માળો નથી,
ક્યાં માનવીનો કાંકરીચાળો નથી ?

તું દે બધું ઉપર અને પ્હોંચે નીચે,
કોઈ નગરમાં એટલા ઢાળો નથી.

આ પાયમાલીનું ખરું કારણ કહું ?
આ જીન્દગીમાં કોઈ ગોટાળો નથી.

આવે તે સૌને નાય હું આપી શકું,
મારો સમય છે, ફંડ કે ફાળો નથી.

ઘડપણ સતત મુંઝાય છે આ વાત પર,
પ્હેલાં હતો એવો સમયગાળો નથી.

આ શ્હેરમાં શાન્તી વસી છે કઈ હદે ?
માણસ મરે ત્યારેય હોબાળો નથી.

નીચે જીવે છે કૈંક લોકો એ રીતે,
જાણે ઉપર કોઈ ઉપરવાળો નથી.

.2.

જીવન આપજે તું ઉદાસી વગરનું,
હવે ઘર છે મારું અગાસી વગરનું.

મને એક મંઝીલનો રસ્તો બનાવી,
તેં દીધું છે જીવન પ્રવાસી વગરનું.

કપાળે કરે કોણ કાજળનો ટીકો ?
એ બાળક હતું મા ને માસી વગરનું.

થતાં પ્રેમ દરીયાથી, હું લઈને આવ્યો,
આ હોડીનું તરવું ખલાસી વગરનું.

ન માથું પછાડે તો ભમરો કરે શું ?
છે કુંડું હવે બારમાસી વગરનું.

.3.

સતત હું હૃદયમાં આ ઈચ્છા રમાડું,
મને સૌ ગમાડે હું સૌને ગમાડું.

બની મીત્ર મારો મને બુમ પાડું,
પછી દોડી આવું ને બારી ઉઘાડું.

અચાનક આ મન મારું ખાલી થયું છે,
આ કોના વીચારો હતા ધાડપાડુ ?

ગમે ત્યાં આ માણસ દબાણો કરે છે,
હવે કૃષ્ણ કહે નહી હું પર્વત ઉપાડું !

મને જાત પર ક્યાંક આવે જો ગુસ્સો,
વધારે કરું શું, અરીસો પછાડું !

પ્રથમ તો ઉપરથી હું નીચે પડું છું,
પછી તારા ચરણોમાં મસ્તક અડાડું.

હવે યુદ્ધ પહોંચ્યું જો કેવા મુકામે!
થયું લાવ ધોળા કબુતર ઉડાડું.

.4.

ના ઓળખી શકે કોઈ એ સંભવીત છે.
કાલે જે ચકચકીત હતું, જર્જરીત છે!

સંબંધ જે ટકી ગયા તેનાંય મુળમાં,
થોડી છે લાગણી અને થોડું ગણીત છે.

શબ્દોને વેડફ્યા પછી ડહાપણ થયું છે કે,
આંખોથી થાય એ જ ખરી વાતચીત છે.

બે ધર્મની છે વાત તો મારો જવાબ છે,
આ પણ ઉચીત છે અને એ પણ ઉચીત છે.

એકાંત ચાંદની ને વળી રાતરાણી પણ,
આ રાત એકલી નથી બહુ સંગઠીત છે.

પહેલા ગયો નજીક પછી દુર થઈ ગયો,
મેં જાળવેલું બેઉ વખત મારું હીત છે.

.5.

છે ઘણા ધુરંધરો પણ આ સદીનું શું થશે?
હોય જો મુંગી સભા તો દ્રૌપદીનું શું થશે?

ઝંખના મળવાની તમને આજ લો પુરી કરી,
કોણ જાણે આ પછીના રાત-દીનું શું થશે?

એક વાદળ મેઘ થઈને ડુબતું'તું માંડમાંડ,
ડુબશે જો આભ આખું તો નદીનું શું થશે?

હું કુવો, ખાલી થયો છે એટલે ચીંતા મને,

આ ગરગડી, દોરડાનું બાલદીનું શું થશે?

કાં અહીં ચારે તરફ વરસાદ છે કાં આગ છે!
ને ત્વચા છે કાગદી તો કાગદીનું શું થશે ?

.6.

પડે જો સુર્યનાં કીરણ અવાજ સાંભળી શકો.
જો ધ્યાન દઈને સાંભળો સવાર સાંભળી શકો.

તમારી સાથ એટલે સફર વીતાવવી હતી,
હું જે કહી શકું નહીં, કદાચ સાંભળી શકો.

જવું પડે જો કોઈની નજીક એટલા જજો,
પુછી શકો સવાલ ને જવાબ સાંભળી શકો.

અહીં ઘણાંને એટલેય સંભળાવવી છે વાત,
કે વાતવાતમાં ખરો સ્વભાવ સાંભળી શકો.

અમે અહીં નીચે અને તમે રહ્યાં ઉપર કશે,
ઘણું બધું કહ્યા પછી જરાક સાંભળી શકો.

તમેય થઈ શકો કવી, શરત છે આટલી જ બસ,
અવાજ જોઈ જો શકો, પ્રકાશ સાંભળી શકો.

.7.

કદી આ રહી ને કદી ક્યાં રહે છે?
આ તારી પ્રતીક્ષા જતી ક્યાં રહે છે?

જે આવે નહીં ને છતાં આવતા હોય,
જવું એમનું પણ પછી ક્યાં રહે છે?

મેં એના પડોશીને પુછી જ લીધું,
અહીં જો એ રહેતી નથી, ક્યાં રહે છે?

જવું દુર છે તો, ક્ષણો સાચવી લો,
ક્ષણોને ખબર છે સદી ક્યાં રહે છે?

સજાવો કીનારા ગમે તેટલા પણ,
નદી એને જોવા ઉભી ક્યાં રહે છે?

ઘણાં વર્ષથી દેખ ક્યાં હું રહું છું ?
અને મારી શરણાગતી ક્યાં રહે છે !

.8.

કીતાબોમાં મુકેલા પીપળાના પાનની વાતો,
મળે છે માળીયેથી પણ કદી ચોગાનની વાતો.

મને ગમતી હતી જે ખુશ્બુ તે ગમતી વધારે થઈ,

મેં જ્યારે સાંભળી તારા મુખે લોબાનની વાતો.

ઘણું સારું થયું એ છોકરાને પાંખ ફુટી ગઈ,
ઘણી કરતો હતો એ છોકરો વીમાનની વાતો.

આ હીંસા આ અશાંતી એટલે અટકી નથી ક્યારેય,
કદી તલવાર પણ ક્યાં સાંભળે છે? મ્યાનની વાતો

નથી ઉભા થયા કે જેમણે પગલું નથી માંડ્યું,
કહો કે ના કરે એ આખરી સોપાનની વાતો.

.9.

એ મળ્યા હતા ગલીમાં ને ખરી કમાલ થઈ ગઈ,
અમે હાલચાલ પુછ્યા, શરુ બોલચાલ થઈ ગઈ !

કદી લઈને પીચકારી, તું પલાળવા જો આવી,
તને રંગવા અમારી કવીતા ગુલાલ થઈ ગઈ.

મેં કહ્યું જો જીન્દગીને કે આ જાત વેચવી છે,
તો આ સાંભળી એ પોતે, તરત જ દલાલ થઈ ગઈ !

થવું શાંત કેવી રીતે? તે વીષય હતો સભાનો,
બની ઉગ્ર એવી ચર્ચા, કે પછી બબાલ થઈ ગઈ.

જે પડી ગયો તો ઝંડો, હતો કેસરી કે લીલો,
હતો વાંક બસ હવાનો, ને સડક આ લાલ થઈ ગઈ.

.10.

ઈશ્વરના છેલ્લા વાર પ્હેલાં ટાંકણું તુટી ગયું.
બંધાયું ના બંધાયું ત્યાં તો પારણું તુટી ગયું.

આ શ્હેરનો માણસ હવે આ શ્હેર જેવો થઈ ગયો,
જેમાં ઘણું તોડી પડાયું ને ઘણું તુટી ગયું.

ગમતાં ટકોરા ના પડ્યા, તો ના પડ્યા, તો ના પડ્યા,
ને આખરે એવું થયું કે બારણું તુટી ગયું.

બાળક છે મન, મેળામાં જઈ લીધું રમકડું હઠ કરી,
આવ્યું નથી ઘરનું હજી તો આંગણું, તુટી ગયું.

મનની ખુશી કંઈ એ રીતે થઇ ગઈ ઉઘાડી જેમ કે,
અત્તર ભરેલી બાટલીનું ઢાંકણું તુટી ગયું !

.11.

મ્યાનથી તલવાર જાણે કાઢતા'તા,
નામ મારું હોઠ પર એ લાવતા'તા.

આવતા'તા કે પછી પાછા જતા'તા,

બેવ રીતે એ જ કાયમ ફાવતા'તા.

તે છતાં પણ એમના ચંપલ ઘસાયા ?
આમ તો કાયમ હવામાં ચાલતા'તા !

જેટલું પાણી કદી પીતા નથી એ,
એટલા એ આંસુ ક્યાંથી લાવતા'તા ?

એમની તો ઉંઘના પણ હાલ શા હોય?
સ્વપ્ન જેનાં રાત આખી જાગતા'તા.

સાંભળી આખી, છતાં એ રીતથી કે,
વારતાનો અંત જાણે જાણતા'તા.

.12.

નવાઈ થાયને એવો બનાવ કાઢે છે,
છરી બતાવતો માણસ ગુલાબ કાઢે છે !

ટકી જવાનો નીરર્થક પ્રયાસ છે આખો,
સુરજની પાસે બરફ ઓળખાણ કાઢે છે !

પસાર કરતો ભલે રાત એ ગમે ત્યાં પણ,
એ મંદીરોમાં હજીયે સવાર કાઢે છે !

કરું છું ચોરનો આભાર વ્યક્ત કારણ કે,
એ છાશમાંથી અમારી પરાશ કાઢે છે !

હું કોની આંખમાં પ્હોચું ને છેતરું કોને ?
પ્રકાશ આ જ પ્રતીક્ષામાં રાત કાઢે છે !

ભવીષ્યમાંય નથી પ્હોંચતા ભવીષ્ય સુધી,
જે બહુ વીચાર કરી વર્તમાન કાઢે છે !

કુટે છે કાચ ને કુંપળ, કુટે છે સાક્ષી પણ,
છે શબ્દ એ જ ને જુદો જ ભાવ કાઢે છે!

મહાનુભાવ આ રીતે જવાબ આપે છે,
પુછો સવાલ, તો સામે સવાલ કાઢે છે.

હૃદયથી પાયાનો પથ્થર મુક્યો હતો જેણે,
હૃદય ઉપર મુકી પથ્થર મકાન કાઢે છે.

નથી આ જીભની તાકાત કે કશું બોલે,
કલમ કલમ છે બધી વાત બ્હાર કાઢે છે.

સર્જકસમ્પર્ક :

Bhavin Gopani

1, Pallav Appt., Kailasnath Soc., Bhairavnath road, Maninagar, Ahmedabad - 380028

Mobile : 98256 98628

E mail: bhavingopani@yahoo.com

@

10-335 : 15-11-2015

# વૈશ્વીકીકરણમાં પ્રાદેશીક ભાષાઓની આહુતી

– મુરજી ગડા

અનુક્રમણીકા

આજકાલ ભારતના બધા પ્રાન્તોમાં વત્તેઓછે અંશે પ્રાદેશીક ભાષાઓને બચાવવાની – ટકાવવાની ચળવળ ચાલે છે. ઘણા લોકો પોતાનાં મત અને મુરાદ પ્રમાણે એમાં પોતાનું યોગદાન આપે છે. એને માટે વીવીધ કાર્યક્રમો યોજાય અને લેખો લખાય છે. ગુજરાતમાં આ ઝુંબેશ કદાચ વધુ પ્રમાણમાં છે. એ હેતુથી વડોદરામાં એ માટેનાં આંતરરાષ્ટ્રીય સમ્મેલનો પણ યોજાયાં છે.

આવી ચળવળમાં, લોકોનો પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ છતાં થાય છે. આ લાગણીની કદર કરીએ તોય; વાસ્તવીકતાને અવગણી ન શકાય. ગમે તેટલી નીષ્ઠાથી નાની પ્રાદેશીક ભાષા બચાવવાના પ્રયત્નો કરવામાં આવે તોયે, લાંબાગાળે પ્રાદેશીક ભાષાઓનું ભાવી ધુંધળું દેખાય છે.

લોકો કાં તો વૈશ્વીકીકરણને સમજતા નથી કે હજી એને સ્વીકારવા તૈયાર નથી. ‘વૈશ્વીકીકરણનું આ સુનામી’ એટલું જબરદસ્ત છે કે સો વરસ પછીની દુનીયા માની ન શકાય એટલી અલગ હશે.

ભુતકાળમાં કુટુમ્બો સંયુક્ત હતાં અને દુનીયા વીભક્ત હતી; હવે કુટુમ્બો વીભક્ત થઈ રહ્યાં છે અને દુનીયા સંયુક્ત

થઈ રહી છે. બીજા વીશ્વયુદ્ધના અન્ત સાથે વૈશ્વીકીકરણનું નવું મોજું શરુ થયું છે અને છેલ્લા ત્રણ દાયકાથી એણે વેગ પકડ્યો છે. એનું એક પાસું એ છે કે પ્રવાસ, વ્યાપાર, શીક્ષણ, સ્થળાન્તર, દેશાન્તર જેવાં કારણોને લીધે લોકો વધુ ભાષાઓ શીખવા લાગ્યા છે. એ પહેલાં બહુ ઓછા લોકોને પોતાની માતૃભાષા ઉપરાન્ત બીજી કોઈ ભાષા આવડતી હતી. હવે બે કે તેથી વધુ ભાષાઓ જાણનાર લોકોની સંખ્યા ઘણી વધી છે અને હજી વધતી જશે. પરીણામે માતૃભાષા પરનું અવલમ્બન ઓછું થતું જાય છે. માણસ કામચલાઉ ધોરણે ઘણી ભાષાઓ જાણી–સમજી શકે; પણ પારંગત તો એક–બેમાં જ થઈ શકે છે. એની પસન્દગી, જરુરત પ્રમાણે વધુ પ્રચલીત અને સમૃદ્ધ ભાષા પ્રત્યે ઢળે છે.

કોઈપણ ભાષાનું મહત્ત્વ કે તેની અગત્ય, તે કેટલા લોકોની માતૃભાષા છે, માત્ર એનાથી ન થઈ શકે. એ માટેના બીજા પણ કેટલાક માપદંડ છે. એ ભાષાના મુળ પ્રદેશની બહાર, એનો ફેલાવો કેટલો છે, જેમની એ માતૃભાષા ન હોય એવા કેટલા લોકો એ ભાષા સારી રીતે સમજી, બોલી, વાંચી શકે છે, એમાં કેટલાં દૈનીક, સામયીક, પુસ્તકો બહાર પડે છે, એમાં કેટલી ફીલ્મો બને છે અને જોવાય છે વગેરે બાબતો એ ભાષાની‘પહોંચ’ બતાવે છે. પહોંચને લીધે પ્રભાવ વધે છે.

ચીનમાં વપરાતી અને બહાર ચીની કહેવાતી, મેન્ડરીન ભાષા દુનીયામાં સૌથી વધુ લોકોની માતૃભાષા છે એ વાત ખરી; પણ ચીનની બહાર કેટલા લોકો એ જાણે છે કે જાણવા ઈચ્છે છે? માતૃભાષાને ધોરણેસ્પેનીશનો

બીજો, અંગ્રેજીનો ત્રીજો અને હીન્દીનો ચોથો નંબર આવે છે. હીન્દીની હાલત પણ ચીની જેવી છે. આ બન્ને ભાષાઓની પહોંચ ઓછી હોવાથી એમનો આન્તરરાષ્ટ્રીય પ્રભાવ ઓછો છે.

અંગ્રેજીની પહોંચ અને પ્રભાવના બે દાખલા જોઈએ. જ્યારે ભારત અને ચીન વચ્ચે કોઈ વેપારી કે રાજદ્વારી કરાર થાય છે, ત્યારે એ હીન્દી કે ચીની ભાષામાં નહીં; પણ અંગ્રેજીમાં થાય છે. એ જ પ્રમાણે ખાડી દેશો હોય કે જાપાન – કોરીયા હોય; એમની સાથેનો આપણો વ્યવહાર અંગ્રેજીમાં જ થાય છે. આ બધું આપણે સ્વેચ્છાએ કરીએ છીએ. માત્ર આપણે જ નહીં; દુનીયાના બહુમતી દેશ એકબીજા સાથેનો વ્યવહાર અંગ્રેજીમાં જ કરે છે. આનું કારણ દેખીતું છે. મોટાભાગના દેશોમાં અંગ્રેજી જાણનાર વર્ગ જેટલી સહેલાઈથી મળી રહે છે, એટલી સહેલાઈથી બીજી કોઈ ભાષા જાણનાર નહીં મળે. અંગ્રેજીની પહોંચ અને પ્રભાવનો બીજો દાખલો છે એમાં પ્રકાશીત થતાં છાપાં, સામયીકો, પુસ્તકો અને ફીલ્મોની સંખ્યા તેમ જ ગુણવત્તાનો. બીજી કોઈ ભાષા એની નજીક પણ નથી આવી શકતી. અંગ્રેજીનો પ્રભાવ સ્વીકારવામાં ઘેલછા છે કે એનો આંધળો વીરોધ કરનારમાં ઈર્ષા છે તે એક ચર્ચાનો વીષય છે. એના માટે અલગ લેખ જોઈએ.

સત્તરમી સદીમાં, જ્યારે ભારત દુનીયાનું સૌથી સમૃદ્ધ અને શક્યતઃ શક્તીશાળી રાષ્ટ્ર હતું ત્યારે, જો બધે છવાઈ ગયું હોત તો આજે અંગ્રેજીને બદલે હીન્દી–ઉર્દુની બોલબાલા હોત. આપણે મન્દીરો અને મહેલો બાંધવામાંથી ઉંચા નહીં આવ્યા !

ભુતકાળ અને વર્તમાનની વાત છોડીને ભવીષ્યની શક્યતાઓ તપાસીએ. આજે દુનીયામાં જે 6000 –7000 ‘જીવંત’ ભાષા–બોલીઓ છે તેમાંથી મોટાભાગની મુખ્ય પ્રવાહથી દુર રહેતી આદીવાસી પ્રજાની બોલીઓ છે. જેમાં લખાણ થતું હોય, એવી ગણનાપાત્ર ભાષાઓ તો સેંકડોમાં છે; હજારોમાં નથી. એક લાખથી વધુ લોકો વાપરતા હોય એવી ભાષાઓ 400થી પણ ઓછી છે. એક કરોડથી વધુ લોકોની હોય એવી ભાષાઓ માત્ર 65 જેટલી છે.

આદીવાસીઓ હવે ઝડપથી મુખ્ય પ્રવાહમાં ભળવા લાગ્યા છે. આધુનીક સગવડોનું આકર્ષણ બધાને સરખું છે. ઘણાને પોતાની પરમ્પરાનું વળગણ હવે એટલું રહ્યું નથી. ઝડપી શહેરીકરણ અને શહેરમાં રહેલી કમાણીની તકો એમાં અગત્યનો ભાગ ભજવે છે. જે જાતીઓ મુખ્ય પ્રવાહમાં જલદી ભળશે તેઓ નવી ભાષા અપનાવશે અને એમની બોલી જલદી લુપ્ત થશે. પછી વારો આવશે મુખ્ય પ્રવાહમાં ભળેલ હોવા છતાં જેમાં ખાસ લખાતું ન હોય એવી ભાષા–બોલીઓનો. ગુજરાતની કચ્છી બોલી એમાંની એક છે એની વાત કરીએ.

જેમણે ધંધાર્થે કચ્છ છોડ્યું એમણે નવા પ્રદેશની ભાષા શીખી, અપનાવી અને રોજીન્દા વ્યવહારની મુખ્ય ભાષા બનાવી. એમના માટે કચ્છી અંગત સમ્બન્ધો વચ્ચે વપરાતી બીજી ભાષા બની ગઈ. ભુકમ્પ પછી કચ્છ બહારના લોકો મોટા પ્રમાણમાં કચ્છમાં રહેવા આવ્યા તેઓ ગુજરાતી કે હીન્દીમાં વ્યવહાર કરે એટલે સ્થાનીક લોકોને પણ ગુજરાતી વાપરવી

પડે. આમાંથી ક્યારેક મીશ્ર ભાષા ઉભરી આવે છે. આ કુદરતી ક્રમ છે. એક ભાષાનું સંકોચન બીજી ભાષાનો ફેલાવો બને છે.

દરેક કચ્છીનું શીક્ષણ અન્ય કોઈ ભાષામાં થાય છે. શીક્ષણની ભાષા એમની મુખ્ય ભાષા બની જાય એ સ્વાભાવીક છે. માતૃભાષા અને મુખ્યભાષા એક ન હોય એવું હવે સામાન્ય બની ગયું છે. પરીણામે માતૃભાષાનું મહત્ત્વ ઓછું થાય છે. શીક્ષણ અને ઔદ્યોગીકરણને લીધે કચ્છની કાયાપલટ થઈ રહી છે. એ રીતે કચ્છી ભાષાની (બોલીની) પણ કાયાપલટ થઈ એ ધીરે ધીરે ગુજરાતીમાં ભળી જશે. સવાલ માત્ર સમયનો છે.

ભાષાની વીલુપ્તી એટલે લુપ્ત થનાર ભાષા વાપરનારાઓનું બીજી મોટી અને સમૃદ્ધ ભાષામાં ભળી જવું. નાનું ઝરણું પોતાનું પાણી નદીમાં ઠાલવીને સુકાઈ જાય એના જેવી જ વાત છે. આમાં ગુમાવવાની સાથે મેળવવાનું પણ છે. કચ્છી માણસ ગુજરાતી અપનાવે એટલે વીસ લાખના બદલે છ કરોડ લોકો સાથે સંવાદ કરી શકે. શીક્ષણ શક્ય બને. ગુજરાતી સાહીત્યનો વીશાળ ખજાનો એના માટે ખુલે. એ જ રીતે ગુજરાતી માણસ હીન્દી શીખે એટલે છ કરોડને બદલે 50-60 કરોડ લોકો સાથે સંવાદ કરી શકે વગેરે....

ભાષાનો વીલોપ વાર્ષીક ધોરણે નહીં; પણ પેઢી દર પેઢીના ધોરણે થાય છે. વળી એ તબક્કાવાર થાય છે. પહેલાં એ મુખ્ય ભાષા મટી બીજી ભાષા બને છે. પછી એ માત્ર અંગત સમ્બન્ધો વચ્ચે વપરાય છે. અંતે બોલી નામશેષ થાય છે. જો કે નવી ટૅક્નૉલૉજીને લીધે હવે બોલીને સી.ડી. પર અંકીત કરીને સાચવી શકાય છે; પણ વ્યવહારમાં બચાવવી અઘરી છે. જે

ભાષામાં લખાયું છે તે ભાષાઓ લખાણો દ્વારા સચવાઈ છે. પ્રાચીન ભારતની પાલી અને અર્ધમાગધી આના દાખલા છે. એ પણ બચાવી નથી શકાઈ; માત્ર  લખાણો દ્વારા સચવાઈ છે.

દુનીયા ઘણી ઝડપથી બદલાઈ રહી છે. 300 – 400 પ્રસ્થાપીત ભાષાઓ પર રાજકીય પ્રવાહોની અસર વધારે હશે. ધીરે ધીરે આ સંખ્યા પણ નાની થતી જશે. બાકી રહેનારમાંથી મુખ્યત્વે જે તે દેશની રાષ્ટ્રભાષા હશે. કારણ કે રાષ્ટ્રભાષાઓને એમની સરકારોનું પીઠબળ હોય છે. એ રાષ્ટ્રનું ગૌરવ મનાય છે. એ ધોરણે પ્રમાણમાં નાની એવી શ્રીલંકાની સીંહાલી કે નેપાળી ભાષાનું આયુષ્ય ગુજરાતી કરતાં લાંબુ હોઈ શકે છે, જો આ રાષ્ટ્રો ત્યાં સુધી સ્વતંત્ર રહે તો ! (અંગ્રેજી વાપરતો સૌથી મોટો દેશ અમેરીકા, એકમાત્ર દેશ છે જેની સત્તાવાર કોઈ રાષ્ટ્રભાષા નથી !)

નાની પ્રાદેશીક ભાષાઓ લુપ્ત થવા સાથે બાકી રહેનાર ભાષાઓ વધુ મોટી અને સમૃદ્ધ થશે. એમાં સમાનાર નાની ભાષાના કેટલાક શબ્દપ્રયોગો, સાહીત્ય વગેરે પોતાની મેળે ઓતપ્રોત થશે. વૈશ્વીકીકરણની નાની આવૃત્તી જેવું હીન્દીનું રાષ્ટ્રીયકરણ ભારતમાં થઈ રહ્યું છે. દેશમાં હીન્દી ફેલાવાનો સરકારનો 50 અને 60ના દાયકાનો પ્રયાસ ખાસ સફળ ન થયો. એ કામ આજે બોલીવુડ, ટેલીવુડ અને શહેરીકરણ કરી રહ્યું છે. હીન્દી અંગ્રેજી મીશ્રીત ‘હીન્ગલીશ’ મહાનગરોમાં વીકસવા લાગી છે.

વૈશ્વીકીકરણનું એક પાસું છે લોકોનું એકીકરણ. આ સારી વાત છે. સંસ્કૃતી, ધર્મ, ભાષા, જાતી વગેરેના ભેદભાવ તો

મોટાભાગના ઝઘડાઓનાં મુળમાં છે. આ ભેદભાવ જેટલા ઓછા થાય એટલા ઝઘડાનાં કારણ ઘટે. આનો મતલબ એમ નથી કે ભાષાઓ લુપ્ત થવાથી ઝઘડાઓ મટી જશે. એકીકરણને લીધે લોકો વચ્ચેની ગેરસમજો ઓછી થાય. વાડાબંધીને નામે ઉશ્કેરનારને સાથ આપનાર ઓછા થાય.

ભાષાનું ગૌરવ અને ભાષાના ઝનુન વચ્ચે પાતળી ભેદરેખા છે. મુમ્બઈમાં દેખાતું મરાઠીનું ‘મહત્વીકરણ’ આ ભેદરેખા ઓળંગતું હોય એમ લાગે છે. ગૌરવ ક્યાં પુરું થાય અને ઝનુન ક્યાં શરુ થાય એ કોણ નક્કી કરે ? કોઈ કરે તોયે ઝનુનીઓને કોણ રોકી શકે ?

મુળ વાત ભાષાને બચાવવાની છે. એ કેટલી વાજબી છે, કેટલી જરુરી છે અને કેટલી શક્ય છે એ વીશે કોઈની વાતોમાં આવ્યા વગર દરેકે શાન્તીથી વીચારવાનું છે. બહારનું કોઈ બળજબરીથી આપણી માતૃભાષાને મીટાવવા માંગતું હોય તો એને અટકાવવા આપણાથી શક્ય હોય એટલું બધું કરી છુટીએ; પણ કાળચક્રને લીધે માતૃભાષાનાં પોતાનાં સંતાનો એને છોડવા ઈચ્છતાં હોય ત્યારે એને ટકાવી રાખવાના થોડા લોકોના પ્રયાસથી ખાસ ફરક ન પડે.

ભાષા બચાવવાનું કામ કોઈ એક વ્યક્તી, કુટુમ્બ કે સંસ્થાના ગજા બહારની વાત છે. એકીકરણના મુખ્ય પ્રવાહની વીરુદ્ધ જવું ખુબ અઘરું હોય છે. જે પેઢી પુરી તાકાતથી માતૃભાષાને બચાવવાની કોશીશ કરે તે ભાષાનો વીલોપ એક પેઢી દુર ઠેલી શકે. આવતી પેઢી કઈ રીતે વીચારશે તે કોણ જાણે છે !

વીશ્વની દરેક વસ્તુની એક્સપાયરી ડેટ છે. સંસ્કૃતીઓ અને સામ્રાજ્યો લુપ્ત થયાં છે. સુર્ય, ચંદ્ર, પૃથ્વી બધા નાશવંત છે. હાલ અસ્તીત્વમાં છે એના કરતાં ઘણી વધુ ભાષા–બોલીઓ લુપ્ત થઈ ચુકી છે. આ ક્રમ ચાલુ રહેવાનો છે. તેથી 'ભાષા બચાવ' ઝુંબેશમાં કેટલી શક્તી, સમય અને સમ્પત્તીનું રોકાણ કરવું એ દરેકની સમજ પર આધાર રાખે છે.

આજે આન્તરપ્રાન્તીય અને આન્તરરાષ્ટ્રીય લગ્નો વધી રહ્યાં છે. શીક્ષીત યુગલોનાં આવાં લગ્નોમાં બન્ને જણ પોતાની પ્રાદેશીક ભાષા છોડીને હીન્દી કે અંગ્રેજીને અપનાવે એ શક્ય છે. એમનાં બાળકોની માતૃભાષા કઈ ? એમના માટે માતૃભાષા/પીતૃભાષા શબ્દ નીરર્થક બની જાય છે. એ જ રીતે વધુ ભાષાઓ જાણનાર શહેરનીવાસી માટે પણ માતૃભાષા કરતાં મુખ્યભાષા વધારે મહત્ત્વની બને છે.

ગુજરાતીને હાલ કંઈ જોખમ નથી. સમૃદ્ધ કુટુમ્બનાં બાળકો અંગ્રેજી સ્કુલમાં જઈ ગુજરાતીથી વીમુખ થાય છે એ વાત સાચી છે. બીજી બાજુએ કચ્છીઓ અને અન્ય પછાત વર્ગો ગુજરાતીમાં શીક્ષણ લઈ એને સમૃદ્ધ કરે છે. ગુજરાતીમાં આજે પહેલાં કરતાં વધારે વર્તમાનપત્રો, સામયીકો અને પુસ્તકો બહાર પડે છે તેમ જ વંચાય છે. અત્યારે તો તેનો શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે.

આઠ–દસ પેઢીઓ પછી જે પણ થવાનું હશે એને અત્યારથી બદલી ન શકાય. જ્યારે પણ ગુજરાતી લુપ્ત થવાને આરે હશે ત્યારે બીજી પ્રાદેશીક ભાષાઓની પણ એ જ હાલત હશે. ત્યારે ભારત સાચા અર્થમાં અખંડ દેશ બનતો હશે. એ

સમય રાજી થવાનો હશે; અફસોસ કરવાનો નહીં. ગુજરાતીના સન્દર્ભમાં અત્યારની ‘ભાષા બચાવો’ ઝુંબેશ, વાણી–વીલાસથી વધુ ન પણ હોય !

ભાષાને બચાવવા કરતાં જંગલો, પાણીના સ્રોત, ખનીજ તેલ, અન્ય ખનીજ પદાર્થો, પર્યાવરણ વગેરે જેવી કુદરતી સમ્પત્તી બચાવવાની તાતી જરુર છે. એ પ્રત્યે દુર્લક્ષ સેવીશું તો ભાષાને બચાવવા માટે આપણા વંશજો જ નહીં રહે !

–મુરજી ગડા (લેખ લખ્યા તારીખ : June-2015)
લેખક સમ્પર્ક:
શ્રી. મુરજી ગડા, 1, શ્યામવાટીકા સોસાયટી, વાસણા રોડ, વડોદરા–390007 સેલફોન: 97267 99009
ઈ–મેલ : mggada@gmail.com

કચ્છી જૈન સમાજ, અમદાવાદના માસીક મુખપત્ર **‘મંગલ મન્દીર’**ના, 2012ના એપ્રીલ માસના અંકમાં પ્રકાશીત થયેલો લેખકનો આ લેખ, અમે અહીં ‘સ.મ.’ માટે લીધો ભાઈ ગોવીંદ મારુના ‘અભીવ્યક્તી’ બ્લોગ https://govindmaru.wordpress.com/ ઉપરથી..
લેખકશ્રી અને ભાઈ ગોવીન્દ મારુનો ખુબ ખુબ આભાર..
..બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર..

@

11-336 : 29-11-2015

# શરીર તારું સંભાળ રે....!

– દીનેશ પંચાલ

અનુક્રમણીકા

વર્ષો પુર્વે પીતાજીને હાર્ટ એટેક આવ્યો હતો. તે દીવસોમાં મને સમજાયેલું કે આપણે ‘રામાયણ’, ‘મહાભારત’ અથવા રામ, સીતા કે કૃષ્ણ વીશે ઘણું જાણીએ છીએ; પણ હૃદય વીશે કશું જાણતા નથી. ત્યાર બાદ મેં હૃદયરોગ વીશે થોડાં પુસ્તકો વાંચ્યાં અને પીતાજીને પણ વંચાવ્યાં. મને લાગે છે કે અલ્લાહ વીશે ન જાણીએ તેમાં એટલું નુકસાન નથી; જેટલું અલ્સર વીશે ન જાણવામાં છે. રામને બદલે હૃદય વીશે જાણવાનું વધુ જરુરી છે, કેમ કે તનની અયોધ્યામાંથી રામ રુઠીને ચાલ્યા જાય છે ત્યારે માણસને સમજાય છે કે જીવનભર રામાયણ વાંચતા રહ્યા પણ હૃદયરુપી લંકાના રાવણને ન ઓળખી શક્યા. આપણે કૃષ્ણ વીશે જાણીએ છીએ તેટલું કૉલેસ્ટોરલ વીશે જાણતા નથી. કંસ વીશે જાણીએ છીએ; પણ કૅન્સર વીશે – (કૅન્સર એટલે કૅન્સલ !) એટલું જ જાણીએ છીએ. સુદામા અને વીદુર વીશે જાણીએ છીએ, તેટલું દમ અને સુગર વીશે ક્યાં જાણીએ છીએ ? અનુભવીઓ કહે છે – ‘ઈશ્વર વીશે કશું ન જાણો તો ચાલશે; પણ ‘એઈડ્સ’ વીશે જાણી લો. બીડી, તમાકુ કે ગુટકાથી તમારું મોઢું ભરેલું હોય તે સંજોગોમાં તમારા હાથમાં ‘કૃષ્ણલીલા’ને બદલે ‘કૅન્સરનું પુસ્તક’ હશે, તો એ

પુસ્તકનાં થોડાં પાનાં વાંચ્યા બાદ શક્ય છે તમે મોંમાંના ગુટકા થુંકી નાખશો. મને વારંવાર સમજાયું છે કે ઘડપણમાં ગીતા વાંચવા કરતાં; અખબારોની આરોગ્યપુર્તી વાંચવાથી વધુ ફાયદો થાય છે. (સુગર, પ્રેસર કે વાનો ઉપાય ગીતા, કુરાન કે બાઈબલમાંથી નહીં; આરોગ્યપુર્તીઓમાંથી પ્રાપ્ત થઈ શકે છે) રામકથાના પારાયણમાં બેસવા કરતાં યોગાસનમાં કે પ્રાણાયામમાં બેસવાનું વધુ ફાયદાકારક છે.

કોઈ ધર્મગુરુ તમને આકાશના કયા ખુણામાં સ્વર્ગ આવેલું છે તેની માહીતી આપે; તેના કરતાં કોઈ ડૉક્ટર તમારા પેટમાં અલ્સર ક્યાં છે તે જણાવે તે વધુ ઉપયોગી બાબત છે. એથી વર્ષમાં એક સત્યનારાયણની કથા ન કરાવો તો ચાલે; પણ એક વાર બૉડીચેકઅપ તો અવશ્ય કરાવવું જોઈએ. આજના તણાવયુક્ત જીવનમાં દશમાંથી સાત માણસને સુગર અને પ્રેશર હોય છે એથી સુગ્રીવ કે પરશુરામ વીશે નહીં જાણો તો ચાલશે; પણ સુગર અને પ્રેશરને બરાબર ઓળખી લો. દશામા કે સંતોષીમા વીશે જાણવા કરતાં; દમ અને સાઈટીકા વીશે જાણી લેવામાં ફાયદો છે. બચુભાઈને છેલ્લાં બે વર્ષથી પગે વા થયો છે. તેઓ કહે છે – ‘યુવાન વયે મન્દીરમાં નહીં; અખાડામાં જશો તો ઘડપણમાં મન્દીર સુધી ચાલતા જઈ શકવા જેટલું ‘ભંડોળ’ પગમાં જળવાઈ રહેશે.’

તન્દુરસ્તી વીના ઘણાં સુખો એકડા વીનાનાં મીંડાં જેવાં બની રહે છે. માણસ પાસે મારુતી હોય પણ તેને માઈગ્રેન, મેનેન્જાઈટીસ કે મણકાની બીમારી હોય તો મારુતીની ખાસ મજા રહેતી નથી. બચુભાઈ સાવીત્રીબહેનને કહેતા, ‘ઘરમાં

ટીવી અને બીબી બન્ને ના હોય તો ચાલે; પણ શરીરમાં ટીબી કે બીપી તો ન જ હોવાં જોઈએ.' અમારા દુરનાં એક કાકી ટીબીમાં મૃત્યુ પામ્યાં હતાં. તેમના છેલ્લા શ્વાસ ચાલતા હતા ત્યારે સ્વજનો તેમની પથારી પાસે બેસી ગીતા વાંચતા હતા. બચુભાઈએ ત્યારે સૌને મોં પર સંભળાવેલું, 'ટીબીમાં જે કાળજી લેવાવી જોઈએ તે તમે લીધી નથી. હવે અન્ત ઘડીએ એમને ગીતા વાંચી સંભળાવો છો, તેને બદલે ટીબીના રોગ અંગેની જાણકારી આપતું કોઈ પુસ્તક વેળાસર વાંચી સંભળાવ્યું હોત તો આજે ગીતા વાંચવાની નોબત ના આવી હોત.'

હમણાં એક ડૉક્ટરનું પુસ્તક 'સ્વસ્થ આહાર' વાંચવા મળ્યું. આપણે ખોરાકને નામે કેટલું ઝેર આરોગીએ છીએ તેની ઘણી બાતમી એ પુસ્તકમાંથી મળી. એક વાત યાદ રાખવી પડશે. અલ્સર, ઍપેન્ડીક્સ, ડાયાબીટીસ કે સુગર–પ્રેશર થયા પછી જ આરોગ્યને લગતાં પુસ્તકો વાંચીશું એવી હઠ પકડવા જેવી નથી. શુભસ્ય શીઘ્રમ્...! મનને શાન્તી મળતી હોય તો 'રામાયણ', 'મહાભારત' જેવા ધર્મગ્રંથો ભલે વાંચીએ; પણ રોગ અંગેનાં પુસ્તકો વાંચવાથી તન્દુરસ્તીનો રસ્તો જડશે. યાદ રહે, શ્રીહરીને ઓળખવા કરતાં, શરીરને ઓળખવાનું હવે વધુ જરુરી બન્યું છે. પુસ્તક વાંચ્યા વીના પણ તમને તમારાં કીસ્મતનાં સુખો મળી રહેશે; પણ તેને ટકાવી રાખવાની સમજ આવાં પુસ્તકોમાંથી મળે છે. લકી ડ્રોમાં સ્કુટરનું ઈનામ લાગે ત્યાં વાત પતી જતી નથી; તમને સ્કુટર ચલાવતાં પણ આવડવું જોઈએ. સ્કુટર અંગેની પ્રાથમીક જાણકારી તમને ના હોય તો તમે સ્કુટરનું સુખ નહીં ભોગવી શકો. તમારો બેડરુમ કુલ

ઍરકન્ડીશન્ડ હશે; પણ તમને વા કે દમની બીમારી હશે તો ઍરકન્ડીશન્ડનું સુખ તમે નહીં ભોગવી શકો. સુખ માત્ર ભૌતીક સાધનોમાં નથી હોતું – તે ભોગવી શકવાની આપણી પાત્રતા–ક્ષમતામાં પણ રહેલું છે. કોઈ પુરુષ સોનાનો કાંસકો ખરીદી શકે એટલો ધનવાન હોય પણ તેને માથે વાળ જ ન હોય તો... ?

ઘણી વાર પેટમાં ચરબીનો અદૃશ્ય સંગ્રહ થયેલો હોય છે. દુશ્મનો આપણી સરહદમાં પ્રવેશી આપણા કેટલાક ઈલાકાઓમાં પોતાની છાવણી નાખી દે છે; તે રીતે ચરબી પેટમાં અડ્ડો જમાવીને બેસી જાય છે. એથી બેન્કમાં લૉકર હોય એના કરતાં ઘરમાં વૉકર હોય એ બહુ જરુરી છે. હીરો હોન્ડા, બજાજ અને સ્કુટી જેવાં ટુવ્હીલરો ચરબીના અડ્ડાને અદૃશ્ય કવચ પુરું પાડે છે. રોજ ત્રણ ચાર કીલોમીટર ચાલવું એ આજના યન્ત્રયુગની અનીવાર્ય જરુરીયાત બની ચુકી છે.

સ્ત્રીઓ બ્યુટીપાર્લરમાં જઈ હાથ, પગ અને ચહેરા પરની રુવાંટી દુર કરાવે છે. ફેસીયલ, બ્લીચીંગ કે વૅક્સ કરાવે છે. પણ પેટ અને શરીર પર વધેલી ચરબીની તેમને ખાસ ચીન્તા હોતી નથી. સોનું શરીરનો બાહ્ય શણગાર બની શકે છે; પરન્તુ કૉલેસ્ટરોલ, હેમોગ્લોબીન, સુગર, પ્રેશર વગેરેનું યોગ્ય નીયમન એ શરીરની ભીતરી તાકાત બની રહે છે. ક્યારેક કંગન, નેકલેસ કે બંગડીઓનાં બીલ કરતાં કાર્ડીયોગ્રામ, એન્ડોસ્કોપી કે બાયોપ્સીનું બીલ વધારે આવે છે. બંગડી વેચીને બાયોપ્સી કરાવવી પડે એવા સંજોગો પણ ઉભા થાય છે. બૅંકની પાસબુકમાં બેલેન્સ વધારે હોય તે જેટલું રાહત ભરેલું હોય છે તેટલું દેહની બૅંકમાં લાલકણ, હેમોગ્લોબીન, કેલ્શીયમ વગેરેનું

બેલેન્સ સફીશીયન્ટ હોય તે જરુરી છે. યાદ રહે, હૃદયરુપી લૉકરનાં એ કીમતી ઘરેણાં છે. આપણે બૅંકના લૉકરનું નીયમીત ભાડું ભરવાના જેટલા આગ્રહી હોઈએ છીએ; તેટલા નીયમીત બૉડી ચેક્પ કરાવવાના નથી હોતા.

ઘરેણાંના ડબ્બામાંથી એકાદ ઘરેણું ઓછું થઈ જાય તો આખું કુટુમ્બ ચીન્તામાં પડી જાય છે; પણ લોહીમાં લાલકણ, હેમોગ્લોબીન કે કૅલ્શીયમ ઓછું થઈ જાય છે તેની જાણ આપણને છેક હૉસ્પીટલના ખાટલે પડ્યા પછી થાય છે. આપણા દેહ પ્રત્યેની આવી લાપરવાહી ઉચીત ન ગણાય. આપણે હીંચકાના કડામાં તેલ પુરવાનું ચુકતાં નથી. કેમ કે હીંચકો ચીંચવાય તેની આપણને જાણ થઈ શકે છે; પણ દેહભીતરની કોઈ અદૃશ્ય હોનારતની આપણને બહુ મોડી જાણ થાય છે. એથી જરુરી છે કે દેહસૌન્દર્યની જેટલી કાળજી લેવામાં આવે છે, તેટલી હૃદય, ફેફસાં અને આંતરડાની પણ લેવામાં આવે. નહીં તો થશે એવું કે ટીપું તેલ મુકવાથી હીંચકાનો ચીંચવાટ તો દુર થઈ જશે; પણ શરીરની ગરબડને દુર કરવા તમારા બૅંકબેલેન્સનું ટીપેટીપું વપરાય જશે તોય બગડેલી બાજી ડૉક્ટરો નહીં સુધારી શકે. સૌને પોતપોતાનો ધર્મ પાળવાની છુટ છે; પરન્તુ ‘શરીરધર્મ’ નહીં પાળો તો એ જીવનનો સૌથી મોટો અધર્મ બની રહેશે.

તમારી લાપરવાહીથી શરીર કથળ્યું તો ભગવાનને પણ દોષ દઈ શકાશે નહીં. ડૉક્ટરો પાસે મોંઘા ટેસ્ટ અને ઑપરેશન સીવાય બીજો કોઈ રસ્તો હોતો નથી. ચાલો, આપણે (બૅંકબેલેન્સની જાળવણી અર્થે) નીયમીત દેહની જાળવણી પર

ધ્યાન આપીએ. નીયમીત બોડીચૅક્પ કરાવવું એ હવે નીયમીત માળા ફેરવવા કરતાંય વધુ જરૂરી બની ચુક્યું છે. બૅંકની પાસબુકમાં એન્ટ્રી કરાવવાનું આપણે ચુકતા નથી. કેમ કે આપણા ખાતામાં કેટલું બેલેન્સ છે તે જાણવાનું આપણે માટે જરૂરી હોય છે. આપણા દેહની બૅંકમાં તન્દુરસ્તીનું બેલેન્સ કેટલું છે તે જાણવાનું પણ એટલું જ જરૂરી છે. યાદ રહે, બૅંક બેલેન્સનો બધો આધાર તન્દુરસ્તીના બેલેન્સ પર રહેતો હોય છે. અમારા બચુભાઈના સાઢુ કરોડપતી છે; પરન્તુ તેઓ બધા જ રોગના શીકાર છે. બચુભાઈ પ્રારંભથી જ તેમને ગમ્મતરુપે એમ કહીને ચેતવતા :

અગર અલ્સરમાં તું અટવાયો,
પ્રેશરમાં પટકાયો,
સુગરમાં સલવાયો,
અને કીડનીમાં કરમાયો,
કરોડો રુપીયા હોય તારી પાસે;
તોય તારાથી નીર્ધન બીજો કયો ?

તાત્પર્ય એટલું જ કે શરીરની સંભાળ રાખશો, તો કસમયે તસવીર બની દીવાલ પર લટકવાનો સમય નહીં આવે. તમને મળેલી આયુષ્યની અવધીની પુરી સેકન્ડ, મીનીટ અને કલાક તમે સુખથી જીવી જાઓ, એવો ‘દેહધર્મ’ જગતના કોઈ પણ ધર્મ કરતાંયે અગ્રક્રમે આવે છે.

લેખકસમ્પર્ક:

શ્રી. દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી - 396 445 Mobile : 94281 60508 eMail : dineshpanchal.249@gmail.com

(અભીનંદન : દીનેશભાઈએ નવા વર્ષે પહેલી જ વાર ઈન્ટરનેટવીશ્વમાં પ્રવેશ કર્યો છે. એમના વાચકો–ચાહકો હવે એમને eMail : dineshpanchal.249@gmail.com પર લખી એમના સમ્પર્કમાં રહી શકશે.)

લેખકના મે 2015માં પ્રકાશીત થયેલ રુપકડા પુસ્તક ‘મનના માયાબજારમાં’ (પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001 ફોન : 079-2214 4663 ઈમેલ : goorjar@yahoo.com , પૃષ્ઠ : 210, મુલ્ય : રુપીયા 200)માંથી સાભાર..

‘સન્ડે ઈ.મહેફીલ’ને આ પુસ્તક ભેટ મોકલવા બદલ લેખકશ્રીનો અને ‘ગુર્જર પ્રકાશન’ના શ્રી મનુભાઈનો ખુબ ખુબ આભાર. ..ઉત્તમ ગજ્જર..

@

12-337 : 13-12-2015

# ગઝલ સંજીવની

– સંજુ વાળા

અનુક્રમણીકા

.1.

કહ્યું એથી વધારે ગુપ્ત રાખ્યું છે,
બધું ઘરમાં છે, દ્વારે ગુપ્ત રાખ્યું છે.

હકીકત છે ‘હ’કારે ગુપ્ત રાખ્યું છે,
પ્રથમ પળથી જ પ્યારે ગુપ્ત રાખ્યું છે.

ઘડવા મનમાં ને મનમાં લાખ મનસુબા,
પ્રકટ કહેવામાં વધારે ગુપ્ત રાખ્યું છે.

રહસ્યો તળનાં જાણી લે છે મરજીવા,
નદીએ તો કીનારે ગુપ્ત રાખ્યું છે.

હવે આઠે પ્રહર ચર્ચાય છે વીગતે,
અમે જે છાશવારે ગુપ્ત રાખ્યું છે.

રહ્યું ના માત્ર તારા એકથી છાનું,
જે સઘળું શત–હજારે ગુપ્ત રાખ્યું છે.

.2.

કારણ વગરના સુખની નીત–નીત નરી ખુશાલી,
મેં આ તરફ ઝીલી ને આ તરફ ઉછાળી.

અંદરના ઉભરાની અંગત કરી ઉજાણી,
લંબાવી હાથ જાતે, જાતે જ દીધી તાળી.

બે પંક્તીઓ વચ્ચેના સ્થાયી ભાવ જેવું,
ધબકે છે ઝીણું ઝીણું કોઈ કસક અજાણી.

હું છેક એની પાસે પહોંચ્યો હતો; પરંતુ–
ભગવાને સ્હેજ અડક્યો ત્યાં થઈ ગયો બદામી.

ના કોઈ કૈં જ જીતે, હારે ન કોઈ કંઈ પણ,
ભરપુર જીવવાનું થઈને નર્યા જુગારી.

જ્યારે ને જેવું ઈચ્છો એ હાજરાહજુર હો–
મનમાં જ એવી સુંદર એક મુર્તી કોતરાવી.

છું એ જ હું; સફરજન પણ એનું એ હજુ છે,
તું પણ હજુય એવું નીરખે છે ધારી ધારી.

.3.

કોઈને સુખ, કોઈને ન્યોછાવરી જીવાડશે,
અમને કવીતા નામની 'સંજીવની' જીવાડશે.

અણસમજ ભમરાની યજમાની કરી જીવાડશે,
જાતે ઓઢાડી કમળદળ–પાંખડી જીવાડશે.

શું વધારે જોઈએ? એક કાળજી જીવાડશે,
લખ અછોવાનાં બરાબર, લાગણી જીવાડશે.

હાથમાં હીંમત નથી ને પગ તો પાણીપાણી છે,
તો હવે શ્રદ્ધાની ટેકણલાકડી જીવાડશે.

સાચા–ખોટાના બધાયે ભેદ તો સાપેક્ષ છે,
શીર સલામત નહીં રહે તો પાઘડી જીવાડશે.

શું લખું? કયા શબ્દની આરાધના કેવી કરું?
ક્યાં ખબર છે! કઈ રીતે બારાખડી જીવાડશે.

ચાલ, થોડી લીલી–સુકી સાચવીને રાખીએ,
કૈં નહીં તો એ સ્મરણ, એ દાબડી જીવાડશે.

.4.

ઝાંખા ઉજાસ વચ્ચે તેં જે કથા કહી છે,
સાંભળજે કાન દઈને, એની જ આ કડી છે.

પંખી યુગલને વડલાની ડાળ સાંપડી છે,

ને ક્રૌંચવધની ઘટના જીવમાં ઝમી રહી છે.

પળને બનાવે પથ્થર, પથ્થરને પારદર્શક,
તાકી રહી છે કોને, આ કોની આંગળી છે?

નખ હોય તો કપાવું, દખ હોય તો નીવારું,
ભીતરને ભેદતી આ મારી જ પાંસળી છે.

કાજળ બનીને આવો કે જળ બની પધારો,
પાંપણથી નમણી બીજી ક્યાં કોઈ પાલખી છે?

ઈચ્છાના કાચઘરમાં એ કેદ થાય અંતે,
માણસનું નામ બીજું રંગીન માછલી છે.

.5.

કોઈ કારણ વગર, કોઈ ચર્ચા વગર,
ચાલ પડીએ જુદા કૈં જ સ્મર્યા વગર.

પાર કરીએ વીતક હામ હાર્યા વગર,
દઈ ધુબાકો કશું પણ વીચાર્યા વગર.

ઉગી ’ને આથમે, આથમી ’ને ઉગે,
કામ ચાલ્યા કરે કોઈ કર્તા વગર.

એ જો આવી મળે, પાત્ર છલકી ઉઠે,

છે અધુરું હજી માત્ર અર્ધા વગર.

કંઈ અચંબા ભરી ચીજ ભાળી હશે?
આંખ મીંચાઈ ગઈ કશું ભાળ્યા વગર.

.6.

અંધાર ને અજવાસની વચ્ચે ઉભા છીએ,
હળવી રીતે હળવાશની વચ્ચે ઉભા છીએ.

કેવી જણસની શોધ લઈને નીકળ્યા કે આ –
ક્ષણ–ક્ષણ ખટકતી ફાંસની વચ્ચે ઉભા છીએ.

છે રંગમંચ સાંપડ્યો શ્રદ્ધાના વેશનો,
અડચા પગે અવકાશની વચ્ચે ઉભા છીએ.

મુઠ્ઠી ભરીને આપ તે મબલખ બની જશે,
એવી સમજ ને શ્વાસની વચ્ચે ઉભા છીએ.

તું ક્યાંક જળ છે, ક્યાંક અગ્ની, ક્યાંક છે હવા,
હરપળ નવા આભાસની વચ્ચે ઉભા છીએ.

.7.

તમસ ને તેજ તો સીક્કાની બેઉ બાજુ છે, સાહેબ,
સમજ હો એવી એ જન આશિખાનખ સાધુ છે, સાહેબ.

ખરેખર વ્યક્ત થાવું એ જ તો અજવાળું છે, સાહેબ,
મઝા પડવી ના પડવી તો રુપાળા જાદુ છે, સાહેબ.

દીશાઓ ચારે ખુલ્લી હો અને નભ કોરુંકટ હો તો પણ,
હૃદયરસના છલકવાની ઋતુ ચોમાસું છે, સાહેબ.

જુદા સંજોગવશ ના આપણે આવી શક્યા નજદીક,
વસો છો આપ જ્યાં એ મારું પણ ઠેકાણું છે, સાહેબ.

સવા ગજ ઉંચું ચાલે છે તો એમાં શો અચંબો છે?
કવીના શબ્દોમાં પરમાણવાળું ગાડું છે, સાહેબ.

.8.

આંખ છે, ક્યારેક ભીની થાય ચુવે પણ ખરી,
હા, પરંતુ જીવતા હોવાની નક્કર ખાતરી.

જીવનની પડખોપડખ જે બેસવાલાયક ઠરી,
વ્યક્તી એવી કેમ એકાએક આવી સાંભરી?

જે. ર.પા.ના ગીતસંગ્રહમાં મુકી’તી કાપલી,
પાનું ખોલીને સવારે જોયું તો થઈ ગઈ પરી.

રાત તો હમણાં જ પુરી થઈ જશે એ બીકમાં,

મન અવાચક ને પ્રતીક્ષા થઈ બીચારી બાવરી.

તું જુનાં સૌ કાટલાં લઈ એ જ રસ્તા માપ્યા કર,
હું તો ક્યાંયનો ક્યાંય નીકળી જઈશ ચીલો ચાતરી.

ડાઘ પહેરણ પર જે લાગ્યા'તા છુપાવી ના શક્યા,
કેવા કેવા ઘાટે જઈ અજમાવ્યા નુસખા આખરી !

કાળ! હે મોંઘા અતીથી! તારો દરજ્જો જાણું છું,
આવ સત્કારું તને હું, કાળી જાજમ પાથરી.

.9.

રોમાંચ ઓ તરફ છે, આ બાજુ કમકમાટી
હે સુજ્ઞજન! આ ક્ષણને આછી કહું કે ઘાટી?

કોની સ્થીતીમાં હલચલ, છે સ્થીર કઈ સપાટી?
આ કઈ દીશાથી આવી પજવે છે હણહણાટી?

જાહેરમાં નહીં તો તું કાનમાં કહી જા–
પથ્થર થયો તે પહેલાં પાણી હતો કે માટી?

વેચું દરેક વસ્તુ હું તોલ–મોલ વીના,
છું હાટડી વગરનો સૌથી જુદો જ હાટી.

છે સુક્ષ્મ કીન્તુ સક્ષમ આ કાવ્ય નામે ઔષધ,
ચાખો, પીઓ કે ચાટો, ખાંડી, દળી કે વાટી.

સંભવ છે એ જગાએ મેળો ભરાય કાલે,
નીર્મમપણે જ્યાં આજે ખેલાયું હલદીઘાટી.

અક્ષરને એ ના જાણે, ના અંકનીય ઓળખ,
ભણતર આ એનું કેવું, કોરી રહે જ્યાં પાટી ?

.10.

(ગઝલ ત્રીપદી)

ધરબી શકે જો પાછો,
બંદુકમાં ભડાકો,
ત્યારે કવી તું પાકો.

વીંધે, પરોવે, પ્હેરે,
નીઃશબ્દનો ઈલાકો,
ત્યારે કવી તું પાકો.

નેવાંનાં પાણી મોભે,
વાળીને પાડે હાંકો,
ત્યારે કવી તું પાકો.

હો ફાટ્યું થાકી, હારી,

એ વસ્ત્રને લે ટાંકો,
ત્યારે કવી તું પાકો.

ઉઝેરવા હો ઉત્સુક,
નીત્ય દુઝતો સબાકો,
ત્યારે કવી તું પાકો

તરકીબ ને તરીકા,
છોડી જમાવે છાકો,
ત્યારે કવી તું પાકો.

સંજુ વાળા

કવીશ્રીના ગઝલસંગ્રહ ‘કવીતા નામે સંજીવની’ (પ્રકાશક: ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગર, પાનાં : ૧૦૪, મુલ્ય : રુપીયા ૬૦)માંથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

કવીનાં પ્રકાશનો :

કવીતાસંગ્રહ: ‘કંઈક, કશુંક અથવા તો..’ (૧૯૯૦), ‘કિલ્લેબંધી’ (૨૦૦૦), ‘રાગાધીનમ’(૨૦૦૭),

સંપાદન: ‘અતિક્રમી તે ગઝલ’ (૧૯૯૦), ‘કિંશુકલય’(૧૯૯૩), ‘ઘર સામે સરોવર’(૨૦૦૯), ‘કવિતાચયન’ (૨૦૦૭–૨૦૦૯)

:સર્જક સમ્પર્ક:

સંજુ વાળા, એ–77, આલાપ એવન્યુ, યુનીવર્સીટી રોડ, રાજકોટ–360 005

મોબાઈલ : 98255 52781, ઈ–મેઈલ : sanjoo.vala@gmail.com

13-338 : 27-12-2015

# વ્યાસસાહેબ

– હરનીશ જાની

અનુક્રમણીકા

આ વ્યાસસાહેબ મારા સસરા હતા. રીચર્ડ એટનબરોએ એમને જોયા હોત, તો તેમણે પોતાની ફીલ્મ ‘ગાંધી’માં ગાંધીનો રોલ વ્યાસસાહેબને આપ્યો હોત. તેમનો ફોટો મારા અમેરીકન મીત્રો જોતા, તો તરત કહેતા કે, ‘હી લુક્સ લાઈક મહાટ્મા ગેંડી.’ મારા દેશી મીત્રો, મારાં લગ્ન વખતે કહેતા કે ‘લગ્ન મંડપમાં છીંક ન ખાતો; નહીં તો તારા સસરા ઉડી જશે.’

એક રીતે તે ગાંધીજી જેવા દેખાતા હતા; તો બીજી રીતે તે સાચા ગાંધીભક્ત પણ હતા. મરતાં સુધી ખાદી પહેરી છે. આઝાદીની લડતમાં સક્રીય ભાગ લીધો હતો અને અંગ્રેજ વીરોધી ભાષણોને કારણે બે વાર જેલ પણ ભોગવી હતીતેમનું . ઘર આઝાદીનાલડવૈયાઓથી ધમધમતું હતું. ધંધે તેઓ વકીલ હતા. સત્ય બોલતા અને કાયદાને માન આપતા. એટલે આ ‘સજ્જન’ વકીલ હોવા છતાં ‘ગરીબ’ રહ્યા. વાચનનો બહુ શોખ હતો. જે એમને ધંધામાં કામ લાગતો. તેમને ઓળખવાની તક મને અઢી વરસ સુધી મળી. લગ્ન પછી અઢી વરસમાં તો હું અમેરીકા આવતો રહ્યો. જો કે એટલો સમય પણ અમદાવાદમાં

એમની સાથે વીતાવવાનો મારે માટે બહુ કપરો હતો. તેમ છતાં કહી શકું કે હું તેમાં સફળ રહ્યો. વ્યાસસાહેબ એટલે તેમની નજીકનાઓની ચોવીસ કલાક પરીક્ષા. જે વ્યક્તી એમની સાથે વાત કરે, તેને એ સામા સવાલો પુછીને થકવી નાખતા. ખરેખર તો એમની જીજ્ઞાસા વૃત્તી બહુ પ્રબળ હતી. એટલે સામેનાને તેઓ, તેના જ ફીલ્ડના સવાલ પુછતા. મેં એમને કદી આડીતેડી વાતો કરતા નથી સાંભળ્યા.

જ્યારે હું એમને ઘરે છોકરી –એમની દીકરી– જોવા ગયો, ત્યારે મારે તેમને જોવા જોઈતા હતા. જો કે તેમણે તો મને બરાબર જોયો હતો. ત્યારે બાજુના રુમમાં જ રેડીયો વાગતો હતો. બીસ્મીલ્લાહ ખાનની શહેનાઈ વાગતી હતી. મારું ડોકું હાલતું હતું. તે જોઈ મને તેમણે પુછ્યું : 'શાસ્ત્રીય સંગીત ગમે છે?' મેં હા પાડી. 'કયો રાગ વાગે છે ?' મેં કહ્યું : 'મને રાગની ખબર નથી; પણ મને શહેનાઈ ગમે છે. અને આ તો ફીલ્મી ધુન છે ! દીલકા ખીલૌના હાયે તુટ ગયા.' છોકરીને હું ગમું કે ન ગમું; પણ એના બાપને હું ગમી ગયો. મને એમ કે પરીક્ષા પુરી થઈ. પણ ના, પરીક્ષા તો હવે પછી હતી.

મારા એંગેજમેંટ થઈ ગયા. જ્યારે તેમને ખબર પડી કે હું લેખક છું. તો બ્રીટીશ રાજમાં ભણેલા આ વકીલે, મને પુછ્યું, 'તમારો પ્રીય લેખક કોણ ?' મેં કહ્યું કે, 'મેઘાણી અને મુનશી.'

'અંગ્રેજી લીટરેચરમાં કંઈ વાંચ્યું છે ?' હું તો 'મગન–માધ્યમ'માં ભણેલો ગ્રેજ્યુએટ ! કહ્યું : 'બહુ થોડું.' અને હવે હરનીશનું એડ્યુકેશન ચાલુ થયું. સસરાજી ચઢ્યા માળીયે. તે બોલ્યા : 'માનશો ? મારી છ દીકરીઓમાંથી કોઈ દીકરીને વાંચવાનો શોખ નથી. મારા બધાં પુસ્તકો આ માળીયામાં ધુળ ખાય છે. જુઓ, આ જ્યોર્જ બર્નાર્ડ શૉ. Arms and Man. બીચારાએ કેટલું સરસ હાસ્યનાટક લખ્યું છે; પણ અહીં એને કોઈ અડકતુંયે નથી ! અને આ સમરસેટ મોમ. તમે ટુંકી વાર્તાઓ લખો છો ને ! તમારે સમર સેટ મોમ અને ઓ'હેનરી વાંચવા પડે.' મેં તેમને કહ્યું કે 'ઓ'હેનરી મારા ફેવરીટ છે. અને આલ્બર્ટો મોરાવીયા મારા બીજા ફેવરીટ છે.'

હવે વાત આટલેથી નથી પતતી. વ્યાસસાહેબની દીકરી કરતાં, વ્યાસસાહેબે મારી પરીક્ષા લેવાનું ચાલુ કર્યું. તેમણે મને શૉનું Arms and Man આપ્યું અને કહ્યું કે વાંચજો. લગ્ન પછી હું અને મારાં પત્ની હંસા મણીનગરમાં રહેતાં હતાં. સાસરું અમદાવાદમાં એલીસ બ્રીજમાં હતું. બે ચાર દીવસ પછી સાસરે આવવાનું થયું. પ્રેમથી મને જમવા બેસાડ્યો અને કાંઈક વાત નીકળી. તો પપ્પા બોલ્યા, 'હરનીશભાઈ, પેલો સર્જીયસ એની સ્ત્રી સાથે કેવું બોલ્યો હતો? એ પણ રમુજી હતો.' (સર્જીયસ Arms and Manનો હીરો હતો. ) પપ્પાને કદાચ તેમના વાચનશોખમાં જોડીદાર જડ્યો; એમ સમજીને પુછ્યું હોય

અથવા તો મારી પરીક્ષા લેતા હોય. જે હોય તે; હું સફળ નીવડ્યો. અને તેમની મારી સાથે દોસ્તી જામી ગઈ. – ફક્ત સાહીત્યને લીધે જ.

પછી અમે અમેરીકા આવ્યાં. ત્યારે મારા સસરા અને સાસુ પણ અમેરીકા ફરવા આવ્યાં. મને ખબર હતી કે વ્યાસસાહેબ મને અમેરીકા વીશે સવાલો પુછશે અને મારી પરીક્ષા ચાલુ થઈ જશે. એટલે મેં અમેરીકાનો ઈતીહાસ તો ગોખી નાખ્યો; પણ ન્યુ યોર્ક વીશે પણ વાંચવા બેસી ગયો. મોટામાં મોટો બ્રીજ, કેટલી વસ્તી, મેયર, ગવર્નરનાં નામ વગેરે બધું વાંચીને તૈયાર થઈ ગયો. વ્યાસસાહેબ ભારતથી રાતે આવ્યા. સવારે અમે બન્ને અમારા ઘર પાછળના વાડામાં હતા. ત્યાં તેમની નજર એક મોટા વૃક્ષ પર પડી. ‘હરનીશભાઈ, આ કયું વૃક્ષ છે ? એનું નામ શું છે ?’ મેં કહ્યું કે, ‘જોઈએ તો અમેરીકાના ઈતીહાસમાંથી કાંઈ પુછો; પણ આ વૃક્ષ વીશે મને ખબર નથી.’ તો તેઓ બોલ્યા, ‘તમે તો કેવા માણસ ! તમારા વાડામાં વૃક્ષ અને તમને નામ ખબર નથી !’ બસ, વ્યાસસાહેબ આગળ તમે કદી જીતી ન શકો.

વ્યાસસાહેબનો બીજો દુર્ગુણ હતો કે અપ્રીય; પણ સાચું બોલવું. અને લોકોને માગ્યા વીના પણ પોતાનો ઓપીનીયન આપતાં ખચકાવું નહીં. એમના એક મીત્ર હતા. તેમના જમાઈ

જે નવા નવા એલ.એલ.બી. થયા હતા, તેને તેઓ વ્યાસસાહેબ પાસે લાવ્યા. તે વખતે હું પણ તેમની ઓફીસમાં બેઠો હતો. વ્યાસસાહેબે પેલા ભાઈને ઈંગ્લીશમાં સવાલ પુછ્યો. પેલા નવા નવા ગ્રેજ્યુએટે ગુજરાતીમાં જવાબ આપ્યો. પછી વ્યાસસાહેબે ચાનો ઓર્ડર આપી, પેલા બન્ને જણ સાથે ચા પીતાં પીતાં વાતો કરી અને પોતાના મીત્રને કહ્યું કે, 'તમારા જમાઈને પુરતું ઈંગ્લીશ નથી આવડતું. આ વકીલના ધંધામાં હાઈકોર્ટમાં ઈંગ્લીશમાં બોલવું પડે અને આ ભાઈ તો ઢીલા છે ! મારું માનો તો એમને કોર્ટમાં નોકરી અપાવી દઉં. બાકી વકીલાતમાં આ ભાઈ ન ચાલે.' એમના મીત્ર વ્યાસસાહેબને વરસોથી ઓળખતા હતા. મારા ખ્યાલથી પછી તેમના જમાઈએ કોઈ ગામડા ગામમાં વકીલાત શરુ કરી હતી. તેમ છતાં તેમણે ઘણા બધા યુવાનોને સાચી સલાહ આપી, તેમની કેરીયર બનાવી આપી છે.

વ્યાસસાહેબ, ધુની પણ એટલા જ. અમદાવાદમાં વકીલોના કોઈ ફંક્શનમાં ગયા હતા. ફંક્શન પુરું થયે ઘરે જવા નીકળ્યા ત્યારે ત્યાં કોઈની પાંચ–સાત વરસની બાળકીએ એમની આંગળી પકડી. તો પોતાની દીકરી હશે એમ સમજીને ઘરે લઈ આવ્યા. મારા સાસુએ એમનો ઉધડો લઈ નાખ્યો. 'આ ઘરમાં આ છ તો છે, તે ઓછી પડે છે ?' ત્યારે વ્યાસસાહેબ બોલ્યા, 'મને એમ કે કદાચ આ આપણી વીણા હશે અને હું એને ફંક્શનમાં સાથે લઈને આવ્યો હોઈશ.'

મારા અમેરીકા આવ્યા પછી તેઓ, અમેરીકા આવતાજતા લોકો સાથે મારે માટે ગુજરાતી સાહીત્યનાં ઉત્તમ પુસ્તકો મોકલતા. મારા ઘરની લાયબ્રેરીમાં બસો–ત્રણસો પુસ્તકો આજે પણ એમની યાદ અપાવે છે. તે મારી હાસ્યવૃત્તીના ચાહક હતા. મારી વાતો સાંભળી ઘણી વખતે અટ્ટહાસ્ય કરતા. મારાં લખાણના પણ વખાણ કરતા.

વ્યાસસાહેબના લૉ પાર્ટનર હતા દવેકાકા. દવેકાકા રૅશનાલીસ્ટ હતા. અને તે માટે, અમદાવાદમાં તેઓ સક્રીય રહેતા. આ બન્નેએ એક જ ઓફીસમાં બેસીને વર્ષો પ્રેકટીસ કરી. દવેકાકા પણ એવા જ પ્રામાણીક અને સાચાબોલા હતા. વળી માનવસ્વભાવના અભ્યાસી હતા. દવેકાકાની પબ્લીક રીલેશનની આવડતને લીધે, એમની લૉ ઓફીસમાં ક્લાયંટ આવતા હતા ખોટો કેસ .ઉભો કરવો, ખોટા સાક્ષી લાવવા વગેરે તો બન્ને પાર્ટનરના સીદ્ધાન્તની વીરુદ્ધ હતુંદવેકાકા પણ . સત્યપ્રીય હતા.

રાજપીપલાથી એમનો વકીલ ભાણો રાજુ, પોતાના ક્લાયંટને લઈને હાઈકોર્ટમાં કેસ લડવા માટે, મામા વ્યાસસાહેબ પાસે લાવ્યો. પેલા ક્લાયંટની બધી વાતો સાચી હતી. અને વ્યાસસાહેબે તેનો કેસ જીતી આપ્યો. વ્યાસસાહેબે પોતાની ફી પાંચસો રુપીયા જણાવી. રાજુ કહે, ‘મામા, આ ક્લાયંટને તમારી

પાસે લાવવાના જ મેં પાંચ હજાર રુપીયા ચાર્જ તો કર્યો છે ! ને તમે પાંચસો જ માંગો છો? તમે દસ હજાર ચાર્જ કરો.' રાજુને એનું ડહાપણ ભારે પડ્યું. તેમણે રાજુને વઢીને પેલા ક્લાયંટને તેના પૈસા રાજુ પાસેથી પાછા અપાવ્યા. ભાણીયો રાજુ પછી મામા વ્યાસસાહેબ પાસે બીજી વાર આવે ખરો કે ?

વ્યાસસાહેબ અને દવેકાકા બન્ને ખુબ જ પ્રામાણીક અને ન્યાયપ્રીય હતા. બન્નેનાં ફેમીલી પણ એકમેકને ચાહતાં હતાં. મઝાની વાત તો ત્યારે થઈ, કે જ્યારે બન્નેનો રીટાયર થવાનો વારો આવ્યો અને ઓફીસ બંધ કરવાનો વખત આવ્યો, ત્યારે વ્યાસસાહેબ, દવેકાકાને કહે કે તમે બધું ફર્નીચર લઈ લો. દવેકાકા એમ કંઈ લેતા હશે? તે કહે, 'વ્યાસ, તમે ફર્નીચર રાખો. તમે સીનીયર છો.' વ્યાસસાહેબ એમ માનતા હોય ખરા ? છેવટે તેમણે બન્ને વચ્ચે ઓફીસનું એક માત્ર ટેબલ અને ક્લાયંટને બેસવા માટેનો બાંકડો બન્ને, સુથાર પાસે વહેરાવીને બે ભાગ કરાવ્યા. તેને બીજા બે નવા પાયા લગાડીને બે ટેબલ અને બે બાંકડા બનાવડાવ્યા. આને કહેવાય વકીલોનો ન્યાય ! એ બન્ને જીવનભર પાર્ટનર રહ્યા.

–હરનીશ જાની

સર્જક–સમ્પર્ક :

Harnish Jani, 4-Pleasant Drive, Yardville, NJ-08620-USA

Phone-609-585-0861 Email : harnishjani5@gmail.com

હરનીશભાઈ હાલ તેમના આગામી ગ્રંથ માટે ‘હાસ્ય–ચરીત્રો’ લખવામાં વ્યસ્ત છે.. ૨૦૧૬માં એમનું એ પુસ્તક ‘હાસ્ય–ચરીત્ર’ પ્રકાશીત થઈ રહ્યું છે.. તેમાંનો આ એક લેખ તે ‘વ્યાસસાહેબ’..

શરુઆતથી જ ‘સ.મ.’ના જબરા ચાહક અને સાચા સમર્થક રહેલા ભાઈ હરનીશ જાનીએ, ‘સન્ડે ઈમહેફીલ.’ માટે જ આ લેખ, સ્નેહથી લખી મોકલ્યો તે બદલ તેમનો ખુબ આભાર..

@

14-339 : 10-01-2016

# ખરતાં પાંદડાંની મોસમ !

– વીદ્યુત જોશી

અનુક્રમણીકા

વાસ્તવમાં શારીરીક વૃદ્ધત્વ એટલું નથી નડતું, જેટલું માનસીક અને સામાજીક વૃદ્ધત્વ નડે છે.

વી ડુરાં કહે છે : ‘માણસે, તેના જીવનની ટોચે હોય ત્યારે મરી જવું જોઈએ’; પણ આમ બનતું નથી અને પાછું તબીબીવીદ્યાએ જીન્દગી માણી શકાય તેનાથી વધુ લંબાવી આપી છે. જેકીલીન સુસાનની નવલકથા મુજબ આ શરીર ‘વેલી ઓફ ધ ડોલ્સ’(ટીકડીઓનો ભંડાર) બની જાય છે. તેમ છતાં એક ખોટી આશાએ જીંદગી ઘસડ્યા કરીએ છીએ કે જેમ, વૃક્ષોને પાનખર પછી વસંત આવે છે તેમ, આ જીંદગીમાં પણ વસંત પાછી ફરશે. આશા રાખવાના ક્યાં પૈસા પડે છે? શું છે આ વૃદ્ધત્વ? તે શારીરીક, માનસીક અને સામાજીક એમ ત્રીપરીમાણીય છે.

શારીરીક રીતે એક પછી એક અંગો સાથ છોડતાં જાય છે. શરુમાં પેટ બળવો કરે છે. પહેલાં જે પેટ ભરીને ખવાતું હતું, તે હવે નથી ખવાતું. તેમ છતાં જીભનો ચટકો નથી જતો. બીમાર પડાય અને દવાઓના ડોઝ શરુ થઈ જાય. કાને ઓછું સંભળાય, આંખે ઓછું દેખાય, પગથી ઓછું ચલાય, દાંત પડવા લાગે, વાળ સફેદ થઈને ખરવા લાગે. શરીરની નસો કડક બની

ઓછું લોહી ફેરવતી થઈ જાય અને દાકતર કહેશે બાયપાસ કરવું પડશે. ઘુંટણ દુ:ખે એટલે નવી ઢાંકણી નાખવાનું ઓપરેશન કરાવીએ. રોજ કાયમ ચુર્ણ તો લેવાનું જ. વસંતની આશામાં પાનખર લંબાવ્યા કરીએ છીએ. શરીર સાથ નથી આપતું. નરસીંહ મહેતાએ કહ્યું છે :

‘આ ઘડપણ કોણે મોકલ્યું?
ઉંબરા તો ડુંગરા થયા ને પાદર થયા પરદેશ,
ગોળી તો ગંગા થઈ ને ઉજળા થયા છે કેશ,
નહોતું જોઈતું ને શીદ આવીયું રે !’

પણ આ ઘડપણ માત્ર શારીરીક હોય તો પહોંચી વળાય. જેમ કોઈ એક આંખે કે એક પગે પણ આખી જીંદગી કાર્યરત રહી જીવી જાય છે તેમ, વૃદ્ધત્વ પણ એક ખોડ–અવસ્થા સમજીને જીવી શકાય. વાસ્તવમાં શારીરીક વૃદ્ધત્વ એટલું નથી નડતું, જેટલું માનસીક અને સામાજીક વૃદ્ધત્વ નડે છે. એક સરકારી અમલદાર હતા. મોટા સાહેબ. તેમની આજુબાજુ લોકો આંટા મારે. ચાર પટાવાળા તહેનાતમાં. સાહેબનો વટ હતો. લલાટ ચળકતું હતું. શહેરમાં નીકળે તો લોકો જોઈ રહે. સાહેબ નીવૃત્ત થયા અને પટાવાળા નવા સાહેબ પાસે ચાલ્યા ગયા. લોકો કામ માટે આવતા બંધ થયા.

જાતે શાક ખરીદવા એક દીવસે બજાર ગયા. તેમને જોઈને કોઈકે કહ્યું, ‘આ પેલા સાહેબના મોટા ભાઈ લાગે છે.’ માણસને કામ છુટે એટલે તેનું જીવન જાણે અર્થવીહીન બની જાય. તાજવીહીન (ક્રેસ્ટ ફોલન) બની જાય છે. જીવનમાંથી જાણે અર્થ ચાલ્યો જાય. પોતે કશા કામના નથી તેવો અહેસાસ

વહેલું વૃદ્ધત્વ લાવે છે. તમે કામ કરતા હતા ત્યારે ભવીષ્યનું વીચારતા હતા, હવે તમે ભુતકાળ વાગોળવા લાગો છો. તમે વીચારો થકી ઘરડા બની જાઓ છો. કંઈ નવું કરવાની તમન્ના નથી રહેતી. જગત બગડી ગયું હોય તેવું લાગવા માંડે છે. મૃત્યુના વીચારો આવવા લાગે છે અને ડર લાગવા માંડે છે. આમ છતાં વીચારોમાં આશા પીંડ નથી છુટતો. એક સંસ્કૃત સુભાષીત છે :

‘અંગમ ગલીતમ પલીતમ મુંડમ, દશન વીહીનીમ જાતમ તુંડમ,
વૃદ્ધો યાતી ગૃહીત્વા દંડમ, તદપી ન મુન્ચતી આશા પીંડમ.’

છોકરાને ઘર બંધાઈ જાય પછી ભગવાન ઉપાડી લે તો સારું, એવું વીચારવા લાગીએ છીએ. આમ, કામ (બન્ને અર્થમાં)નો અર્થ ચાલ્યા ગયા પછી જીન્દગીને કોઈ કૃત્રીમ અર્થ આપી જીવવાની કોશીશ કર્યા કરીએ છીએ. પણ સૌથી વધુ કપરું તો સામાજીક વૃદ્ધત્વ છે. વૃદ્ધત્વ આવતા મોટા ભાગના લોકો બદલાયેલી ભુમીકા ભજવી નથી શકતા. હવે કોઈ અન્ય કમાનાર છે, હવે કોઈ અન્ય ઘરના નીર્ણયો લેવાનું છે, હવે સોફામાં બેસાય નહીં, હવે શી રસોઈ કરવી તે અંગે કોઈને સલાહ ન અપાય વગેરે બાબતો.. આપણે સમજવા માગતા નથી. ફરી નરસીંહ મહેતાને યાદ કરીએ,

‘ઘરના કહે મરતો નથી, તને બેસી રહેતા શું થાય?
બૈરાંછોકરાં ફટફટ કરે ને વહુઓ દે છે ગાળ !’

જ્યારે તમારી કાર્યશક્તી ઘટી જાય છે ત્યારે ખાલી ચીંતા વધી જાય છે, દીકરાને આવતા મોડું થાય તો અશુભ વીચારો આવે છે અને વળી પાછું તે બોલી દેવાય છે; જેથી

ઘરના લોકોનાં મન ઉંચાં થાય છે. પ્રશ્નો ઉકેલવાની શક્તી ઘટી જાય છે, ત્યારે પ્રશ્નોની ચીંતા વધી જાય છે. આવું બને ત્યારે વણમાગી સલાહ આપી બેસાય છે. હવે છોકરાના સંદર્ભો, તમારા સંદર્ભો કરતાં જુદા છે અને તેમની સમસ્યાઓ ઉકેલવાની રીત પણ જુદી છે. તમે તમારો પાઠ ભજવી લીધો, હવે તમે નેપથ્યે આરામ કરો અને નવાં પાત્રોને રંગમંચ પર ખેલવા દો. પણ ના; બોલી પડાય છે અને એક બાજુ ખાટલો ઢાળીને બેસી રહેવું નથી ગમતું તેથી, કોણ શું કરે છે તેની ખબર રાખવામાં જીવ પરોવાઈ જાય છે. વણમાગી સલાહ આપવાની ટેવ પડી જાય છે.

જમાનો બગડી નથી ગયો, બદલાઈ ગયો છે. આપણે ક્યાં તો બદલાયેલા જમાનાને અનુકુળ થવું પડે અથવા તો નીવૃત્તી મનાવવી પડે. શારીરીક રીતે હવે માત્ર 1000 કેલરીનો ખોરાક જ ખાવો જોઈએ. હવે 1800 કેલરી ન પચે. હવે તમામ કાર્યોની ગતી ધીમી કરી દેવી પડે. (પણ બહેરા થયેલા લોકો વધુ જોરથી બોલે છે !) દીકરો-વહુ બગડી નથી ગયાં; મોટાં થયાં છે અને તેમની બદલાયેલી ભુમીકા ભજવી રહ્યાં છે. તેમના કોઈ કાર્યની ટીકા કરવાથી કોઈ ફાયદો નથી થવાનો. હવે નીવૃત્ત જીવન આનંદો. બોલવાનું ઓછું કરો. અન્ય ઈન્દ્રીયો નબળી પડે છે; પણ જીભ નબળી નથી પડતી. દીવાનખંડમાં બેસવાનું બંધ કરો. અત્યાર સુધી વાંચવાનો શોખ ન કેળવ્યો હોય, તો હવે કેળવો. ધાર્મીક સાહીત્ય વાંચવું ન ગમતું હોય તો નવલકથા વાંચો; પરંતુ દીવસમાં ચાર કલાક તો વાંચવામાં કાઢો. બગીચામાં કે મન્દીરમાં, મીત્રોને મળો ત્યારે જગત બગડી

ગયું છે, તેવી વાત ન કરો. જગત કદી બગડતું કે સુધરતું નથી; માત્ર બદલાય છે. બદલાતી સ્થીતીમાં અનુકુલન સાધવાનું શીખી લે છે તેને કદી વૃદ્ધત્વ સતાવતું નથી.

–વીદ્યુત જોશી

સામાજીક સમસ્યાઓ સાથે ઉંડી નીસબત ધરાવતા ચિંતક–લેખક શ્રી. વીદ્યુત જોશીની કટાર 'સમુદ્ર મંથન' વર્ષોથી 'દીવ્ય ભાસ્કર'માં પ્રગટ થાય છે.. તા. 20 સપ્ટેમ્બર, 2015ના 'દીવ્ય ભાસ્કર' દૈનીકની રવીવારીય પુર્તી 'SUNDAY'(હવે એ પુર્તીનું નામ 'રસરંગ' છે)માંથી લેખકશ્રીની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

સર્જકસમ્પર્ક :
વીદ્યુત જોશી,
44, સાકેત–3, નન્દીશ્વર મહાદેવ સામે, બકેરી સીટી, વેજલપુર, અમદાવાદ–380 051
ફોન : 079- 2681 1498 મોબાઈલ : 98250 64748 ઈ.મેલ : vidyutj@gmail.com

15-340 : 24-01-2016

## ગઝલ

– વીપુલ માંગરોલીયા

અનુક્રમણીકા

.1.

હવે એ વાત પર તારી, બધો આધાર રાખે છે,
સજાવે વાંસળી હોઠે કે તું હથીયાર રાખે છે.

જુઓ, હરખાય છે ઘડપણ ધરીને બાળપણ ખોળે,
કે સુક્કી ડાળ પણ જાણે લીલો શણગાર રાખે છે.

હજી પણ પાતળા કપડાથી સુરજને એ હંફાવે,
હજી મારી મા, પાલવ એટલો દમદાર રાખે છે.

ઉપર બેસીને કાયમ પારખાં તારે જ કરવાનાં?,
તને પડકારવાનો કવીઓ પણ અધીકાર રાખે છે.

નહીંતર સાવ અમથું પારણે મલકે નહીં બાળક,
કુણી પાંપણની અંદર એ અલગ સંસાર રાખે છે.

કરી જો દીલના ઉંડાણેથી તારી વાત ઈશ્વરને,
એ ક્યાં લોબાન કે શ્રીફળનીયે દરકાર રાખે છે !

ચમનમાં ફુલ ખીલ્યાંની ખબરથી આવ્યા ભમરાઓ,
મને લાગે છે ઉપવન પણ હવે અખબાર રાખે છે.

.2.

સાથે છે પણ અળગા લાગે,
માણસ વચ્ચે પડદા લાગે.

દર્પણની આદત છે ભુંડી,
અવળા છે તે સવળા લાગે.

સ્વીચોમાં મોસમ અટવાણી,
તડકાને શીતળતા લાગે.

થોડો અમથો ગોળ કરી દે,
પથ્થરને ઈશ્વરતા લાગે..

હાથ જ ક્યાં છે આ ખુરશીને ?
તો પણ એના ભરડા લાગે.

કીસ્મત જો સાથે ના હો તો,
પાણીથી પગ બળતા લાગે.

બાળકના પ્રશ્નોની સામે ,

જીભે લોચા વળતાં લાગે.

મંદીરમાં માથું અથડાયું,
લોકોને શ્રીફળતા લાગે.

પીનારા તો એમ જ કહેશે,
પીવાથી શંકરતા લાગે.

.3.

એના વગરની કલ્પના કાયમ નકામી હોય છે,
હર એક નારીરુપની જુદી કહાની હોય છે.

કરશે સહન અબળા બની દુનીયાના અત્યાચારને,
તો કોઈ એવી પણ હશે જે ખુદ ભવાની હોય છે.

મનમાં કરી નીશ્ચય, ને કોઈ ચાંદ પર ડગલાં ભરે,
કોયલ સરીખા કંઠથી દુનીયા ગજાવી હોય છે.

ક્યાં ખેવના છે નામની સંતાનના પણ જન્મ પર,
જ્યાં હો ‘શીવાજી’ નામ, ત્યાં ‘મા’ની ખુમારી હોય છે.

બાળકની હો સંભાળ, ચાહે ઘરની હો કે દેશની,
દેખાય ક્યાં? પડદાની પાછળ એ છુપાણી હોય છે.

બે ત્રાજવે પગ રાખશે, એ દીલ બધાનાં જીતવા,
અર્જુન બની; પણ તીરથી કાયમ ઘવાણી હોય છે.

.4.

હૃદયના જ સ્પંદનથી કેવો તમે પણ ઈશારો કર્યો છે,
પડી ગઈ ખબર કે અમે ત્યાં અમારો ઉતારો કર્યો છે.

હું બાજી કદી બંધ રાખી રમી ક્યાં શકું છું હજી પણ,
જરા અમથું મલકી તમે પણ અનોખો જ ધારો કર્યો છે.

નથી પાનખર પાસમાં, તોય ફુલો ખર્યાં છે વસંતે,
તમારી જ આહટ મળી એટલે તો ઈરાદો કર્યો છે.

મને શોધવાની તમે કોઈ નાકામ કોશીશ ના કરશો,
તમારાં જ રમણીય સપનાંમાં મેં રાતવાસો કર્યો છે.

હવા પણ વહે છે હવે તો વધારે સુગંધીત થઈને,
જરા અમથું પાલવને અડકી સુગંધે વધારો કર્યો છે.

તમારું પલળવું હવે તો પલાળે છે વરસાદને પણ,
તમે છત્રી ખોલીને થોડો એ ઝાંખો નજારો કર્યો છે.

.5.

જ્ઞાન કે વીજ્ઞાનથી પણ, એ ઘણું પર જોઈએ.
ફુલને સમજાવવા ભમરાનું ભણતર જોઈએ.

આવશે નજદીક તો નખશીખ નીહાળી ના શકો,
આ નીકટતામાં જરા અમથું તો અંતર જોઈએ.

સભ્યતા પ્રાચીન આજે પણ મળે છે દેશમાં,
આગને ભડકાવવા આજેય પથ્થર જોઈએ.

દાઝ ને ઈર્ષ્યા છે મનમાં આંખમાં ખુન્નસ ભર્યું,
ઝેર આ દુનીયાનાં પીવા, લાખ શંકર જોઈએ.

દર્દ ખાલી શબ્દથી પણ ઓછું થૈ શકશે ઘણું,
શબ્દને બસ લાગણીનું એક અસ્તર જોઈએ.

વેદના સાચી વીરહની એમ ક્યાં સમજાય છે,
એનાં માટે પાર કરવા સાત સાગર જોઈએ.

## .6.

અર્જુનની આજીજી માનો, ચાલો કેશવ, પાછા ચાલો,
અશ્વોને થોડા સમજાવો, ચાલો કેશવ, પાછા ચાલો.

શ્વાન ફરે છે વાહનમાં ને સ્થાન નથી ઘરડાંને ઘરમાં,
લાગે છે કે કળીયુગ આવ્યો, ચાલો કેશવ, પાછા ચાલો.

કૌરવના કુળને લાગીતી એક જ અંધાપાની કાળપ,
ચારેકોર અહીં અંધાપો, ચાલો કેશવ, પાછા ચાલો.

એક જ મામાથી ત્યારે ભરમાયા સો ભાણા, પણ આજે;
એક દુર્યોધન સો ગાંધારો, ચાલો કેશવ, પાછા ચાલો.

ગીતાના ઉપદેશો આજે બે પાનાંની વચ્ચે દાબી,
ખોટાને પણ કરશે સાચો, ચાલો કેશવ, પાછા ચાલો.

તારા નામે યુદ્ધો લડશે, મુરત તારી ઢાલ બનાવી,
કેમ પછી હથીયાર ઉપાડો, ચાલો કેશવ, પાછા ચાલો.

બે પાસાના સંગ્રામે આ ધરતી લાલ કરી'તી તો પણ;
ઘર ઘર માંડી છે ચોપાટો, ચાલો કેશવ, પાછા ચાલો.

.7.

વણમાંગ્યા પડકાર મળે છે,
જીવન જ્યાં શરુઆત કરે છે.

આંખો થોડી ઉઘડે ત્યાં તો,
ઈચ્છાઓ અવતાર ધરે છે.

બાળકના દફતરની અંદર,
અધકચરા અરમાન જડે છે.

માણસ નામે વેપારી છે,
મ્હોરાંનો વેપાર કરે છે.

કેવી રીતે તમને મળવું ?
તમને ક્યાં વ્હેવાર ગમે છે !

કાંતો ફેંકો કાં બેસાડો,
પથ્થર થી ઈન્સાન નમે છે.

આંબા નૈ તો બાવળ વાવો,
પંખીની ત્યાં સાંજ ઢળે છે.

પુષ્પો ત્યારે સુંદર લાગે,
ઝાકળ જ્યારે નામ લખે છે.

**.8.**

અક્ષરને વળગે આંખનું કાજળ, તો સર્જાશે ગઝલ,
કાતીલ નજર બનશે જરા ચંચળ, તો સર્જાશે ગઝલ.

સૌંદર્ય કુલોનું હમેશાં એ નીખારી જાય છે,
ભીનો કરે જો સુર્યને ઝાકળ, તો સર્જાશે ગઝલ.

રણમાં પ્રણયની આમ તો દે છે ગવાહી ઝાંઝવાં,
મળશે જો મધદરીયે કદી મૃગજળ, તો સર્જાશે ગઝલ.

મળતા રહે છે માણસો જ્યાં કોઈ સંવેદન વગર,
ભીંજાય કોઈ શબ્દથી કાગળ, તો સર્જાશે ગઝલ.

આધાર યાદોનો હશે તો જીન્દગી વીતી જશે,
સન્મુખ થતાં ભારે થશે પળ પળ, તો સર્જાશે ગઝલ.

.9.

કલરવ સાંજે પાછાં મળશે,
વડલાંને પણ વાચા મળશે.

બાળકની આંખો વાંચી જો,
ઈશ્વરનાં સરનામાં મળશે.

સંભાળીને શબ્દો વાપર,
એના પણ પડછાયા મળશે.

મઝધારેથી ઉગરી જાશો,
તો કાંઠા ગોઝારા મળશે.

સારો માણસ શોધી આપો,
દુર્જનનાં તો ધાડાં મળશે.

ભીંતે ટાંગો માનો ફોટો,
આજે પણ હોંકારા મળશે.

.10.

કૃષ્ણ જેવો કોઈ હારે જોઈએ,
આટલાંથી શું વધારે જોઈએ ?

આખું જંગલ મેં કદી ક્યાં માંગ્યું છે ?
એક ટહુકો બસ, સવારે જોઈએ.

લાગશે ના ઘર નહીંતર ઘર સમું,
એક દીકરી ઘરમાં તારે જોઈએ.

છો અલગ બેઠાં રહો એક નાવમાં,
સાથ તો સાચો કીનારે જોઈએ.

બોલશે પાદરના પાળીયાઓ પણ,
એક દાંડી બસ નગારે જોઈએ.

લાગણી સઘળી બતાવી દઉં તને;
પણ હૃદય છાતી બહારે જોઈએ.

રાખું છું એને હથેળીમાં સદા,
બોલ ઈશ્વર, જીવ ક્યારે જોઈએ ?

.11.

ન એનાં જેવું કો હથીયાર મળશે,
જો આ શબ્દોને થોડી ધાર મળશે.

જો જોવી હોય સપનાંઓની દુનીયા,
તો ટહુકાઓની પેલે પાર મળશે.

વસંતે હામ ખરવાની હો એવાં,
ગણીને પાંદડાં બે–ચાર મળશે.

ડુમા સઘળા બને હીબકાં પછી તો,
જો કોઈ વાત સાંભળનાર મળશે.

લગાવે કાળું ટપકું ગાલ પર મા,
જગતનો શ્રેષ્ઠતમ શૃંગાર મળશે.

હવે સંવેદના ક્યાં છે મીલનમાં ?
મળે માણસ તો બારોબાર મળશે.

આ તો 'વેદાંત', જંગલ માણસોનું
અહીં વૃક્ષોનો બસ, આકાર મળશે.

વીપુલ માંગરોલીયા (વેદાંત)

સર્જકસમ્પર્ક :

VIPUL G. MANGROLIYA

UNIQUE PATHOLOGY LABORATORY,

211, GOPAL COMPLEX, PARVAT PATIA, SURAT-395010

Phone : +91261-234 7404 / +91 98251 32610 / +91 80000 11555

eMail : vipul_daxa@yahoo.com / vmangroliya@gmail.com

Facebook link : https://www.facebook.com/vipul26474

@

16-341 : 07-02-2016

# ભુખ ભુંડી છે

– જય ગજ્જર

અનુક્રમણીકા

એલસા અને પીટર ન્યુયોર્કના ‘બ્લેક’ લોકોને કારણે મનથી ત્રાસી ગયાં હતાં. ચાર વર્ષમાં એ કાળીયાઓના ખરાબ અનુભવ થયા હતા. જો કે બન્ને માનતાં હતાં કે બધા જ કાળીયા લોકો ખરાબ નથી હોતા; પણ કમનસીબે બધા જ કાળીયાઓના ખરાબ અનુભવ એમને થયા હતા.

આજે એના ‘ક્વીક-માર્ટ’માં એક કાળીયાએ સીગારેટનું પૅકેટ માંગી દશ ડૉલરની નોટ કાઢી. ચાર ડૉલર કાપીને છ ડૉલર પાછા આપવા કેશ રજીસ્ટર ખોલ્યું. ત્યાં તો પેલા કાળીયાએ સામે બંદુક ધરી હુકમ કર્યો : ‘જે રકમ હોય તે મને ચુપચાપ આપી દે નહીંતર.....’ એ વાકય પુરું કરે તે પહેલાં એલસાએ કેશ-બૉકસનું બધું નાણું એની થેલીમાં ઠાલવી દીધું. કેશ લઈ સડસડાટ એ ભાગી ગયો. જો કે સવારનો બધો વકરો સદનસીબે, એલસા બપોરે જ બૅન્કમાં મુકી આવી હતી; એટલે માત્ર ચાર હજાર ડૉલર ગયા હતા. પરંતુ આ ઘટનાથી એને ધ્રુજારી છુટી. તે જલદી સ્ટોર બંધ કરી ઘેર ગઈ.

પીટરે પુછ્યું, ‘આજે સ્ટોર વહેલો કેમ બંધ કર્યો ?’

એલસાએ આજના બનાવની વીગતે વાત કરી કહ્યું, 'હું તને કયારની કહું છું કે આ શહેરમાં રહેવા જેવું નથી. એક દીવસ જીવ જાય એની રાહ જુએ છે ?'

'પણ જઈશું કયાં ? કાગડા બધે જ કાળા હોય છે. દરીયામાં રહેવું અને મગરથી બીવાનો શો અર્થ ?'

'ટૉરન્ટો મુવ થઈ જઈએ. એ શહેરમાં ગુનાખોરી નહીંવત જ છે.'

'સારું, હું ઈન્ટરનેટ પર તપાસ કરું છું. કોઈ સારો 'ક્વીક-માર્ટ' સેલમાં હોય તો ખરીદી લઈએ. હું પણ ઓફીસમાં કાળીયાઓનાં વર્તન અને વ્યવહારથી ત્રાસી ગયો છું.'

સદનસીબે યંગ-સ્ટ્રીટ પર એક 'ક્વીક-માર્ટ' વેચવાનો હતો. એણે ફોન કરી વીગતો મેળવી. સોદો એને સારો લાગ્યો. બન્ને વચ્ચે કીંમતની બાંધછોડમાં મહીનો નીકળી ગયો. સ્ટોર ખરીદતાં પહેલાં બન્ને એ સ્ટોર જોવા ટૉરન્ટો જવા કારમાં નીકળ્યાં. બોર્ડરના રેઈનબો બ્રીજના કસ્ટમ ઓફીસરે પુછ્યું : 'કેનેડા કેટલા દીવસ માટે જાઓ છો ?' કસ્ટમ ઓફીસર તરીકે પણ કાળીયાને જોઈ એલસા પીટર પાસે સરકી ધીમેથી બોલી, 'મને લાગે છે કે કાળીયાઓથી આપણને છુટકારો નથી મળવાનો.' એના શબ્દો પર ધ્યાન ન આપતાં પીટરે જવાબ આપ્યો :

'એક જ દીવસની સફર છે. એક 'ક્વીક-માર્ટ'નું ડીલ થઈ જાય તો સાંજે પાછાં ફરીશું.' પાસપોર્ટનો ફોટો અને કારમાં બેઠેલી સ્ત્રીને ઑફીસર ઘડીભર જોઈ રહ્યો. ફ્લેશબેક થતાં કસ્ટમ ઓફીસરે ધીરે રહીને પુછ્યું, 'તમારા ન્યુયોર્કના સ્ટોરનું શું કરશો ?'

પીટરે આશ્ચર્ય પામી વીચાર કર્યા વીના સત્ય કહી દીધું : 'એ વેચી દેવાનો છે. ખોટા વીસ્તારમાં ફસાઈ ગયાં છીએ. પણ તમને કયાંથી ખબર?'

'કાલે પહેલો પગાર મળતાં તમારું ઋણ ચુકવવા હું તમારે ત્યાં આવવાનો જ હતો.'

'શેનું ઋણ ?'

'હું કૉમર્સ ગ્રેજ્યુએટ છું. પરંતુ 'બ્લેક' હોવાથી બાર મહીનાથી કોઈ નોકરી મળતી નહોતી. બે બાળકો છે, પત્ની છે. કંઈ આરો નહોતો એટલે કમત સુઝી. ગોરો હોય કે કાળો, માનવી ભુંડો નથી, ભુખ ભુંડી છે. તમારાં મીસીસે કૅશના જે પૈસા મને આપેલા, એમાં સુંઢવાળા હાથીની નાની મુર્તી હતી. મારી પત્નીને ગમી જતાં તેણે તે કીચનમાં મુકી. એના પાંચમા દીવસે તો મને આ નોકરી મળી. કાલે મારી રજા છે. એટલે આજે નકકી કરીને જ નોકરી પર આવ્યો છું કે કાલે તમારો આભાર માનવા આવીશ. આજની આ અણધારી મુલાકાત પણ કદાચ એ પેલી મુર્તીનો પ્રભાવ હશે !'

પાસપોર્ટ પાછા આપતાં એણે પુછ્યું, 'કાલ પાછા ફરશો ને ? સાંજે હું સ્ટોર પર તમારાં મીસીસને મળવા આવવાનો છું.'

પીટરે કંઈ પણ જવાબ આપ્યા વીના જ કાર રીવર્સ લઈ, ન્યુયોર્ક તરફ હંકારી.

સ્વ.–જય ગજ્જર

જણાવતાં ખેદ થાય છે કે ભાઈ જય ગજ્જર હવે આપણી વચ્ચે રહ્યા નથી..

@

17-342 : 21-02-2016

# એ સોનેરી ક્ષણ

– આશા વીરેન્દ્ર

અનુક્રમણીકા

ભલે હું અમેરીકન માતાપીતાનો, અમેરીકામાં જ જન્મેલો અને ત્યાં જ ઉછરેલો એકમાત્ર દીકરો છું; પણ શી ખબર કેમ, હું સ્વભાવે અત્યંત લાગણીશીલ છું. ફક્ત હું જ શા માટે ? મારાં માબાપ પણ એકમેકને એટલો જ પ્રેમ કરે અને એકબીજાની એટલી કાળજી કરે કે આ ભૌતીકતા પાછળ દોડનારા દેશ માટે તો નવાઈની જ વાત કહેવાય !

મમ્મી હંમેશાં મારી અને ડૅડીની પસંદ–નાપસંદો, અગવડ–સગવડનો ખ્યાલ રાખતી. કદી એણે કોઈ પાસે કશું માગ્યું નથી કે નથી કંઈ અપેક્ષા રાખી. પણ મને કોઈક રીતે ખબર પડી ગયેલી કે મમ્મીને સ્ટ્રૉબરીઝ બહુ ભાવે છે. દરેક વીક એન્ડમાં હું મમ્મી–ડૅડીને મળવા અચુક જતો અને જાઉં ત્યારે ખાસ યાદ રાખીને સ્ટ્રૉબરીઝનું બૉક્સ તો લઈ જ જતો.

‘બેટા, તું ગઈ વખતે લાવેલો તેમાંથી કેટલી બધી સ્ટ્રૉબરીઝ હજી ફ્રીજમાં પડી છે. દર વખતે શા માટે લાવે છે ?’

મમ્મી ભલે આમ કહેતી હોય; પણ હું જાણું છું કે, પોતાનો દીકરો યાદ રાખીને એને માટે કોઈ ચીજ લાવે, એનાથી એને કેટલો ઉંડો સંતોષ મળે છે ! ડૅડી પણ આ અમારો કાયમનો સંવાદ સાંભળીને ધીમું ધીમું મલકાયા કરતા.

એક શનીવારે હું એમને મળવા ગયો ત્યારે ડૅડીએ કંઈક નીરાશાભર્યા સ્વરે કહ્યું, ‘બેટા, અમે બન્ને હવે વધુ ને વધુ વૃદ્ધ થતાં જઈએ છીએ. ઘરની બધી વ્યવસ્થા અમારાથી સંભાળાતી નથી. મને લાગે છે કે અમે કોઈ સારા નર્સીંગ હોમમાં રહેવા જતાં રહીએ તો વધું સારું પડે.’ મારાં માતાપીતા જીવનના ઉત્તરાર્ધ તરફ ધકેલાઈ રહ્યાં છે એ હકીકતનો સ્વીકાર કરવાનું મને ગમ્યું તો નહીં; પણ મેં એમને કહ્યું, ‘સારુ. ઈન્ટરનેટ પર સર્ચ કરીને કોઈક સરસ જગ્યા શોધી કાઢીશ. તમે ચીન્તા ન કરશો.’

પછી તો તેઓ બન્ને ‘જીવનસંધ્યા નીવાસ’માં રહેવા ગયાં. દર રવીવારે સ્ટ્રૉબરીઝ લઈને તેમને મળવા જવાનો મારો ક્રમ ચાલુ જ હતો. ત્યાંથી પાછા ફરતી વખતે મને ઉદાસી ઘેરી વળતી. હું જોઈ શકતો હતો કે ડૅડી કરતાં પણ મમ્મી પર ઘડપણ વધુ ઝડપથી પોતાનો પંજો ફેલાવી રહ્યું હતું. એ વધુ વાંકી વળી ગઈ હતી. મોઢા પર કરચલીઓ વધી રહી હતી અને ખુબ ભુલકણી થતી જતી હતી. પણ એનું માયાળુ હાસ્ય એવું ને એવું અકબંધ રહ્યું હતું તેનો મને ખુબ આનંદ હતો.

‘હજી ગઈ કાલે જ તો તું ગુલાબનું ફુલ લઈને આવ્યો હતો. આજે ફરી શા માટે લાવ્યો ?’ એ મને પુછતી. લાગણીપુર્વક, કોમળતાથી તેને માથે હાથ ફેરવી હું કહેતો, ‘મમ્મા, ગઈ કાલે નહીં; હું ગયે અઠવાડીયે આવ્યો હતો અને ગુલાબનું ફુલ નહીં; પણ તને ભાવતી સ્ટ્રૉબરીઝ લાવ્યો હતો, યાદ આવ્યું?’

'હં..હં...' કહેતાં હસીને એ કંઈક વીચારમાં પડી જતી. એકની એક વાત નાના બાળકની માફક એને વારંવાર સમજાવવી પડે અથવા વારેઘડીએ એને એક જ જવાબ આપ્યા કરવો પડે, તોયે મને કોઈ દીવસ કંટાળો કે ગુસ્સો નહોતો આવતો. જો કે એ હતી જ એવી, કે કોઈ એની પર ગુસ્સે થઈ જ ન શકે.

થોડા મહીનાઓ પછી ડૅડીએ કરેલી વાતે મને ઉંડો આઘાત આપ્યો. 'ગઈ કાલે ડૉક્ટર રાઉંડ પર આવ્યા હતા. તારી મમ્મીના થોડા ટેસ્ટ કરાવ્યા હતા. એ જોઈને અને તારી મમ્મીને તપાસીને એણે કહ્યું કે... કે..'

'કે શું.. ?' હું એકદમ અધીરો થઈ ગયો.

'એને અલ્ઝાઈમર(સ્મૃતીભ્રંશ) છે. એની યાદશક્તી બહુ જ ઝડપથી નાશ પામતી જાય છે. કદાચ એવો સમય પણ આવે કે એ તને અને મને સુધ્ધાં ઓળખી નહીં શકે.' આ બોલતી વખતે ડૅડી મહાપરાણે પોતાની આંખોને કોરી રાખવા મથતા હતા; પણ હું મારાં આંસુઓને રોકી ન શક્યો.

મારું મન કેમેય કરીને માનવા તૈયાર નહોતું કે મારી જન્મદાતા, મારાં ઝાઝેરાં જતન કરનારી મા, એનાં જ હાડમાંસથી ઘડાયેલા એના દીકરાને એક દીવસ ઓળખશે પણ નહીં ! ધારવા કરતાં એ દીવસ જલદી જ આવ્યો.

એક અઠવાડીએ હું એમને મળવા ગયો. મમ્મીને ભેટીને મેં પુછ્યું, 'કેમ છે ?' એના જવાબમાં એ જે રીતે હસી, એમાં મારી ઓળખાણનો કોઈ અણસાર મને જણાયો નહીં. હું તરત સમજી ગયો કે, એણે મને ઓળખ્યો નથી. આ પરીસ્થીતીમાં શું

કરવું તે નહીં સુઝતાં, મેં પાસે જ પડેલી સ્ટ્રોબરીઝ એકએક કરીને તેના મોંમાં મુકવા માંડી. દર વખતે તો એ 'થેન્ક–યુ' કહીને મીઠું હસતી; પણ અત્યારનો એનો વ્યવહાર કોઈ અજાણી વ્યક્તી સાથેનો હોય એવું લાગતું હતું.

હું ચુપચાપ એની બાજુમાં બેઠો અને એનો હાથ મારા હાથમાં લઈને પંપાળવા લાગ્યો. અચાનક મારી હથેળી એણે ત્રણ વાર દબાવી ને પછી હસવા લાગી ! આ સાથે જ એક વખત ડૅડીએ કહેલી એક વાત મને સાંભરી આવી :

'દીકરા, તને જાણીને નવાઈ લાગશે; પણ લગ્ન પછીના શરુઆતના દીવસોમાં અમે એકબીજા સાથે બહુ ઓછું બોલતાં. અમારો પ્રેમ એટલો પરીપક્વ હતો કે એને શબ્દોના સહારાની જરુર નહીં પડતી. અમારા બન્ને વચ્ચે મૌનનો સંવાદ રચાતો.'

'એ કેવી રીતે શક્ય છે ?' મેં પુછ્યું.

'ઘણી વખત સુર્યાસ્ત ટાણે અમે દરીયાકીનારે કલાકો સુધી ચુપચાપ બેઠાં હોઈએ; ત્યારે તારી મમ્મી મારી હથેળી ત્રણ વખત દબાવતી.'

'એટલે શું ? મને સમજાયું નહીં !'

'એનો અર્થ 'આઈ લવ યુ–હું તને ચાહું છું.' હવે સમજ્યો ?

'વેરી ઈન્ટરેસ્ટીંગ, ડૅડી; પણ પછી તમે એનો જવાબ કેવી રીતે આપતા?'

'હેય..યંગ મૅન ! આજે ને આજે બધી ટીપ્સ લઈ લેવી લાગે છે, કેમ ? તો સાંભળ, જવાબમાં હું બે વખત એની હથેળી દાબીને એને જણાવતો કે, 'મી ટુ–હું પણ.'

અત્યારે મને ડૅડીની કહેલી એ વાત યાદ આવી. મેં મમ્મીની હથેળી જેવી બે વાર દબાવી કે તરત એનો ચહેરો ખીલી ઉઠ્યો.

એણે કહ્યું : ‘માણસની જીન્દગીમાં સૌથી વધુ જરુરી શું હોય છે, ખબર છે ? એને કોઈ ચાહતું હોય. કોઈ ભરપુર પ્રેમ કરતું હોય. સમજાય છે મારી વાત ?’

હું એને ભેટી પડ્યો અને એના ગાલ ચુમતાં ચુમતાં કહેવા લાગ્યો, ‘સમજાય છે, મને તારી વાત બરાબર સમજાય છે. ને તું પણ સમજી લે કે હું તને ચાહું છું. તને ખુબ.. ખુબ.. ખુબ.... પ્રેમ કરું છું.’

અમારી અન્તીમ મુલાકાતની એ સોનેરી ક્ષણ સદાને માટે હૈયે જડાઈ ગઈ છે.

(લેરી જેમ્સની અંગ્રેજી વાર્તાને આધારે)

(‘ભુમીપુત્ર’ પાક્ષીકના દરેક અંકના છેલ્લે પાને નીયમીત પ્રકાશીત થતી વાર્તાઓમાંની એક વાર્તા)

–આશા વીરેન્દ્ર

‘હરીશ્ચન્દ્ર’ બહેનોના નીધન બાદ, વડોદરાથી પ્રકાશીત થતા પાક્ષીક ‘ભુમીપુત્ર’ના છેલ્લા પાન પર આવતી વાર્તાઓ, હવેથી બહેન આશા વીરેન્દ્ર લખે છે. તે અંતર્ગત પ્રકાશીત થઈ ચુકેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી ચાળીસ વાર્તાઓનો બીજો વાર્તાસંગ્રહ ‘તર્પણ–૨’ : (પ્રકાશક : પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન, હીંગળાજ માતાની વાડીમાં, હુઝરાતપાગા, વડોદરા–

390 001 ફોન : 0265-243 7957 પાનાં : 128, મુલ્ય રુપીયા–60), ઑક્ટોબર 2014માં પ્રકાશીત થયો. તેમાંથી આ 9મી વાર્તા પાન 31થી 33 ઉપરથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર,

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ–396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137

ઈ–મેઈલ : avs_50@yahoo.com

@

18-343 : 06-03-2016

# ગઝલ

– નરેશ કે. ડોડીયા

અનુક્રમણીકા

.1.

ઘર, ગામ, ખેતરને મુકીને શ્હેરમાં છોને વસ્યા,
કોયલના ટહુકાઓ પુછે છે, કેટલું આજે હસ્યા ?

આંખે કસુંબલ કેફ લઈને ડાયરાની મોજમાં,
પ્હો ફાટવાની આખરી ક્ષણમાં તમે કૈં ખળભળ્યા ?

આંબાની ડાળે ઝુલતી મેનાનો ટહુકો સાંભળી,
પીંજરમાં પુરાયેલ પોપટ થઈ કદી થોડું રડ્યા ?

એ તળપદી ભાષા ભલે બોલે તો મીઠી લાગશે,
યાયાવરી પંખીના ટહુકાને કદી બોલો, કળ્યા ?

માથા ઉપર બેડાંઓ લઈને પાદરે મળતી રહે,
એવી ‘મહોતરમા’ સમી કો’ નારને ક્યારે મળ્યા ?

.2.

મારું નથી એને કદી મારું બનાવી ના શકું,
છે સ્થાન તારું દીલમહીં જેને છુપાવી ના શકું.

ચશ્માં લગાવીને તને જોયા કરું હું ક્યાં સુધી ?
મારી નજર સામે છબી તારી હટાવી ના શકું.

સંબંધના દાવે કદી હું હાથ પકડી ના શકું,
ધારો અલગ છે ચાહવાનો, હું જતાવી ના શકું.

છે સ્થાન તારું કાયમી મારા નયનના ગામમાં,
આ ખાનગી સરનામું તારું, હું લખાવી ના શકું.

સંવાદ માટે બસ 'મહોતરમા' જ મારે જોઈએ,
આ વાત પાછી હું, 'મહોતરમા' બતાવી ના શકું.

.3.

કોઈ આયોજન હવે આગોતરું થાતું નથી,
જીંદગી ભારણ બની કે ભેટ, સમજાતું નથી !

વારસાગત ટેવ ખુલ્લા મનથી હસવાની મળી,
માપસરનું સ્મીત એ કારણથી પ્હેરાતું નથી.

કોઈ પ્રાયોજન બદલશે એ ભુલી જા દોસ્ત, તું,
આંખ સામે હોય માણસ તોય પરખાતું નથી.

આંખ સામે કોઈ ગમતાં અલવીદા જ્યાં થાય છે,
આંસુઓ તૈયાર રાખો, તોય રોવાતું નથી.

કલ્પનાઓ પણ હકીકત બ્યાં કરે ક્યારેક તો,
સત્ય શબ્દોમાં છુપાવો, પણ એ સંતાતું નથી.

લાખ ચ્હેરા જોઈને મારી નજર જ્યારે ઠરી,
એ 'મહોતરમા'નું ફોટો હોવું પોષાતું નથી.

.4.

હું અભીનયથી વધારે કૈં કરી શકતો નથી,
નથી એવુંય એથી હું રડી શકતો નથી.

ભલે મારા નયનમાં આંસુઓ દેખાય ના,
ઉદાસીને હું ઝટ દઈ સેરવી શકતો નથી.

સતત તેં માવજત આપ્યા કરી છે એટલે,
ઉગીને હું કદી પણ આથમી શકતો નથી.

'તું મારો છે' સતત એ શબ્દ અથડાયા કરે,
હું તારા પ્રેમથી આગળ વધી શકતો નથી.

'મહોતરમા' નથી મસ્તી-મજા તારા વગર,
હું તારી આંખથી અળગો રહી શકતો નથી.

www.gujaratilexicon.com

.5.

વાતનું જ્યારે વતેસર થઈ જાય છે,
અર્થ શબ્દોના સૌને ગમતા થાય છે.

ક્હે છે, જેવો છું હમેશાં એવો જ રહું,
ને વખત આવ્યે એ માણસ બદલાય છે.

એક માણસનો અહમ્ પોષીને જીવ્યા,
ભેદ આવા પ્રેમ નામે સચવાય છે.

એ વીરહ છાતીએ ચાંપી ફરતી હતી,
આજ કેવો ચો-તરફ ફંગોળાય છે !

યાદનું ભારણ વધે છે ત્યારે જ, દોસ્ત,
બોજ કાવ્યો ને ગઝલમાં ધરબાય છે.

આત્મબળ મારું કદી તુટી ના શક્યું,
પ્રેમના ટાંકાથી કાયમ સંધાય છે.

એક લાચારી મેં જેને માની હતી,
પ્રેમનો સામાન્ય ગુણ જે ક્હેવાય છે.

એ 'મહોતરમા' નથી મારી સાથમાં,
શબ્દ દેહે હાથ એનો પકડાય છે.

.6.

પરાણે કોઈના વ્હાલા બની શક્યા નહીં,
વચન ઠાલાં દઈને છેતરી શક્યા નહીં.

નદીનાં જળ જે દરીયામાં ભળી શક્યાં નહીં,
જીવનભર એ દુરીનાં રણ વટી શક્યાં નહીં.

અમે જેવા હતા એવા જ શબ્દમાં મળ્યા,
અમારા ભાવ દીલથી સૌ કળી શક્યા નહીં.

બધાની એક સરખી લાગણી ના રહે કદી,
જે સરભર પ્રેમનું ભારણ ખમી શક્યા નહીં.

નરી આંખે બનાવટ પારખી શકો તમે,
જીવે છે એવું કાવ્યોમાં લખી શક્યા નહીં.

હંમેશાં સત્યની પાસે રહ્યા હતા અમે,
જુઠાણાંના લઈ ટેકો ઉભી શક્યા નહીં.

મળી મીઠાશ જ્યાંથી સાચવી છે પ્રેમથી,
એ કારણથી અમે કડવાશ પી શક્યા નહીં.

નથી ગમતી ‘મહોતરમા’ સીવાય અન્ય કોઈ,
એ ચાહતથી કદી આગળ વધી શક્યા નહીં.

.7.

એક મતલબ જ્યાં તું ને હું થાય છે,
અર્થ શબ્દોના તરત સમજાય છે.

લાગણીઓ ક્યાં કદી બંધાય છે?
વીશ્વમાં એ ક્યાંય પણ જો જાય છે.

એક નારી ભાવ શબ્દોમાં લખે,
સત્ય સાચું શબ્દથી પરખાય છે.

આપણું હોવાપણું પીગળી ગયું,
વીશ્વ આખું ગીત હમણાં ગાય છે.

નામ છોને તેં જુદાં પાડ્યાં અહીં,
પણ ‘મહોતરમા’ જ મતલબ થાય છે.

.8.

તમારી આંખથી આઘે રહી શકતો નથી,
નજર સામે રહો છો પણ અડી શકતો નથી.

નથી રંગત અહીં મળતી હવે એકાંતમાં,
સતત આ ખાલીપામાં રણઝણી શકતો નથી.

નથી બદલાવ ગમતો જેમ છો એવા રહો,
પ્રથમ નજરોનાં કામણથી બચી શકતો નથી.

અમે ભોળા ગણી નીર્દોષ થઈ સામે રહ્યા,
જુના એ રુપને પાછું ધરી શકતો નથી.

‘મહોતરમા’ તમે છો, તો છે મારો દબદબો,
તમારી ચાહના વીના લખી શકતો નથી.

.9.

ખોબો ભરીને માત્ર તારું વ્હાલ દે,
આખું જીવન ના દે, તું તારી આજ દે.

મારી ગઝલના શબ્દ નીમાણા બન્યા,
તારા હૃદયથી એક સાચી દાદ દે.

કાચો પડ્યો છું લાગણીની બાબતે,
તારી હુંફાળી માવજત શ્રીકાર દે.

સુંદરતાનું અભીમાન કરશે ક્યાં લગી?
આત્માની સુંદરતાનો તારો ઝાગ દે.

અવઢવમાંથી તુ બ્હાર આવી ક્હી દે આજ,
તારો છું એવી શક્યતાને ઘાટ દે.

જેવી હતી એવી જ સામે આવજે,
બદલાવને ફેંકી, જુનો એ પ્યાર દે.

મારી મુસીબત દુરતા તારી બની,
શબ્દોના દેહે એકતાનો ભાવ દે.

પીડા હું સઘળી ભોગવી લેવાનો છું,
કાયમ ખુશી આપી શકું એ છાબ દે.

તું રુબરુ જ્યારે મળી એ યાદને,
કાયમ એ તાજા રહી શકે એ ચાર્મ દે.

જેવી ગુજારી સાથમાં બેઉએ રોજ,
મારી ‘મહોતરમા’ ફરી એ સાંજ દે.

.10.

કાફીયાને છંદ વચ્ચે જાત ઓગળતી હતી,
પ્યાર-દોસ્તી એકધારી શબ્દથી વધતી હતી.

વાત બે મોઢે કદી કરવી મને ફાવી નહીં,
દોસ્ત કરતાં જાત દુશ્મનની મને ગમતી હતી.

સાવ ઠંડોગાર પ્હેલાં આવકારો આપતી,
શબ્દ શું ચાંપ્યો ને અંગે અંગ ધગધગતી હતી.

સ્હેજ અજવાળાની ભીતર જઈને મેં જોયું હતું,
કૈંક જલતા દીવડાની આગ ત્યાં ઠરતી હતી.

રોજ કોરા કાગળો વાંચ્યા પછીનો ભેદ કહું,
મર્મ શબ્દોના પકડવાની મજા પડતી હતી.

ભીંત તોડી પીપળાની જેમ નીકળવું પડે,
રોજ ઉર્મી ગર્ભરુપે દીલમાં ફરફરતી હતી.

મૌનની જાહોજલાલીનો મને પરીચય થયો,
એ અબોલાને ગઝલ શબ્દોરુપે લખતી હતી.

એ ‘મહોતરમા’ની વાતો તો કદી ના ખુટશે,
પ્રેમમાં રાધાથી લઈ મીરાંની આ શક્તી હતી.

.11.

જાત સામે રોજ લડવાનું, મને ફાવી ગયું,
જ્ઞાન એવું જાત ઘડવાનું, મને ફાવી ગયું.

સાવ આઘે લાગતા સંબંધમાં હળવાશ છે,
દુરતામાં સાથ ભળવાનું, મને ફાવી ગયું.

ઈશ્કના નામે લખે છે શાયરી લાખો અહીં,
એક જણ માટે જ લખવાનું, મને ફાવી ગયું.

ડાળ ઈચ્છાની બટકણી હોય છે, લોકો કહે,
એ જ ડાળોને પકડવાનું, મને ફાવી ગયું.

હું 'મહોતરમા'ની ગમતી શાયરી લખતો રહું,
શાયરીમાં પ્રેમ કરવાનું, મને ફાવી ગયું.

નરેશ કે. ડોડીયા

કવીના તાજેતરમાં પ્રકાશીત થયેલા ગઝલસંગ્રહ **'મહોતરમા'** (પ્રકાશક: હર્ષ પ્રકાશન, ઓમદર્શન ફ્લેટ્સ, 7, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ–380 007, પાનાં : 108, કીમત: રુપીયા : 85)માંથી સાભાર...

કવીનો સંપર્ક : 7–બી, સામ્રાજ્ય એપાર્ટમેન્ટ, પેલેસ ગ્રાઉન્ડ સામે, વી. માર્ટની બાજુમાં, જામનગર–361 008

મોબાઈલ : 98798 42424, ઈ.મેઈલ: narend55@gmail.com

Facebook : https://www.facebook.com/nareshk.dodia

19-344 : 20-03-2016

# મારા જીવનનો એક વચલો ગાળો

- ભદ્રા વડગામા

અનુક્રમણીકા

ગળે ડુમો ભરેલો હતો, પણ પતી સામે રડવું નહોતું એટલે નૈરોબી એરપોર્ટ પર તેમને વીદાય આપી, હું અને મારી પાંચ વર્ષની પુત્રી શાલીની ટૉઈલેટમાં જઈ એકબીજાંને વળગી થોડી ક્ષણો માટે રડતાં રહ્યાં. પ્રીયજનને છોડવાના દુ:ખ સાથે નવા મુલકમાં વસવાટ કરવાનો ડર પણ ગભરાવી રહ્યો હતો. પ્લેન ઉપડ્યું અને અમે બન્ને અમારા પોતપોતાના વીચારોમાં અટવાતાં શાંત પડી રહ્યાં.

અમે બ્રીટન કેમ જતાં હતાં ? કેન્યામાં શીક્ષકોની નીમણુક ક્યાં અને ક્યારે કરવી એ નીર્ણય સમ્પુર્ણપણે મીનીસ્ટ્રી ઓફ એડ્યુકેશન દ્વારા લેવામાં આવતો. અમ દમ્પતીની કેન્યાના એક સાવ નાનકડા ગામડાની ગર્લ્સ બોર્ડીંગ સ્કુલમાં બદલી થઈ. એશીયન શીક્ષકો શહેરી વીસ્તારમાં ભણાવવાનું પસંદ કરતા; પણ જ્યારે સરકાર તેમને ગામડામાં મોકલતી ત્યારે ત્યાંથી શહેરમાં બદલી મેળવવા માટે અનેક કાવાદાવા કરવા પડતા. પાંચ વર્ષ તો ત્યાં કાઢી નાખ્યાં; પણ હવે શાલીનીના શીક્ષણ માટેની જોગવાઈ કરવી જ રહી. નક્કી કર્યું કે હું અને શાલીની પહેલાં લંડન જઈએ, જ્યાં હું લાઈબ્રેરીઅનશીપનો કોર્સ કરીશ અને ગમશે તો ત્યાં રહી જઈશું અને નહીં તો પાછાં કેન્યા

જતાં રહીશું. ત્યાં સુધી પતીદેવ કરશે કેન્યા સરકારની નોકરી અને પુરો પાડશે અમારો ખર્ચ.

૧૯૭૩ના ઓગસ્ટ મહીનાના એ દીવસે હીથ્રો એરપોર્ટનું હવામાન નૈરોબી એરપોર્ટ કરતાં વધારે ગરમ હતું; પણ ઈમીગ્રેશન ઓફીસરનો આવકાર હીમ જેવો ઠંડો હતો. 'શા માટે અહીં આવી છો ?' તેવા તેના પ્રશ્નના જવાબમાં જ્યારે મેં કહ્યું કે : 'હું ભણવા માટે બ્રીટન આવી છું,' ત્યારે એ બબડ્યો, 'બધાં એવું જ કહે છે.' ખરું પુછો તો જ્યારે મારા પાસપોર્ટમાં 'રાઈટ ઓફ અબોડ'ની છાપ હતી ત્યારે આ પ્રશ્ન પુછવા માટેનું કોઈ કારણ જ તેની પાસે નહોતું. આ પ્રસંગે ગુજરાતી લાક્ષણીકતા અપનાવી શાન્ત રહેવાનું મેં ઉચીત માન્યું. અને પછી તો બહેન–ભાણાભાણીઓના ભાવભીના આવકારથી એ કડવાશ ભુલાઈ ગઈ.

બહેનનાં બાળકો ભણવામાં હોશીયાર હતાં એટલે શાલીનીને તે જ સ્કુલમાં પ્રેમસભર પ્રવેશ મળ્યો. શીક્ષક તરીકે અહીંના અભ્યાસક્રમમાં મને રસ હતો. હેડમાસ્તર સાથે વાત કરતાં જાણીને નવાઈ લાગી કે ત્રણ 'આર'- રીડીંગ, રાઈટીંગ અને એરીથમેટીક - સીવાય સ્કુલને કઈ દીશામાં આગળ વધારવી એ સદંતર હેડટીચર પર આધારીત હતું. એટલે જસ્તો સારા હેડટીચરોની કાબેલીયત પ્રમાણે સ્કુલની પ્રતીષ્ઠા બનતી. મારી બહેન કામે નહોતી જતી એટલે તેનાં બાળકો સાથે, ચાઈલ્ડમાઈન્ડરની માથાઝીંક વીના, શાલીની પણ સચવાઈ ગઈ. પાસે જ એક પાર્ક હતો, જ્યાં તે જમાનામાં ડર વીના બાળકો એકલાં પણ રમી શકતાં. તેના પીતા સાથેનો સંપર્ક

જાળવવા અમે ટેપ કરીને શાલીનીએ શીખેલાં બાળગીતો, સ્થાનીક લાઈબ્રેરીમાંથી લાવેલાં પુસ્તકોમાંથી વાચન અને લંડનની સહેલ કરી, જોયેલાં સ્થળોનું વર્ણન કેન્યા મોકલતાં.

શાલીની તો સ્થાયી થઈ ગઈ; હવે આવ્યો મારો વારો. લંડનની રેલવે અને ટ્યુબ નેટવર્કનો અટપટો નકશો જોઈ કરીને, કૉલેજ પહોંચવાનો સરળ રુટ શોધી કાઢ્યો. મારી બહેન તો બાળકોના ઉછેરમાં ભાગ્યે જ ટ્રેન મારફત મુસાફરી કરતી. વળી, બસ સર્વીસ ઘરની સાવ જ નજીક હતી, એટલે આ બધું શોધકામ મારે જાતે જ કરવું પડ્યું. જ્યારે પણ અમે બસમાં ફરવા જતાં ત્યારે હું રસ્તાઓનાં નામ, બસનો રુટ વગેરે સતત નીહાળતી રહી, પછી ઘરે આવી લંડનની નકશાપોથીમાં એ રસ્તાઓ જોઈ પણ જતી. મુળે તો હું શીક્ષીકાનો જીવ ને!

અમારી લાઈબ્રેરી સ્કુલનું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધીનું હતું; પણ પરદેશના વીદ્યાર્થીઓને એક સત્ર વહેલા બોલાવતા. તે સત્ર દરમીયાન અમને અહીંની સ્થાનીક સરકારી પદ્ધતી વીશે જાણકારી અપાતી, અહીંની લાઈબ્રેરીઓનો ઈતીહાસ અપાતો, અંગ્રેજીના વર્ગો પણ હતા અને થીયેટર અને જાહેર તથા અમુક સ્પેશીયલ લાઈબ્રેરીઓની મુલાકાતે લઈ જવામાં પણ આવતાં. એક અઠવાડીયા માટે કોઈ જાહેર લાઈબ્રેરીમાં કામ કરવાની પણ ગોઠવણ હતી. અમારા પરદેશી ગ્રુપમાં મલેશીયા, સીંગાપોર, બર્મા, યુગાન્ડા, જોર્ડન અને ઈથીયોપીઆના ૨૨થી ૩૫ વર્ષના વીદ્યાર્થીઓ હતા. ખુબ સુમેળ સાધ્યો સહુ સાથે. મકેરેરે યુનીવર્સીટીના સ્નાતક તરીકે અંગ્રેજી

શીખવાની મને તો જરા પણ જરુર નહોતી અને તેથી જ તો તેમાં A+ મળવાની નવાઈ પણ નહોતી.

પાનખર શરુ થઈ ગઈ હતી, એટલે તડકો હોવા છતાં; ઠંડી સખત લાગતી હતી. કેન્યામાં ચંપલ કે ખુલ્લા સેન્ડલ સીવાય બીજા કોઈ પ્રકારના જોડા પહેર્યા નહોતા અને સાડીમાં તે વળી એવા જોડા શોભે પણ ખરા? એમ માની ખુલ્લા પગે લેક્ચરમાં ધ્યાન પણ ન આપી શકાય એવી ઠંડી લાગતી હતી. ત્યાં તો બર્માની સખી વહારે ધાઈ. સામે દુકાનમાં નાયલોનનાં પાતળાં મોજાં 'પોપ સોક્સ' મળે છે, જે પહેરવાથી ઘણી હુંફ રહેશે. નવાઈની વાત તો એ હતી કે દુકાનદાર હતો મુકેશ શાહ જેને મેં કેન્યામાં ભણાવ્યો હતો. એના માટે અંગ્રેજીમાં મને ગમતો શબ્દ છે : serendipity. પછી તો પગને પુરી સ્વતંત્રા મળે તેવા જોડા શોધવામાં નાકે દમ આવ્યો.

બીજી એક નવાઈ એ જોઈ કે અમારાં ટોઈલેટ્સમાં 'condom dispensers' હતાં. જોઈને મારી બર્મીઝ સખી કહે, 'ભદ્રા, હું તો કદી મારાં બાળકોને ઈંગ્લેન્ડ ભણવા નહીં મોકલું !'

બુધવારે અમારે સ્કુલે જવું પડતું નહીં. સારું જ થયું, કેમ કે આવા જ એક બુધવારે સવારે ધીરીધીરી હીમવર્ષા શરુ થઈ હતી. આહ ! કેટલું અહ્લાદક એ દ્દશ્ય હતું ! બારીમાં ઉભીઉભી બસ જોતી જ રહી ! મનમાં એક ગીતની કડી ગુંજવા લાગી 'બહારોં ફુલ બરસાઓ, મેરા મહેબુબ આયા હૈ' અને પતીની યાદમાં ખોવાઈ ગઈ. શાલીની અને બીજાં બાળકો તો સ્નોમૅન બનાવવા માટે સ્કુલેથી આવીને સીધાં ગાર્ડનમાં દોડી ગયાં હતાં.

સત્રના છેલ્લા અઠવાડીયા માટે એક જાહેર લાઈબ્રેરીમાં કામનો અનુભવ લેવા ગઈ. કામમાં મશગુલ લાઈબ્રેરીયને મારા માટે કોઈ કાર્યક્રમ ગોઠવ્યો હોય તેવું લાગ્યું નહીં; કેમ કે મને કહેવાયું કે એક સોળસતર વર્ષની લાઈબ્રેરી–આસીસ્ટન્ટની સાથે મારે રહેવું અને તે જે કહે તે મારે કરવું. પહેલાં તો એની કોકની(Cockney) અંગ્રેજીને સમજતાં અડચણ પડી. તે તેની બહેનપણી સાથે ગુસપુસ કરતી મારા પર હસવા લાગી. એટલે મેં શાંતીથી કહી દીધું કે કેન્યામાં હું ફકત બીબીસીની કવીન્સ ઈંગ્લીશથી ટેવાયેલી છું; એટલે તેમની આ ભાંગીતુટી ભાષા અને ઉચ્ચાર હું સમજી શકતી નથી. બન્ને અવાક્ બની મને જોઈ રહી. આખરે તો શીક્ષીકા હતી ને ! પછી પેલી છોકરી સમયસર પાછાં ન આવેલાં પુસ્તકો માટે ‘ઓવરડ્યુ’ નોટીસો પર સ્ટેમ્પ્સ ચોંટાડતી હતી. મને પણ તેમ કરવાનું કહેવામાં આવ્યું. શું છ હજાર માઈલ દુરથી, ગાંઠના પૈસા ખર્ચીને, આ કામ કરવા માટે હું બ્રીટન આવી હતી? મનમાં સમસમતી ફરીયાદ કરવાનું નક્કી કરી, જેમતેમ દીવસ પુરો કર્યો; પણ બીજા દીવસથી બધું ગોઠવાઈ ગયું હતું. આ કામથી બ્રીટનની રેફરન્સ લાઈબ્રેરીઓમાં કેવાકેવા સામાન્ય પ્રશ્નો લોકો લાવતા હતા અને તેનો જવાબ શોધવા કેટલી મહેનત લેવાતી, લોકો સંગીતની રેકોર્ડસ, અને મોટાં ચીત્રકામો પણ લાઈબ્રેરીમાંથી ઘેર ટીંગાડવા માટે થોડા દીવસો માટે લઈ જઈ શકતાં હતાં એ બધાનો જાતઅનુભવ થતાં, અહીંની લગભગ મફત લાઈબ્રેરીસેવા માટે ખુબ માન થયું.

વળી, કોર્સના કામ માટે દસ દીવસ કોમન્વેલ્થ ઈન્સ્ટીટ્યુટની લાઈબ્રેરીમાં કામ કરી, ભારત અને પુર્વ આફ્રીકા વીશેનાં પુસ્તકોની સભાનતા કેળવી, સારો અનુભવ મેળવ્યો. વેમ્બલીની એક લાઈબ્રેરીમાં ગુજરાતી લોકોની વાચન માટેની જરુરીયાતોનું નાનું સર્વેક્ષણ કરીને, અહીં સ્થાયી થયેલાં લોકોને પોતાની માતૃભાષાને જાળવી રાખવાની ધગશ જોઈ હર્ષ થયો.

કદાચ કોર્સ પુરો કર્યા પછી પાછું કેન્યા જવાનું થાય એમ માની એ વર્ષ દરમીયાન બને તેટલું ઈંગ્લેન્ડ જોઈ લેવું તેવું નક્કી કર્યું હતું. દર વીકેન્ડમાં લંડનનાં મુખ્ય આકર્ષણો જોવા હું અને શાલીની, તો ક્યારેક બહેન અને બાળકો સાથે અમે નીકળી પડતાં. સ્વોન લેઈક બેલે જોયું, સીન્ડ્રેલા ઓન આઈસ જોયું, જીસસ ક્રાઈસ્ટ સુપર સ્ટાર મ્યુઝીકલ જોયું, લોર્ડ મેઅરની પરેડ જોઈ. જ્યાં જ્યાં મીત્રો હતાં તે ગામો અને શહેરો જોયાં. અહીંના તહેવારોની ઉજવણી માણી. તેમ જ વેમ્બલી વીસ્તારની નવરાત્રી અને ગુજરાતી લાઈફ સ્ટાઈલ પણ જોઈ.

ક્રીસમસના તહેવારની અમારી પહેલી ઉજવણી ખુબ યાદગાર રહી. મારી સાથે કેન્યામાં ભણાવતી એક અંગ્રેજ સખી એલીઝાબેથે તેની માતાને ત્યાં ક્રીસમસ ગાળવાનું અમને આમંત્રણ આપ્યું હતું. તે બ્રાઈટનની નજીકના એક નાના ગામડામાં રહેતી હતી. કયાં મારા બાળપણના ઝાંઝીબારના હીન્દી મહાસાગરનો નીલો રંગ અને કયાં આ જોઈને ધ્રુજારી છુટે તેવા જોરદાર પવનથી ઉછળતાં મોજાંવાળી રાખોડી ઈંગ્લીશ ચેનલ!

એલીઝાબેથની માતાએ અમારી ખુબ આગતાસ્વાગતા કરી. રાત્રે અમારા ખાટલામાં ગરમ પાણીની કોથળી પણ તેણે મુકવાની ચોકસાઈ રાખી હતી. મધ્યરાત્રીએ કેથોલીક ચર્ચમાંની સર્વીસમાં પણ અમે ગયાં અને ક્રીસ્મસની દરેકેદરેક રસમ અમે આ અંગ્રેજ કુટુંબ જોડે માણી. શાલીની તો સૌના પ્રેમનું કેન્દ્ર હોવાથી અને સુંદર ભેટો મળવાથી, નીજ–આનંદમાં મગ્ન હતી. ક્રીસ્મસ લન્ચ પછી ચાલીને ફરવા જવું એ અંગ્રેજ લોકોની એક પ્રથા છે. અમે ગયાં ફરવા અને ફરી પાછી બાળપણની યાદ તાજી થઈ. ઝાંઝીબારમાં ક્રીસ્મસને દીવસે બધા એશીયાઈ લોકો ગામથી દુરના દરીયાકીનારે ભેગાં થતાં. ભજીયાં, સમોસા, ભેળપુરી, ઝાંઝીબાર મીક્સ, કબાબ, ચીકન વગેરે ગરમાગરમ વાનગીઓની પેટ્રોમેક્સથી ઝળાંહળાં થતી હાટડીઓ, હાથમાં લટકાવી ફરતા યુવાનોના ટ્રાન્ઝીટર રેડીયો પર આવતા બોલીવુડનાં ગીતો અને બાળકોની દોડધામ વચ્ચે પોતપોતાનાં ટોળામાં બેસી પીકનીક માણતાં આનંદ કરતાં લોકોની સરખામણીમાં, બ્રીટનના આ તહેવાર સમયે રસ્તા પર છવાયેલી નીરવ શાન્તી જોઈ અચંબો થયો ! શું આટલો મોટો તહેવાર અને આવી શુન્યતા? શું અંગ્રેજ લોકોને આપણી જેમ આનંદ કરવાનું નહીં આવડતું હોય?

એપ્રીલમાં મારા પતી લંડન આવ્યા. મને અને શાલીનીને ખુબ ગમ્યું. ખુબ સાંત્વન મળ્યું. સાથે હર્યાંફર્યાં અને અમને થોડા દીવસનો સાથ આપી એલીઝાબેથનું લગ્ન માણી, જેમાં શાલીની બ્રાઈડ્સ મેઈડ હતી, તે પાછા કેન્યા જતા રહ્યા; પણ અહીં સ્થાયી થવું એ નીર્ણય સહીત.

ઉનાળાની રજામાં મારી પરદેશી સહેલીઓ યુરોપની ટુર પર ગઈ; પણ પતીના ખર્ચમાં મદદ કરવા મેં કામ કરવાનું નકકી કર્યું. અઠવાડીયાના £ ૩૩ પગારે એક પોલીટૅકનીક લાઈબ્રેરીમાં કામ મળ્યું. સરસ અનુભવ થયો; પણ એક અચ્છી વાત તો એ બની કે કામ માટે નેશનલ ઈન્સ્યોરન્સ નંબર લેવો પડે તેમ હતું. કયા પ્રકારનું ઈન્સ્યોરન્સ જોઈએ છે, પુરા હપ્તાનો કે આંશીક હપ્તાનો? આ સવાલનો જવાબ નહોતી જાણતી. પુછતાં જાણવા મળ્યું કે પુરા હપ્તાનો ફાયદો નીવૃત્તી પછી મળતા પેન્શનમાં થશે. તે દીવસે કરેલા નીર્ણયનો ફાયદો આજે માણી રહી છું.

એક દીવસ પોસ્ટ ઓફીસમાં ગઈ. કાઉન્ટર પાછળ ગુજરાતી યુવાન હતો. મને કહે, 'યસ લવ, વોટ કેન આઈ ડુ ફોર યુ?' મને થયું જોતો નથી કે હું તારાથી કેટલી મોટી છું અને મને 'લવ' કહીને બોલાવે છે? જરાય ન ગમ્યું, પણ 'દેશ તેવો વેશ' સમજી પેલાને ગાળ ન આપી એ બહુ સારું કર્યું.

સવા વર્ષ દરમીયાન ધાર્યો હતો તેવો રંગભેદનો કોઈ અણગમતો અનુભવ થયો નહોતો એટલે, અને વળી, પેલા ઈમીગ્રેશન ઓફીસરના બોલને સાચો પાડવા, અહીં સ્થાયી થવાનો મનસુબો મજબુત બન્યો. ઉપરાંતમાં ઉચ્ચ કક્ષાના માર્ક્સ મેળવી પાસ થઈને તરત જ દુનીયાની સૌથી મોટી શૈક્ષણીક ઓથોરીટી (ઈનર લંડન એડ્યુકેશન ઓથોરીટી)ની સ્કુલ લાઈબ્રેરી સર્વીસમાં ૧૯૭૫ જાન્યુઆરીથી કામ શરુ કર્યું, જેથી સ્કુલો સાથેનો સમ્બન્ધ ચાલુ રાખી શકાયો; એનો પણ આનંદ હતો. પતીના આવ્યા પછી લંડનના એક સારા

મહોલ્લામાં ઘર પણ ભાડે મળી ગયું અને ‘રાઈટ ઓફ અબોડ’વાળા બ્રીટીશ નાગરીક તરીકે નહીં; પણ બ્રીટનના રહેવાસી તરીકે મારા જીવનનું બીજું પ્રકરણ શરુ થયું.

–ભદ્રા વડગામા

(ભદ્રાબહેન હાલ લંડનની ‘ગુજરાતી સાહીત્ય અકાદમી’નાં મહામંત્રી છે. એમણે બ્રીટનમાં વસેલાં ગુજરાતી પરીવારોનાં સંતાનો માટે, મુળ અંગ્રેજીમાં લખાયેલી ૬૦ જેટલી પુસ્તીકાઓનું ગુજરાતીમાં ભાષાન્તરેય કર્યું છે.. શુભેચ્છાઓ.. બહેન, તમારે હાથે વીદેશે ગુજરાતી ભાષાની સેવા થતી રહો.. ..ઉત્તમ ગજ્જર..)

-Bhadra Vadgama

London - UK

eMail :bv0245@gmail.com

20-345: 03-04-2016

## અણગમો પ્રગટ કરવામાં વળી શરમ શેની ?

- ડૉ. શશીકાંત શાહ

અનુક્રમણીકા

આપણા દેશની પ્રજા દુ:ખી કેમ છે ? રોજબરોજનાં કામોમાં આપણને દરેક ઠેકાણે અપમાન, ઉપેક્ષા ને અવીનયનો અનુભવ કેમ થાય છે ? આપણાં સાચાં અને ન્યાયપુર્ણ કામોને સરકારી કચેરીઓમાં ઠેબે ચડાવવામાં કેમ આવે છે ?

આપણાં દુ:ખોનું એક મહત્ત્વનું કારણ એ છે કે આપણે આપણો અણગમો. નારાજગી પ્રગટ કરવામાં શરમ–સંકોચ અનુભવીએ છીએ. અન્યાય થતો હોય, ખોટું થતું હોય, લાંચ માગવાના ઈરાદે આપણને ધક્કે ચડાવવામાં આવતા હોય, એડમીશન આપવા ટાણે સ્વનીર્ભર કૉલેજોના ભ્રષ્ટ સંચાલકો દસ લાખ રુપીયા રસીદ આપ્યા વીના આપણી પાસેથી ખંખેરતા હોય; તોય આપણે કશું બોલતા કેમ નથી ? આપણો વીરોધ શા માટે પ્રગટ કરતા નથી ? તમામ ભ્રષ્ટ અને સરાસર ગલત રીતરસમો સામે પ્રજા, સરદાર પટેલની ખુમારીથી પોતાનો ગુસ્સો, અપ્રસન્નતા કે અણગમો પ્રગટ કરવાનું રાખે તો છ જ મહીનામાં ‘અચ્છે દીન આ ગયે’નો અનુભવ થવા માંડે.

પણ આપણી માનસીકતા એવી છે કે સાચું બોલવાથી કે લખવાથી દુશ્મનો ઉભા થાય; એના કરતાં ચુપ મરીએ તે સારું ને ! આપણે શાળા કૉલેજોમાં ભણતા હતા ત્યારથી જ ચુપ

રહેવાની, દબાઈ–કચડાઈને બેસી રહેવાની, અન્યાય સહન કરી લેવાની, આપણને તાલીમ આપવામાં આવેલી છે.

હું, જ્યાં પણ દેખીતો અન્યાય થતો હોય, ખોટું ચાલતું હોય, કોઈનું શોષણ થતું હોય તો ઉંચા અવાજે અણગમો વ્યક્ત કરવાનું શીખ્યો છું. સ્વતંત્ર ભારતના નાગરીક તરીકે ખોટી રીતરસમોને સુધારવા માટેની કોશીશ કરવી એ આપણી પવીત્ર ફરજ છે એમ હું સમજ્યો છું.

એક લગ્નસમારંભમાં સ્વરુચી ભોજનનો સમય ‘સાંજે સાતથી આપના આગમન સુધી’ એ રીતે દર્શાવાયો હતો. મેં નીમંત્રણ પાઠવવા આવેલા સજ્જનને કહ્યું, ‘સ્વરુચી ભોજનો તમારો સમય મને ખુબ ગમ્યો. મારી જ વાત કરું તો, હું એ દીવસે અમદાવાદ જવાનો છું અને રાતે અગીયાર વાગ્યે ‘ગુજરાત ક્વીન’માં પાછો આવવાનો છું. આપના લગ્નસમારંભના ‘સ્વરુચી ભોજનમાં’ પ્રવેશતાં મને રાતે સાડા અગીયાર થશે. મારા આગમનની તમે રાહ જોવાના જ છો એટલે ભોજનની ચીંતા તો ટળી ગઈ !’ મારી વાત સાંભળીને પેલા સજ્જનમીત્રે ચીત્તાની જેમ કુદકો મારીને મારા હાથમાંથી નીમંત્રણપત્ર ઝુંટવી લીધો. ‘આપના આગમન સુધી’ –એ ત્રણ શબ્દો પર લાલ ઈન્કથી ગાઢ લીટી તાણીને લખ્યું : ‘સાડા દસ સુધી’. મેં એ મીત્રને પ્રેમથી સમજાવ્યું, ‘‘ભાઈ, રસોડું જો આખી રાત ચાલવાનું ન હોય તો... ‘આપના આગમન સુધી’નો શાબ્દીક દંભ શા માટે કરવાનો ?’’

એક વખત બૅન્કના કાઉન્ટર પાસે હું પૈસા ઉપાડવા માટે લાઈનમાં ઉભો હતો. મારો ક્રમ આવ્યો ને મેં ચેક મહીલા

ઓફીસરના હાથમાં મુક્યો. એવામાં જ એમના મોબાઈલની રીંગ વાગી. મને મારી કમનસીબીનાં એંધાણ વર્તાઈ ગયાં. બરાબર સાત મીનીટ રાહ જોયા પછી મેં નમ્ર સ્વરે કહ્યું, 'મૅડમ, મારી પાછળ છ વરીષ્ઠ નાગરીકો રાહ જોઈને ઉભા છે. પેલી ગાંધીછાપની નોટ તમે હાથમાં લો તેના ઈન્તેજારમાં હું સાત મીનીટથી ઉભો છું. આપ મને મુક્ત કરો તો બડી મહેરબાની થશે.' આ સાંભળતાં એમને થોડી તકલીફ તો થઈ; પરન્તુ જો મેં મારો અણગમો વ્યક્ત ન કર્યો હોત તો મારે બીજી દસેક મીનીટ એમની સમક્ષ ઉભા રહેવું પડયું હોત.

એક નવદમ્પતીના સત્કારસમારંભમાં અમે હાજરી આપવા ગયાં હતાં. ભોજનનો સમય સાંજે સાતથી અગીયારનો હતો. રાત્રે દસ વાગ્યા તો પણ નવદમ્પતી બ્યુટીપાર્લરમાંથી પધાર્યાં નહોતાં ! એક યુવાન મને ઓળખતો હતો. મારી પાસે આવી એણે કહ્યું, 'સર, હું 'ગુજરાતમીત્ર'માં નીયમીત રીતે આપની કૉલમ 'માણસ નામે ક્ષીતીજ' વાંચું છું. હું એમબીએનો વીદ્યાર્થી છું. કાલે મારી પરીક્ષા છે. પણ આ દુલ્હા રાજકુમાર મારો ખાસ ફ્રેન્ડ છે એટલે રીસેપ્શનમાં આવ્યો છું. સર, દસ વાગ્યા તો પણ હજી ભોજન શરૂ નથી થયું. મેં કહ્યું, 'યુવાનમીત્ર, પેલા સામે ઉભા છે તે દુલ્હાના પીતાજી છે. ખુબ મોટા સરકારી ઓફીસર છે એટલે ભોજનસમારંભ શરૂ કરવા માટે આપણી પાસે લાંચની અપેક્ષા રાખતા હશે. સરકારી રાહે કામ ચાલે એટલે વીલમ્બ તો થવાનો જ. તું એક કામ કર. એમને તારી મુશ્કેલીની વાત કર એટલે તારા ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ જશે.' યુવાન બોલ્યો, 'સાહેબ, એવું તે થતું

હશે ? એમને ખોટું નહીં લાગે ?' મેં જરા ઉંચા અવાજે કહ્યું, ‘સાંજના સાતને બદલે રાતના દસ થયા... તો આપણને ખોટું ન લાગે ? ચાલ, મારી સાથે...' અમે બન્ને જઈને રાજકુમારના પીતાજીને મળ્યા. મેં નમ્રતાથી રજુઆત કરી, ‘સર, રાતના દસ થયા. મારો તો સુવાનો સમય થવા આવ્યો. અમે ભોજન લીધા વીના જઈએ છીએ. આપ એક ફેવર કરશો ? આ મારા શુભેચ્છાસંદેશનું પરબીડીયું આપના રાજકુમારને પહોંચાડી દેશો ? એમાં માત્ર રુપીયા જ છે. આશીર્વાદ ઉમેરેલા હતા તે પાછા લઈ લીધા છે. જે નવદમ્પતી મહેમાનોને ભુખ્યા–તરસ્યા રાખીને રાતે દસ વાગ્યે પણ બ્યુટી–પાર્લરમાંથી પાછાં ન આવે એમને વળી આશીર્વાદ કેવા આપવાના ?'

પ્રીય વાચક મીત્રો, આપ માનશો ? બરાબર ત્રીજી જ મીનીટે લગભગ તમામ મહેમાનોના હાથમાં ભોજનની ડીશ હતી.

યુવાપેઢીના મીત્રોને મારી આગ્રહપુર્વકની વીનન્તી છે કે તમારા ગમા–અણગમાને નમ્ર છતાં બુલંદ અને મક્કમ અવાજે રજુ કરવાનું રાખો. જો કંઈક સારું થતું કે થયું હોય તો ઉદારતાથી એની પ્રશંસા કરો અને સમાજને પીડા આપતાં માણસો કે રુઢી કે રીતરીવાજો પ્રત્યે કંજુસાઈ કર્યા વીના અણગમો વ્યક્ત કરો. આપણી સ્થીતી સુધરતી નથી એનું કારણ આપણું મૌન છે. અણગમો પ્રગટ કરવામાં શરમ શેની ? બૅન્ક, રેલવે, સરકારી કચેરીઓ કે પાસપોર્ટ ઓફીસ વીરુદ્ધ જ્યારે જ્યારે નાગરીકોએ લેખીત ફરીયાદ મોકલી છે, ત્યારે સમ્બન્ધીત

અધીકારીઓને જવાબ આપવાનું ભારે પડી ગયું છે અને એમણે સુધરવું પડ્યું છે.

કાયદાની મર્યાદામાં રહીને આપણે આપણો અણગમો વ્યક્ત કરવાનું શીખી લઈએ.

## મેઘધનુષ

‘દરેક આત્મા મુળભુત રીતે દીવ્ય છે. અંદરની ને બહારની પ્રકૃતી પર નીયંત્રણ મેળવીને આ આંતરીક દીવ્યતાને પ્રગટ કરવી તે જ જીવનનો ઉદ્દેશ છે. આ તમે કર્મ દ્વારા કરી શકો, ભક્તી દ્વારા કરી શકો, મન પરના નીયંત્રણ કે જ્ઞાન દ્વારા કરી શકો. કોઈ પણ એક કે વધુ કે સર્વ દ્વારા તમે મુક્ત થઈ શકો. ધર્મનું આ જ સમગ્ર તત્ત્વ છે. શાસ્ત્રો, કર્મકાંડો, મન્દીરો, આદર્શ એ બધું ગૌણ છે.

–સ્વામી વીવેકાનન્દ

–ડૉ. શશીકાન્ત શાહ

લેખકસમ્પર્ક:

ડૉ. શશીકાન્ત શાહ, 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત–395 009 Phone : 0261-277 6011 Mobile : 98252 33110 eMail : sgshah57@yahoo.co.in

વ્યાપક પ્રસીદ્ધી પામેલા એમના પુસ્તક : ‘આનન્દનું આકાશ’( પ્રકાશક : શશીકાન્ત શાહ, 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, રાંદેર રોડ, સુરત–395 009 – પ્રથમ આવૃત્તી : ડીસેમ્બર, 2015, પુનર્મુદ્રણ : જાન્યુઆરી 2016, પૃષ્ઠસંખ્યા : 92, મુલ્ય : 60 રુપીયા)માંથી લેખકશ્રીની અનુમતીથી સાભાર..

આ જ વર્ષે આ ક્રાન્તીકારક વીચારોની પુસ્તીકાની ઈ.બુક પણ આપણને મળશે તેવા સમાચાર, ભાઈ ગોવીન્દ મારુ પાસેથી જાણી આનન્દ થયો.. ..ઉત્તમ ગજ્જર..

@

21-346 : 17-04-2016

## ગઝલ

- સુનીલ શાહ

અનુક્રમણીકા

.1.

જે મળે સ્વમાનના ભોગથી, એ સહાયતાનું હું શું કરું ?
અને હોય ઠાલી જો મન વીના, એ ઉદારતાનું હું શું કરું ?

કદી હાથ જોડું, નમાવું છું, કદી માથું કોઈની સામે; પણ,
ગમે ત્યાં મને જે ઝુકાવી દે, તો એ સૌમ્યતાનું હું શું કરું ?

ફરી શોધવું નથી રણ કશે, જે મળ્યું એ પુરતું છે હવે,
પછી ઝાંઝવાં અને રેતની નવી વારતાનું હું શું કરું ?

હું સતત ચડાવું છું સત્યને, અહીં રોજ તર્કની એરણે,
અહીં મારી શ્રદ્ધા અનોખી છે, તો એ માન્યતાનું હું શું કરું ?

ભલે ભક્તીભાવ સભર હશે, અહીં દાન, તપ અને શીલ પણ;
ન મળે હૃદયની વીશાળતા, તો એ ઉચ્ચતાનું હું શું કરું ?

.2.

દરરોજ એટલે, બધું ઉંચું વીચારું છું;
હું માત્ર મારું નહી, ભલું સૌનું વીચારું છું.

આ તપ્ત રણ વીશે લખું તો શું લખું હવે ?
ભીતર પડેલ સ્વપ્નને તરસ્યું વીચારું છું.

મનની નહીં, એ ત્રુટી સમજની ગણાય છે;
પડતું વીચારે તું, ને હું ચડતું વીચારું છું.

સાંભળવું, બોલવું, કશું લખવું, જવા દે તું;
સંવાદ થાય આંખથી એવું વીચારું છું.

મેં પત્રમાં પછી સવીનય એ જ લખ્યું કે,
હું મારું, તારી ભીતરે હોવું વીચારું છું.

.3.

ક્યાં જુએ છે દોસ્ત, તારું ધ્યાન ક્યાં છે ?
એ જ ને કે, આ જગતમાં સ્થાન ક્યાં છે ?

કેટલી સંપત્તી તેં ભેગી કરી'તી,
આખરી મુકામ પર સામાન ક્યાં છે ?

પાન તો ખરવાનું છે એના નસીબે,
વૃક્ષનું એમાં કશે અપમાન ક્યાં છે ?

ગોળ ફરતી માછલી વીંધાશે ક્યાંથી,
તીર છે પણ દોસ્ત, એ સંધાન ક્યાં છે ?

કોઈને બસ, સાંભળીએ ધ્યાનપુર્વક,
આપણી પાસે ભલા, એ કાન ક્યાં છે ?

.4.

એમ મારો સ્વભાવ રાખ્યો છે,
મેંય મારો પ્રભાવ રાખ્યો છે.

સાવ ધીક્કારના આ રસ્તા પર,
પ્રેમનો મેં પડાવ રાખ્યો છે.

દોડવાનું ’ને માર્ગ ખરબચડો,
તારો તેં રખરખાવ રાખ્યો છે ?

તુંય અજવાસ થઈ જશે ક્યારેક,
કેમ, ભીતર તનાવ રાખ્યો છે ?

જે હ્રદયમાં રહે છે હંમેશાં,
મેં ગઝલમાં એ ભાવ રાખ્યો છે.

.5.

નથી હું છોડવાનો એ પ્રયત્નોને કદી પણ,
ભલે દીવાલને તોડી નથી શક્યો હજી પણ.

મળે જો હાથને મારા, મુલાયમ સ્પર્શ તારો;
નથી જોવી પછી આ હસ્તરેખાઓ જરી પણ.

ખરેખર માર્ગ અઘરો છે ઘણોયે સાધનાનો,
પડે છે એ બધુંયે જાણવા ઓછી સદી પણ.

થશે અહીં તોરણોમાંથી જ કૈં તહેવાર જેવું,
તમે આવી જુઓ, આવી જશે એવી ઘડી પણ.

ગમે છે તર્કથી સઘળીયે ઘટનાઓને જોવી,
ભળે જ્યાં લાગણી, ત્યાં જોઉં છું જુદું કરી પણ.

.6.

બસ, અમે તો ત્યાં જ ઉભા રહી ગયા આઘાતમાં,
ચાલ ચાલીને ગયા એ વાતમાં ને વાતમાં!..

ત્યાં વળી સંવેદનાની શી અપેક્ષા રાખવી ?
જ્યાં તમે જીવી રહ્યા છો પથ્થરીયા જાતમાં !

આખું જીવન તો તમે કેવી નીરાંતે ગાળ્યું છે !
તોપ ક્યાંથી ફુટવાની કહો, હવે એક રાતમાં ?

હાસ્ય કોઈના મુખે જોઈ તમે સુખ ધારો નહીં,
છે ઘણા એવા, જે આંસુ સારે છે એકાંતમાં.

વૃક્ષ તો ઝીલ્યા કરે છે રોજ તડકા, વાંસા પર;
ઈશ્વરે બસ, એટલે ટહુકા દીધા સોગાતમાં.

.7.

બધું બગડી ગયાની બુમ ના પાડો,
તમે ખુદને સુધારીને તો દેખાડો !

તમે પડનારની ચીંતા કરો છો પણ;
કદી ત્યાં હાથ દીધો છે જરા આડો ?

પછી ત્યાં પ્રેમની આશા શી રાખો છો ?
ચણી છે ખુદના ભાઈ વચ્ચે જ્યાં વાડો !

ભલે નફરતની કોદાળી ચલાવે એ,
ભરી લો પ્રેમની માટીથી એ ખાડો.

કરો નહીં રોજ નીષ્ફળતા વીશે ચીંતા,
ઉગે છે રોજ આખ્ખોયે નવો દા’ડો.

.8.

દર્દભીનાં આંસુ શાને પાંપણે શણગારવાનાં ?
જેટલા શ્વાસો મળ્યા, એને હ્રદયથી માણવાના.

જે હકીકતમાં કદી પહેરી શકો નહીં, જીંદગીભર;
આંખની ખીંટી ઉપર એ સ્વપ્ન શાને ટાંગવાનાં ?

જીંદગી ચાલે નહીં કેં માત્ર એવી અટકળો પર,
કે, તમે ધારો અને રસ્તા ખુલે અહીં ચાલવાના.

અન્ય ભાષાને ભલે પંપાળવા નીકળી પડ્યા સહુ,
પણ, અમે તો ગુર્જરીમાં લાગણી કંડારવાના.

જો ! ગઝલનું ગાંડપણ કેવી દશા સર્જી રહ્યું છે,
મારું મન સોગંદ લે છે, દર્દને વીસ્તારવાનાં !

.9.

ચમકતા સુર્યને જોવું, ખરેખર ખુબ અઘરું છે,
કોઈનું તેજ જીરવવું, ખરેખર ખુબ અઘરું છે.

હજી તો ક્યાં અમારાથી અમારું પણ થવાયું છે !
થશું બીજાના એ ક્હેવું, ખરેખર ખુબ અઘરું છે.

બહુ થાકી ગયા હો તો વીસામો લઈ શકો છો, પણ;
સદા આ માર્ગ પર ટકવું, ખરેખર ખુબ અઘરું છે.

બધું મારું, નથી કૈં તારું - એ વાતાવરણ વચ્ચે,
બધાને જોડતાં રહેવું, ખરેખર ખુબ અઘરું છે.

નજાકત ડાળમાં હોવી જરુરી છે નહીંતર તો,
આ પંખીઓનું અહીં હોવું, ખરેખર ખુબ અઘરું છે.

.10.

થયું જે, ભલે એ અચાનક થયું છે,
અમારુંય કોઈ તો ચાહક થયું છે !

ન નક્કી હતું કંઈ, વીચારેલું પણ નહીં,
છતાં, એને મળવાનું સાર્થક થયું છે.

બધાની સમાવી શકે લાગણીઓ,
હૃદય એટલું, દોસ્ત ! વ્યાપક થયું છે.

હકીકતની સાથે પરણવું છે એને,
હવે સપનું ઉંમરને લાયક થયું છે.

સતત તુટતા પ્હાડ જોયા છે એણે,
ઝરણ બ્હાવરું ને અવાચક થયું છે.

.11.

છાંયડાનું હું માન રાખું છું,
વૃક્ષ નીચે મકાન રાખું છું.

ધારું, હંકારું એમ નૌકાને,
હાથમાં હું સુકાન રાખું છું.

એ અલગ છે કે, તેં કહ્યું નહીં કૈં,
હું તો સરવા જ કાન રાખું છું.

ક્યાં હું પરબીડીયાને જોઉં છું ?
ફક્ત કાગળનું ધ્યાન રાખું છું.

પથ્થરોનો હું પી ગયો છું ડર,
કાચઘરની દુકાન રાખું છું.

સુનીલ શાહ

કવીના આગામી મે–2016માં પ્રગટ થનારા ગઝલસંગ્રહ 'પાંખોની દોસ્તી રાખી છે'માંથી સાભાર....

**કવીસમ્પર્ક:**
શ્રી. સુનીલ શાહ, એન-101- ન્યુઝ એવન્યુ એપા., સ્નેહસંકુલ વાડીની ગલીમાં, અડાજણ, આનંદ મહલ રોડ, સુરત-395 009
મોબાઈલ-94268 91670

ઈ.મેલ : sunilshah101@gmail.com

Blog: http://sunilshah.wordpress.com/

FB: https://www.facebook.com/sunil.shah.378199

@

22-347 : 01-05-2016

# 'એકલતા' અને 'બેકલતા'

– ચન્દ્રકાન્ત બક્ષી

અનુક્રમણીકા

પીડા કરતાં પણ એકલતા વધારે ભયંકર છે. કારણ કે પીડા સહ્ય થઈ જાય છે; એકલતાનું વજન અસહ્ય બની જતું હોય છે. એકલતા પુરુષત્વની અગ્નીપરીક્ષા છે.

એકલતાને માટે અંગ્રેજી ભાષા પાસે બે શબ્દો છે : 'અલોનનેસ' અને 'લોનલીનેસ', અને આ બે શબ્દો વચ્ચે એક તાત્ત્વીક ફર્ક છે. જ્યારે તમે બારી બંધ કરીને દુનીયાને બહાર ફેંકી દો છો ત્યારે તમે એકલા છો, 'અલોન' છો, દુનીયાની દયા ઉપર નથી, તમે ખુદમુખ્તાર છો, તમે તમારા બંધ સામ્રાજ્યના સમ્રાટ છો. તમારી હવેની જીન્દગીનો ગ્રાફ તમે નક્કી કરો છો, તમારી હથેળીની રેખાઓ પર તમારો અખ્તીયાર સમ્પુર્ણ છે. જ્યારે દુનીયા તમને ફેંકી દે છે અને તમે તલસો છો કે કોઈક પાસે, જોડે, પડખે હોવું જોઈએ, તમે લાચાર અને મોહતાજ બની જાઓ છો, દયા એક સહારો બની જાય છે, મોહબ્બત નહીં પણ મહેરબાનીની દીશામાં તમારી આંખો અપલક તાકી રહી છે, ત્યારે તમે 'લોનલી' બની જાઓ છો. મર્દ અલોન હોય છે, નામર્દ લોનલી હોય છે. મર્દ તુટી જઈ શકે છે, નામર્દ ટકી જઈ શકે છે. પણ એકલતા, અલોનનેસ હોય કે લોનલીનેસ હોય, એક ભયાનક દુ:સ્થીતી છે. જીવનમાં કંઈ ઘટના જ ન ઘટે,

એના કરતાં કંટાળો બહેતર છે; કારણ કે કંટાળો કમથી કમ બુદ્ધી વીદ્રોહનું લક્ષણ છે.

મીત્ર વીનેશ અંતાણી કહે છે એમ, 'પીડા કરતાં પણ એકલતા વધારે ભયંકર છે. કારણકે પીડા સહ્ય થઈ જાય છે, એકલતાનું વજન અસહ્ય બની જતું હોય છે. એકલતા પુરુષત્વની અગ્નીપરીક્ષા છે.' ઘરમાં એકલી રહેતી સ્ત્રી અને ઘરમાં એકલો રહેતો પુરુષ એ ભીન્ન મનુષ્યપ્રાણીઓ છે. સ્ત્રી પતીના મૃત્યુ પછી 20-30 વર્ષો સુધી તુટન ભરેલું પણ સામાન્ય જીવન જીવી લે છે, જીવી શકે છે. વૈધવ્ય એ ઘણીવાર જીવનનો લેફ્ટ કે રાઈટ ટર્ન છે. પત્નીના મૃત્યુ પછી પુરુષ તુટનની સાથે સાથે ઘુટન ભરેલું જીવન જીવવાનો આયાસ કરે છે, જે શેષશુન્ય 'લેફ્ટઓવર લાઈફ ટુ લીવ' છે, એ જીવનને લેફ્ટ કે રાઈટ ટર્ન નથી, માત્ર ડેડ-એન્ડ છે. 'કલ દ'સેક' છે, ખાસ કરીને જો એ ઉત્તરાવસ્થામાં વીધુર થયો હોય તો...!

વર્ષો પહેલાં મેં એક નવો ગુજરાતી શબ્દ બનાવ્યો હતો : 'બેકલતા!' ગુજરાતીઓનો આ અનુભવ હવે ફેલાતો જાય છે. પતી અને પત્ની હોય, દીકરી પરણી ગઈ હોય, દીકરો અન્યત્ર રહેતો હોય અથવા વીદેશમાં હોય, અથવા બન્ને વીદેશમાં રહેતાં હોય, રંગીન ફોટાઓ જોયા કરવાના, પૌત્ર-પૌત્રી કે દોહીત્ર-દોહીત્રીના, ફોન પર વાતો કરતા રહેવાનું, દસ-અગીયાર કલાક ઘડીયાળને પાછળ મુકીને, અને ઘરમાં બે જણાએ સાથે સાથે બુઢ્ઢા થતા જવાનું. સંતાનો એમનાં સુખની દીશામાં ઉડી ગયાં છે એટલે 500 ફીટનો ફ્લેટ 750 ફીટનો બની ગયો છે. ધીરે ધીરે સમવયસ્ક મીત્રો, પરીચીતો, સગાંઓમાંથી દર વર્ષે કોઈકની

બાદબાકી થતી રહે છે. અને એક દીવસ, જ્યારે ગોઠણોમાં દર્દ વધી ગયું છે અને જમણા કાનમાં ઓછું સંભળાય છે અને ડાબી આંખમાં મોતીયો પાકવા આવ્યો છે; ત્યારે ઘરમાંથી એક વ્યક્તી ચીરવીદાય લે છે. દીવાલ પર ફોટો, અને સુખડનો હાર, અને છાતી પીસાઈ જાય એવી એકલતા.

ઘરમાંથી સંપુર્ણ બાદબાકી થઈ ગઈ છે. હવે વર્ષો ઓછાં રહ્યાં છે અને સમય ખુટતો જ નથી ! ખુલ્લી આંખો માત્ર ભુતકાળને જ જોયા કરે છે. રોજ બારી પર આવીને બેસતા કાગડાને પણ ખબર પડી ગઈ છે કે ઘરમાં બીજી કોઈ વ્યક્તી નથી...

એકલતામાં જીન્દગીનો રંગ ટૅકનીકલરમાંથી બ્લેક ઍન્ડ વ્હાઈટ બનતો નથી, સેપીઆ બની જાય છે, ધુસર, ધુમીલ, અતીતની પર્ત ચડેલો, જ્યારે આશીર્વાદ અને અભીશાપ વચ્ચેની ભેદરેખાઓ એકબીજામાં ઓગળી જાય છે. વાણીની બુઝાતા જવાની સ્થીતી, જે મૌન નથી, વીચારોના બુદબુદા અંદરથી ઉઠતા રહે છે, ચકરાયા કરે છે, ગુમડાતા રહે છે; પણ અવાજ નથી, સમ્વાદ નથી. નાટકમાં સ્વગતોક્તી માટે પણ સામે અંધકારમાં બેઠેલા દર્શકોના શ્વાસોચ્છ્વાસ જોઈએ છે, ઘરમાં સ્વગતોક્તી નથી, બીજો શ્વાસોચ્છ્વાસ નથી, જીવંત મૌનની હુંફ નથી. જમણા હાથની હથેળીમાં બુદ્ધીની પણ એક રેખા હતી, એ ક્યાં ગઈ? એકલતાના તરફડાટમાંથી શું જન્મે છે? સંગીત? કે પ્રાર્થના? કે આત્માનો વીલાપ બની જાય એ આબોહવા?

અમેરીકામાં એક સ્ત્રીમીત્રના વીશાળ વીલાના કીચનમાં અમે બન્ને ઉભાં હતાં, વાતો કરતાં હતાં, હું તારીફ કરી રહ્યો હતો

કે તમારું સ્વાસ્થ્ય સરસ થઈ ગયું છે. પાછળ કોલ્ડ સ્ટોરેજ જેવાં ત્રણ વીરાટ ફ્રીજ ઉભાં હતાં, અને આસપાસ દુનીયાભરનાં લેટેસ્ટ ગેજેટ્સ ગોઠવેલાં હતાં. એ વીદુષી સ્ત્રી હતી, એણે ડૉક્ટરેટ મેળવી હતી. એણે કહ્યું : ‘શરીર સરસ નથી થયું, શરીર જાડું થઈ રહ્યું છે ! ખબર છે, શા માટે ?’ અને એણે જરા રોકાઈને કહ્યું : ‘એકલતા! ખાલીપો! આઠ રુમ છે અને ઘરમાં સવારે ૪ વાગ્યાથી સાંજ સુધી હું એકલી જ હોઉં છું અને એકલતામાં સ્ત્રી શું કરે ? ખાય, ખાધા કરે !’ એકલી સ્ત્રી ખાય અને એકલો પુરુષ ? પીએ ! કદાચ શરાબી બનવા માંડે. એકલતાથી સ્ત્રી ગ્લટન બની જાય છે અને પુરુષ આલ્કોહૉલીક બની જાય છે ! આ વાતમાં હું માનું છું. પુરુષ જો સંયુક્ત પરીવારમાં હોય, પારીવારીક બન્ધનો અને મર્યાદાઓની પરીધીમાં જીવતો હોય તો, એને માટે શરાબી થવું એટલું સરળ નથી. એનાથી મોટી વયના અને એનાથી નાની વયનાની સાથે એક જ સીલીંગ નીચે જીવતાં રક્તસમ્બન્ધીઓ સાથે જીવતો માણસ એકલતાની ઘુટનથી બચી શકે છે. ધર્મ અને સમાજ અને કુટુમ્બનાં પરીબળો એને વીચલીત થવા દેતાં નથી. પણ જ્યાં પરીવાર સીમીત છે અને છપ્પરની નીચે એકલા જીવવાનું છે અને જીન્દગી સુર્યાસ્ત તરફ ઢળી રહી છે; ત્યાં અંકુશ કે આમન્યા અપ્રસ્તુત બની જાય છે. શરાબ દોસ્તીના ખાલી સ્લોટમાં ફીટ થઈ જાય છે અને કામચલાઉ રાહતનો, હુંફનો, ઉષ્માનો એક આભાસી અહેસાસ પણ જરુર થાય છે.

એકલતા, ભીંસી નાંખે એવી એકલતા, ઘુટન દબાવીને જીવતા પુરુષને આલ્કોહૉલીક બનાવી શકે છે અને એ સૌથી

મોટું ભયસ્થાન છે. અને સાંજ બહુ ક્રુર સમય છે, તુટેલા પુરુષ માટે નીર્વીરોધ પરાજય સ્વીકારવાનું એ મુહુર્ત છે અને જીન્દગીની અન્તીમ ક્ષીતીજ સ્પર્શી શકાય એટલી પાસે આવી જાય ત્યારે, અને શાંત ‘બેકલતા’ જ્યારે અશાંત ‘એકલતા’ બની ગઈ હોય ત્યારે, ભગવદ્ગીતાનો અંગો સંકોરતો કાચબો યાદ આવતો નથી; ચીની કહેવતનો કાચબો યાદ આવ્યા કરે છે : બળેલો કાચબો પોતાની યંત્રણા સંતાડીને જ જીવે છે...

અને આકાશ અને ધરતીની વચ્ચે દુનીયા ફરતી રહે છે. સુર્ય ઉગતો રહે છે, ડુબતો રહે છે, અન્ધકાર જામતો રહે છે, પ્રકાશ ફુટતો રહે છે, ઠંડું અને ગરમ નામની બે વીરોધીતાઓને પણ માણસ પ્રફુલ્લીત મને સ્વીકારતો રહે છે, વીભોર થતો રહે છે, મનુષ્યની જાનવરી ક્રીયાઓ થતી રહે છે, ચડવું અને પડવું, ઉંઘવું અને જાગવું, થાકવું અને ફ્રેશ થઈ જવું, મજદુરી કરવી અને આરામ કરવો, બાળકનું રડવું અને હસવું, પ્રશ્નો અને ઉત્તરો, તર્ક અને શ્રદ્ધા, સ્વર અને ગીત, રંગ અને ડીઝાઈન, પથ્થર અને મુર્તી, પાણીનો સ્વાદ, રોટીની ભાપ, આંસુની ખારાશ, લોહીની લાલાશ, ફુલ, ખુરશી, આગ, સ્ત્રી, નમો અરીહંતાણં અને એકલતા.

ક્લૉઝ અપ :

અક્ષર બક્ષર કાગળ બાગળ શબ્દો બબ્દો
પરપોટે બરપોટે ક્યાંથી દરીયો બરીયો?
કલમ બલમ ને ગઝલ બઝલ સૌ અગડમ્ બગડમ્
અર્થ બર્થ સૌ વ્યર્થ ભાવ તો ડોબો બોબો

- ભગવતીકુમાર શર્મા : ‘ગઝલ બઝલ’માંથી

–સદા બહાર સ્વ. ચન્દ્રકાન્ત બક્ષી

13 માર્ચ, 2004ના ‘અભીયાન’ના પાન ક્રમાંક 9 ઉપરથી સાભાર..

બક્ષીસાહેબના નામ સામે સ્વ. લખવા દીલ ના પાડે. હા, ખબર છે કે હવે બક્ષી નથી; પણ એમની કલમની પ્રસાદી આપણી પાસે છે. ડૉ. શશીકાંત શાહની પુસ્તીકા ‘આનંદના આકાશ’ના છેલ્લા પ્રકરણને છેવાડે, છેલ્લા પાનના ‘મેઘધનુષ’માં બક્ષીનું એક અવતરણ મુક્યું છે. બક્ષીસાહેબ લખે છે : *‘લેખન ખુબ ખતરનાક વ્યવસાય છે. શહાદતની તૈયારી હોય તો જ લેખક અને કલાકાર બનવું જોઈએ. હું લોકોની ભાષામાં જ લોકોની વાત કરું છું; માટે જ લોકો મને આટલો બધો વાંચે છે... અને એક સાંજે હું ચાલ્યો જઈશ ધુમાડો પહેરીને... ફક્ત બાલ્કનીના તડકામાં મારો સલ્ફ્યુરીક મીજાજ તરતો હશે.’*

મને ગમતા લેખો સામયીકમાંથી ફાડીને સંઘરવાનો મને શોખ. તેવા મારા સંગ્રહના પીળાં પડી ગયેલાં પાનાંમાં એમના બે લેખ મને હાથ લાગ્યા. બક્ષી ત્યારે ‘અભીયાન’માં લખતા. ૨૦ માર્ચ, ૨૦૦૪ના અંકમાં એમણે લખ્યું : ‘સત્ય એ છે... કે નથી, અને નથી એ જ સત્ય છે.’ પત્નીના દેહાવસાન પછીની વાત એમાં છે. તે લેખ કદીક બીજી વાર લખીશ. પણ તે પહેલાના ૧૩ માર્ચ, ૨૦૦૪ના અંકમાં તેમણે આ ‘એકલતા’ અને ‘બેકલતા’વાળો લેખ લખ્યો હતો. સૌ જાણે છે કે દામ્પત્યમાં મોડેવહેલે, અલ્પ સમય માટે કે લાંબા કાળ માટે

સૌના જીવનમાં ‘એકલતા’નો આવો તબક્કો આવવાનો જ છે. મનુષ્યજીવનની એ જ નીયતી છે..

સલામ બક્ષીસાહેબ ! ..ઉત્તમ ગજ્જર.. અને સમ્પાદકો.

@

23-348 : 15-05-2016

# દવાનો મારગ છે શૂરાનો

– ગુણવન્ત શાહ

અનુક્રમણીકા

તમને હજી સુધી ડાયાબીટીઝ નથી થયો? તમારી પાસે રુપીયા દસ કરોડ બેંકમાં જમા પડેલા છે એમ માનજો . ડાયાબીટીઝ આજની માનવજાતને પજવનારો સૌથી ખતરનાક ‘સેતાન’ છે .એનું નામ મેં ‘દુર્યોધન’ પાડ્યું છે .ડાયાબીટીઝ એક એવો દરવાજો છે, જે ઘણા જીવલેણ રોગોનું પ્રવેશદ્વાર છે . બ્લડપ્રેશર, કીડની, આંખ, લીવર અને છેવટે હૃદય પર એની કુદૃષ્ટી થતી હોય છે .ડાયાબીટીઝના પ્રવેશદ્વાર પર સુંદર અક્ષરે લખેલો શબ્દ છે :‘મૃત્યુદ્વાર.’

તમને ડાયાબીટીઝ છે એવું જો ડૉક્ટર એક દીવસ કહી જ દે, તો તમે તમારો જ બધો વાંક છે એમ માનીને જાતને કોચવા ન માંડશો .ડાયાબીટીઝ ઘણુંખરું ઉપરથી ટપકી પડે છે . તમને લાંબા વારસામાં તે મળ્યો છે અને એમાં તમારો કોઈ જ વાંક નથી .ગળપણ ખાધું તેથી ડાયાબીટીઝ થયો, એવી માન્યતા છીછરી છે .ડાયાબીટીઝ દાખલ પડી ગયો તે તમને કદી પણ નહીં છોડે; નહીં છોડે અને નહીં જ છોડે એનો સ્વભાવ ‘વફાદાર પ્રીયજન’ જેવો છે .દગો દઈને માલીકને મૃત્યુ પહેલાં છોડી દેવાનું એને મંજુર નથી .ડાયાબીટીઝ જાહેર થાય પછી એક સુન્દર ઘટના બને છે .ગાગરીયું પેટ ધરાવતો ખાઉધરો

'લલ્લુ' ચાલવાનું શરુ કરે છે અને થોડાક ઠાલા ગૌરવ સાથે મહેમાન તરીકે કહે છે :'ચા લઈશ; પણ ખાંડ વીનાની.'

ડાયાબીટીઝે એન્ટ્રી મારી તે પહેલાં એ લલ્લુ આળસુનો પીર હતો અને એક કીલોમીટર છેટે જવું હોય તોય પોતાના પ્રીય ટાંટીયાને તકલીફ આપવા તૈયાર ન હતો .ડાયાબીટીઝ એને એક અનોખું જીવનદર્શન પુરું પાડે છે :'ટાંટીયા તો ચાલતા ને દોડતા જ સારા.' આવા નુતનદર્શનને કારણે ક્યારેક ડાયાબીટીઝનો દરદી જીવન અંગેની સભાનતાને કારણે અને મૃત્યુના ડરને કારણે; લાંબું જીવી જાય છે .શું આ જેવીતેવી વાત છે? આજકાલ હું પ્રીય મીત્ર કાન્તી ભટ્ટનું સ્મરણ કેમ વધારે કરું છું? એમણે એલોપથીની દવાઓ સાથે જોડાયેલાં માર્કેટનાં અને મેડીકલ વ્યવસાય સાથે જોડાયેલા ભ્રષ્ટાચારને અસંખ્ય વખત ખુલ્લો પાડીને મોટી સેવા કરી છે .મને પણ એલોપથી પ્રત્યે કોઈ પ્રેમ નથી; પરંતુ કરોડો લોકોનો એ અનુભવ છે કે એલોપથી વારંવાર યમરાજને પાછા વાળનારી સંજીવની પણ છે .હું પોતે આજે જીવું છું તે કેવળ અને કેવળ એલોપથીના આશીર્વાદને કારણે જ જીવું છું.

આવી માતૃસ્વરુપા એલોપથીની નીંદા કરવા માટે કેટલા ટન દંભની જરુર પડે? મારા પ્રીય મીત્ર ડો .પી .જી . પટેલને કેન્સર થયું છે .માઈક્રો તપાસની વણઝાર પછી કીમો થેરપી શરુ થઈ ગઈ અને એવું તારણ નીકળ્યું કે ટ્રીટમેન્ટ ઉપકારક બનીને મીત્રને હજી જીવન્ત રાખવાની છે .એ ટ્રીટમેંટ

એટલે દવાઓ, દવાઓ અને વધારે દવાઓ. દવાઓ ખર્ચાળ જ હોય છે .ટ્રીટમેંટ ન મળે તો મૃત્યુ ઢૂંકડું ! બોલો કરવું શું? તમે કદાચ જોયું હશે કે ડૉક્ટરે જાહેર કરેલો મરણાસન્ન દરદી, ભક્તીમાર્ગી બની જાય છે અને જીવતેજીવત પ્રભુની લગોલગ રહેતો થઈ જાય છે .મને દવામય જીવન જીવવાની હવે ટેવ પડી ગઈ છે .સવારે નાસ્તા સાથે ત્રણ ગોળી, બપોરે ભોજન સાથે બીજી ત્રણ ગોળી અને રાતે ભોજન પછી બીજી બે ગોળી જીવનમાં ક્યારેય આવો ‘ગોળીબાર’ નહીં વેઠેલો. તેથી ગાંધીજી વારંવાર યાદ આવે .કેમ? તે કે બાપુ આવા ગોળીબાર માટે કદી સમ્મતી ન આપે.

બાપુ કહેવાના :‘રામનામથી રોગ સારો થાય છે.’ બોલો શું કરવું? કવીતા રચીને છુટી જવું અને આદરપુર્વક બાપુને કહેવું :'બાપુ ક્ષમા કરજો .જે તમને પચે તે અમને ન પચે . અમારા મૃત્યુથી આ દુનીયામાં કોઇ જ ખોટ પડે તેમ નથી; તોય અમે જીવવા ઝંખીએ છે .અમે મહાત્મા નથી.’ દવા જીવનવર્ધીની છે તેથી એની સાઈડ-ઈફેક્ટની વાતો કરી કરીને એના પર માછલાં ન ધોશો .પેઈન-કીલરની ગોળી જરુર પડે અવશ્ય લેવી, પરંતુ ઝટપટ ઝટપટ ને હોંશે હોંશે ન લેવી .જેણે પેઈન-કીલરની શોધ કરી એ સંશોધકને લાખ ધન્યવાદ આપજો .એન્ટી-બાયોટીક્સની ગોળીની નીંદા કરવાની ઉતાવળ કરશો નહીં . એના આશીર્વાદ એવા, કે થોડી નબળાઈ આપતી જાય; પણ મુખ્ય પીડા કે દર્દ દુર કરતી જાય.

એન્ટી-બાયોટીક્સનું મેં નામ પાડયું છે :'ત્રીજટા.' લંકાની અશોકવાટીકામાં દુખી સીતાને ત્રીજટા નામની રાક્ષસીએ છુપી મદદ પહોંચાડીને સીતાને માનસીક રાહત આપી હતી) .આજે પણ કાર્તીકી પુનમને દીવસે કેટલાંક મંદીરોમાં ત્રીજટાની પુજા થાય છે .'ઈન્ડીયા ટુ ડે', ૨૪-૦૧-૨૦૦૧, પાન ૬૮ .(મને છેલ્લાં બે વર્ષથી કફની તકલીફ રહેતી હતી .સામાન્ય ઉપચારથી ન જ મટ્યું તેથી માઈક્રો-માઈક્રો તપાસ શરુ થઈ .સીટી-સ્કેન, બ્લડ–ટેસ્ટ, શ્વાસનું જોર માપવાનો ટેસ્ટ અને ચાલવાની તથા ચાલ્યા પછીની શ્વાસોચ્છ્વાસની પરીસ્થીતી. બંદા તો કામે લાગી ગયા ! કમબખ્ત ગળફો, કમબખ્ત ખાંસી, કમબખ્ત ગળફાની લેબોરેટરીમાં અતી બારીક તપાસ અને કમબખ્ત સ્પુટમ-ટેસ્ટ પછી સ્ટીરોઈડ લેવાની સલાહ !બાપ રે બાપ ! આંટાફેરા શરુ થઈ ગયા અને વાતચીતમાં બસ, કફ મહાશયની જ ચર્ચા ! સ્ટીરોઈડ લેવાનું શરુ થયું; ત્યાં સ્ફુર્તીજ સ્ફુર્તીમહાભારતનું ભાષ્ય લખવાની મજા ઓર વધી ગઈ .કાર્યક્ષમતામાં જાદુઈ વધારો અને બંદા ખુશ ખુશ !એ સ્ટીરોઈડે માનસીકતા બદલી નાખી.

સ્ફુર્તીવધી તેને મેં 'હરામની કમાણી' ગણાવી .એ સ્ટીરોઈડને કારણે કફ ગાયબ થયો અને જીવનનો આનંદ હતો તેમાં વધારો થયો .સ્ટીરોઈડથી થતું નુકસાન પણ, પેલી એન્ટી-બાયોટીક્સની જેમ જ ત્રીજટાના કુળનું છે .સ્ટીરોઈડનું નામ શું રાખીશું? મને ધૃતરાષ્ટ્રપુત્ર 'યુયુત્સુ' નામ જડ્યું છે .યુયુત્સુ મહાભારતના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં રહીને દુર્યોધનની સેના

સામે લડ્યો હતો .'યુયુત્સુ' ધૃતરાષ્ટ્રની વૈશ્ય દાસીથી પેદા થયેલો સુપુત્ર હતો.

દવાપ્રેમ નથી; પરંતુ દવા પ્રત્યેનો મારો ઉપકારભાવ ભુલી શકાય તેમ નથી .જે દવા જીવનદાયીની અને મૃત્યુમર્દીની હોય તેની નીંદા કરવામાં મને તમોગુણી દંભની દુર્ગંધ આવે છે . આ વાત કાંતીભાઈને શી રીતે સમજાવવી? બધા દેશોની સેંકડો પ્રયોગશાળામાં ચાલતી વીજ્ઞાનીઓની સાધના માનવ-કલ્યાણ માટે છે .

એનું મુલ્ય ઓછું ન આંકી શકાય .મને પણ ફળાહાર, અન્નાહાર, શાકાહાર ખુબ ખુબ ગમે છે .સાત્ત્વીક ભોજન લઈને જ મેં જીવન વીતાવ્યું છે .જીવનમાં ક્યારેય જરુર કરતાં વધારે એવો એક કોળીયો પણ પેટમાં પધરાવ્યો નથી .રોજ એક કલાક ખુલ્લી હવામાં ચાલવાની ટેવની ગોલ્ડન જ્યુબીલી ઉજવી શકાય તેમ છે .આમ છતાં ૬૬ વર્ષની ઉંમરે ‘દુર્યોધન’ ડાયાબીટીઝ જીવનમાં પેઠો તે પેઠો? આજે જીવન ‘દવામય’ બન્યું છે; પરંતુ ‘દયામણું’ નથી બન્યું .જાહેર પ્રવચન કરવાનું બને ત્યારે મારા પ્રીય શ્રોતાઓને ખ્યાલ સુધ્ધાં નથી આવતો કે વક્તા મંચ પર આવતાં પહેલાં શી શી કાળજી રાખીને આવ્યા છે !

એ વક્તાનો દેખાવ-દમામ જુઠો છે.એ તો અંદરથી ખવાઈ ગયો હોવા છતાં; ટટ્ટાર હોવાનો ડોળ કરી રહ્યો છે . શ્રોતાઓ તાળી પાડે ત્યારે અંદરથી ન ફુલાય તેવો વક્તા બનવાનું હજી બાકી છે .‘થોડી સી બેવફાઈ–’ એક કવીતા ઉગી

છે .એ પ્રતાપ પણ સ્ટીરોઈડનો હશે કે શું? એ કવીતાની પ્રેરણા, ભક્તકવી પ્રીતમના જાણીતા ભજન ‘હરીનો મારગ’માંથી પ્રાપ્ત થઈ છે .ભાવના પ્રગટ થાય ત્યારે ‘અકવીતા’ પણ સાર્થક થતી હોય છે .સાંભળો :

‘દવાનો મારગ છે શુરાનો,
નહીં કાયરનું કામ જોને.
પરથમ પહેલું પ્યાલું મુકી,
વળતી લેવી ગોળી જોને.
માથા સાટે મોંઘી વસ્તુ,
સાંપડવી નહીં સહેલ જોને.
બચી ગયા તે ખાટલો છોડી,
જીવતા રહ્યા તે જાદુ જોને.
વાત તો સાચી, પરંતુ કરવું શું?
કૃષ્ણમ્ શરણમ્ ગચ્છામી
સુર્યમ્ શરણમ્ ગચ્છામી
ડૉક્ટરમ્ શરણમ્ ગચ્છામી'

પાઘડીનો વળ છેડે

શાકાહારમાં પ્રોટીનની કમી રહી જાય છે એ એક ભ્રમ છે .
વેજીટેરીયન આહાર, રમતવીરો માટે વધારે સારો છે ;કારણ કે
એમાં એસીડીટી ઓછી હોય છે.

ડો .શીખા શર્મા

હેલ્થ એક્સ્પર્ટ

*‘હું જ્યારે જ્યારે હરીફાઈ માટે પ્રવાસ કરું છું ત્યારે કાયમ ફળોનો રસ લેવાનો જ આગ્રહ રાખું છું .મેચ શરુ થવાની તૈયારીમાં હોય તે પહેલાં એક કેળું ખાવાનું રાખું છું’.*

યોગેશ્વર દત્ત -

ઓલીમ્પીકમાં કુસ્તી માટે બ્રોન્ઝ મેડલ મેળવનાર ખેલાડી

નોંધ :ગુજરાતના યુવાન મીત્રોને વીનંતી કે તેઓ ફેશનને નામે નોનએમની .વેજ ખાવાનું આજથી જ બંધ કરે- સાથે કોણ કોણ છે? **જવાબ છે** : પાયથોગોરસ, એરીસ્ટોટલ, શેક્સ્પીયર, વડ્ઝવર્થ, લીઓ ટોલ્સ્ટોય, આઈન્સ્ટાઈન, ગાંધીજી, મેડોના અને અમીતાભ બચ્ચન!

દવા જીવનવર્ધીની છે. તેથી એની સાઈડ-ઈફેક્ટની વાતો કરી કરીને એના પર માછલાં ન ધોશો .પેઈનકીલરની - લે ગોળી જરુર પડે અવશ્યવી પરંતુ ઝટપટ ઝટપટ ને હોંશે હોંશે ન લેવી .એન્ટીબાયોટીક્સની ગોળીની નીંદા કરવાની - .ઉતાવળ કરશો નહીં

–ગુણવન્ત શાહ

27 July, 2014ના ‘દીવ્ય ભાસ્કરની રવીવારીય પુર્તી’ ‘સન્ડે ભાસ્કર માંથી’લેખકશ્રીની અનુમતીથી આ લેખ સાભાર ...

..ઉત્તમ ગજ્જર..

લેખકસમ્પર્ક :

ગુણવન્ત શાહ–’ટહુકો‘ ,139 ,રોડ ,પી.જે ,વીનાયક સોસાયટી , વડોદરા–390 020

લેખકનો બ્લોગ : http://gunvantshah.wordpress.com/

આ લેખના અનુસન્ધાનમાં 07-05-2006ના દીવસે મોકલાયેલી 048મી 'સ.મ.'માં પીરસાયેલો ગુણવન્તભાઈનો એક લેખ '..એલોપથીને અમથી વગોવશો નહીં' : જોઈ જવા જેવો છે. વાચકોને વીનંતી કે નીચેની લીંક પર ક્લીક કરી . અવશ્ય વાંચે :

http://www.gujaratilexicon.com/literature/sundayemahefil/300

@

24-349 : 29-05-2016

# ગઝલ

– ઉદયન ઠક્કર

અનુક્રમણીકા

બરાબર 29-05-2005થી શરુ થયેલી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ નામક ‘સુ–વાચનયાત્રા’, અગીયાર વર્ષ પુરાં કરી, ‘બારમા’ વર્ષમાં પ્રવેશે છે.. અમે, સૌ સર્જકોના, સમ્પાદનના કાર્યમાં સદાયના સહાયક સ્વજનોના અને દેશવીદેશે પથરાયેલા સૌ ગુજરાતીના રસીયા વાચકોના ઋણી છીએ.. એક જ અફસોસ કે લેક્સિકનના પ્રણેતા રતીકાકા હવે આપણી વચ્ચે નથી.. અને બીજું, હવે ‘સ.મ.’ સાપ્તાહીક મટી પાક્ષીક બની છે.. ‘સ.મ.’ના સમ્પાદકો તરફથી સૌનો ખુબ ખુબ આભાર.. આભાર.. આભાર..

***

અને હવે માણો ઉદયન ઠક્કરની સદાબહાર ગઝલો

ગઝલ

ઉદયન ઠક્કર

.1.

વાતેવાતે શેનું મોડું થાય છે ?
ઘાસ, તુર્ત જ દુધ થોડું થાય છે ?

મેઘની પાછળ ને પાછળ કુંજડી,
ને મને પણ દોડું-દોડું થાય છે.

થાય સીધાં કામ આ વરસાદમાં ?
જો, કીરણ પણ જળમાં ખોડું થાય છે.

શેરને તું શ્લોક માફક બોલ મા !
રેડીયમ કંઈ સુર્ય થોડું થાય છે ?

રોકતાં રોકી તો લીધી આ ગઝલ,
ફેફસાંમાં વાવાઝોડું થાય છે.

.2.

રુપ રહેવા દે મ્યાન, આપી દઉં,
ખંડણીમાં ગુમાન આપી દઉં.

ભુલથી પણ એ ભાવ પુછે તો...
આખે આખી દુકાન આપી દઉં.

મોસમે પુછ્યું, આંખ મીચકારી,
'એક ચુંબન શ્રીમાન આપી દઉં?'

પાનખર આવે તો ભલે આવે,
એને પણ માન-પાન આપી દઉં.

કાં તો ભમરાને ગાન ના આપું,
કાં તો કળીઓને કાન આપી દઉં.

બોલ્યા પંડીત પતંગીયું જોઈ,
‘ક્યારે પકડું, ને જ્ઞાન આપી દઉં!’

.3.

કમળદળને ભીંજાવીને અમે પણ જોઈ લીધું છે,
કોઈને યાદ આવીને અમે પણ જોઈ લીધું છે.

તમારું મુખ કોઈ કીસ્મતની બાબત હોય એ રીતે,
હથેળીમાં છુપાવીને અમે પણ જોઈ લીધું છે.

કદી વીદ્યુતપ્રવાહોથી રમત સારી નથી હોતી,
જરા નજરો મીલાવીને અમે પણ જોઈ લીધું છે.

કોઈને ક્યારેક્યારે, કોનુંકોનું, આવે છે સપનું,
કદીક એમાં જ આવીને અમે પણ જોઈ લીધું છે.

ઉજાસો ઝળહળાવીને તમે જે માંડ જોયું, એ,
તીમીરને ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

જીવાદોરી હવે તો રાખવી છે સાવ સીધીસટ,
કે વળ પર વળ ચડાવીને અમે પણ જોઈ લીધું છે.

કયા હોઠોએ તૈયારી કરી છે ફુંકને માટે,
એ દીવો ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

અહીં ચારીત્ર્યની છાપેલી કીંમત દોઢ રુપીયો છે,
એ અખબારો મગાવીને અમે પણ જોઈ લીધું છે.

.4.

નાગરી નાતને પાન-સોપારી ને એલચીનાં બીડાં ચાવવા દે,
હાં રે ! નરસીંહના પદ તણી ઠેસથી ઝુલતા ઝુલણે ઝુલવા દે.

આપણે તો ભલો એક કેદાર ને આપણો તો ભલો એકતારો,
જુજવા સુરમાં, અવનવા તાલમાં, વીશ્વ બાજી રહ્યું, બાજવા દે.

આંખ મીંચીને ક્હેતાં તો મેં કહી દીધું, સૃષ્ટી સોહામણું સોણલું છે,
પાછલા પ્હોરનાં પોપચાં સુર્યના ટાંકણે-ટાંકણે ખુલવા દે.

વાદળી વાયરામાં વહેતી જતી, વેલી પણ વૃક્ષને વીંટળાતી,
ચાંચમાં ચાંચ પારેવડાં પ્રોવતાં, મોસમોનું કહ્યું માનવા દે.

.5.

પીળચટ્ટો, જ્યાં અડ્યો ભુરાને લીલો થઈ ગયો,
તાપ ને વર્ષામાં વૃક્ષોનો કબીલો થઇ ગયો.

કૈં યુગો સુધી પવન મનમાં જ મુંઝાતો રહ્યો,
પાંદડાએ બોલતાં શીખવ્યું, સુરીલો થઈ ગયો.

પૃથ્વી તો સ્હેજે કુદરડી ફરતી, રમતી નીકળી,
ધીરે ધીરે થઈ ગઈ આદત ને ચીલો થઈ ગયો.

પાણી પ્રગટ્યું, ત્યારે ચાંદો સોળ-સત્તરનો હશે...
જોઈને દર્પણમાં, છોગાળો-છબીલો થઈ ગયો.

માટીનો ઢેખાળો હુશીયારી બહુ કરતો હતો !
પગ તળે રેલો જરા આવ્યો તો ઢીલો થઇ ગયો.

સૌ ગ્રહોને રાતદીવસ જેનું આકર્ષણ હતું,
અંતે જકડી રાખનારો એક ખીલો થઈ ગયો.

.6.

ચીસ પાડી ઉઠવાની એક વેળા હોય છે,
ત્યાં સુધી ઘડીયાળના હોઠો, બીડેલા હોય છે.

એમની ટક-ટક ભલે વેળા-કવેળા હોય છે,
હાથ ઝાલી, સાચવી ટાણું, ઉભેલા હોય છે.

ચાહ સાતે, છાપું સાડા સાત, આઠે ફોન પર,
આઠ પાંચે, અંતરે ઈશ્વર વસેલા હોય છે.

એક દીવસ એમને હળવેકથી હડસેલજો,
સંવતોનાં બારણાં તો અધખુલેલાં હોય છે.

લ્હેરી લાલો હોય તો ખીસ્સામાં રાખીને ફરે,
સૌએ કાંડાં, આમ તો, સોંપી દીધેલાં હોય છે.

.7.

ભીંજાવામાં નડતર જેવું લાગે છે,
શરીર સુધ્ધાં, બખ્તર જેવું લાગે છે.

મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ,
'ઉઘડી જઈએ : અવસર જેવું લાગે છે...'

મોસમની હીલચાલ જ છે આશાવાદી :
સોળ અચાનક સત્તર જેવું લાગે છે.

ખુલ્લા ડીલે વૃદ્ધ મકાનો ઉભાં  છે,
અક્કેકું ટીપું શર જેવું લાગે   છે !

.8.

ન કુંપળ, ન કળીઓ, ન કુસુમો, ન ક્યારો,
સુગંધોને હોતો હશે કંઈ કીનારો ?

લતાકુંજમાં કેમ ગુંજે સીતારો ?
છે ભમરા? કે પાંખાળા સંગીતકારો ?

લળીને, ઢળીને ટહુકા કહે છે,
'તમે ક્યાંથી અહીંયા? પધારો, પધારો !'

આ તોળાવું ઝાકળનું તરણાની ટોચે,
અને મારા મનમાં કોઈના વીચારો...

મને જોઈને ઘાસ હળવેથી બોલ્યું,
'જરા આમ આવો, પગરખાં ઉતારો !'

.9.

એકનું કે શુન્યનું કે આઠડાનું,
ઓલીયાને કામ કેવું આંકડાનું ?

આ જગાએ કેમ શીતળ થાય રસ્તો ?
રહી ગયું છે ચીહ્ન જુના છાંયડાનું ?

પાનખર વીતી છતાં ખરતાં રહે છે,
પાંદડાંને લાગી આવ્યું પાંદડાંનું.

રુપીયાને રાત-દીવસ સાચવે જે,
શું કહીશું એને? પાકીટ ચામડાનું ?

રેતી, કપચી, કાચ, ચુનો, ઈંટ, આરસ,
એક દીવસ કામ પડશે લાકડાનું.

ક્યાં કવીતા ! ક્યાં ‘મુ જેડો કચ્છી માડુ !’
કોકીલાએ ઘર વસાવ્યું કાગડાનું.

.10.

દૃશ્યથી ધીમા સ્વરોને, લાબું અંતર પાર કરતાં વાર તો લાગે જ ને !
આ ગઝલ વંચાઈ ગઈ; પણ આંસુઓને કાને પડતાં, વાર તો લાગે જ ને !

રીસમાં ભીનાં થઈ બીડાઈ ગયેલાં નેણ એનાં, એમ તો ક્યાંથી ખુલે ?
બોજ ઝાકળનો લઈને પાંખડીઓને ઉઘડતાં, વાર તો લાગે જ ને !

પાંખડીઓને વકાસી, સુર્યની સામે કમળ જોયા કરે છે ક્યારનું,
ફેરવી લે મોં તીમીરથી, એને અજવાળું સમજતાં, વાર તો લાગે જ ને !

ઉછળી-ઉછળીને ફોરાં, વારે વારે દઈ ટકોરા, બ્હાર બોલાવી રહ્યાં,
ડોકીયું કાઢીને કુંપળ એમ કહેતી, હસતાં હસતાં : વાર તો લાગે જ ને !

હા, એ કહેતા તો હતા કે વાડીનું રખવાળું કરવા ટાંકણે આવી જઈશ,
એક એક પતંગીયાની પાંખમાં રંગોળી પુરતાં, વાર તો લાગે જ ને !

.11.

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે ?
કુંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે ?

તમારે સાંજને સામે કીનારે જાવું હો,
તો વાતચીતની હલ્લેસાં-સભર હોડી છે.

સમસ્ત સૃષ્ટી રજતની બન્યાનો દાવો છે,
હું નથી માનતો; આ ચંદ્ર તો ગપોડી છે !

ગઝલ કે ગીતને એ વારાફરતી પહેરે છે:
કવીની પાસે શું વસ્ત્રોની બે જ જોડી છે ?

ઉદયન ઠક્કર

કવી–સમ્પર્ક :

Udayan Thakker,

Laxaminivas, 3rd floor, 22-Kashibai Navrange Marg,

Gamdevi, Mumbai-400 007

Phone : R-022-2380 6302/2387 5834 Mobile :

098200 86458

eMail : udayanthakker@hotmail.com

FaceBook :

https://www.facebook.com/udayan.thakker.5?fref=ts

25-350 : 12-06-2016

# અમેરીકામાં બાળશીક્ષણ

– શૈલા મુન્શા

અનુક્રમણીકા

## 1 - ડુલસે

૨૦૧૨થી ૨૦૧૩નું શાળાકીય વર્ષ પુરું થયું . અમેરીકામાં જુન મહીનાથી સ્કુલમાં વેકેશન શરુ થાય અને લગભગ ઓગસ્ટના ત્રીજા અઠવાડીયાથી બાળકો શાળાએ આવવાની શરુઆત કરે અને સ્કુલના નવા વર્ષની શરુઆત થાય.

મારા ક્લાસની નટખટ, તોફાની અને સાથે સાથે ખુબ ચબરાક એવી ટેણકી ડુલસેની વાત આજે મારે કરવી છે .શાળા–વર્ષના અંતભાગમાં એટલે કે માર્ચની શરુઆતમાં એ મારા ક્લાસમાં આવી .ત્રણ વર્ષ પુરાં થયાં ને એ દાખલ થઈ .નાનકડી સ્પેનીશ છોકરી, નાનુ મોઢું ને સાવ હલકીફુલકી .બોલવામાં હોશીયાર; પણ સ્પેનીશ બોલે, અંગ્રેજી ખાસ આવડે નહીં .એના ડાબા હાથમાં થોડી તકલીફ)ફીઝીકલ ડીસએબીલીટી.( એ કારણસર એ મારા ક્લાસમાં.

જ્યારે આવી ત્યારે એ દેખાવમાં તો ટેણકી; પણ સ્વભાવે જમાદાર ! નાની અમસ્થી; પણ બધાને ભારે પડે . વાતવાતમાં હાથ ઉપાડે .કોઈ જરા એને હાથ લગાડે; તો સામો જવાબ મળી જ જાય ! બાળકોમાં  આવું તો ચાલતું જ હોય અને

અમારી પણ એ જ ફરજ કે બાળકોને આવી ખોટી આદતોમાંથી છોડાવીએ અને સારા–નરસાની તાલીમ આપીએ.

ધીરે ધીરે ક્યારેક સમજાવટથી તો ક્યારેક સખત થઈને એની એ આદત છોડાવી .ડુલસે જેટલી હોશીયાર બાળકી મેં જોઈ નથી .નવું શીખવાની ધગશ પણ એટલી જ .ક્લાસમાં જેટલી પ્રવૃત્તી કરાવીએ એમાં ખુબ ઉત્સાહપુર્વક ભાગ લે .સંગીત એને ખુબ ગમે અને જેટલાં બાળગીત ગવડાવીએ એ બધાં પુરા અભીનય સાથે ગાય. અંગ્રેજી પણ ઝડપભેર શીખવા માંડી.

એની એક ખાસીયત .જ્યારે પણ એના પર સહેજ જ ગુસ્સો કરીએ એટલે મમ્મીમમ્મી કરીને રડવા માંડે; પણ બે જ મીનીટમાં આવીને મારી સોડમાં ભરાય. હું જાણી–કરીને એને દુર કરું; તો એવું મીઠું હસીને લાડ કરે અથવા કોઈનું નામ આપે કે ,'મુન્શા ,ડેનીયલે મને માર્યું.' મને ખબર જ હોય કે ડેનીયલ તો એનાથી દુર છે; પણ એટલું કહીને ખીલખીલ હસી પડે . આપણો ગુસ્સો પળમાં ગાયબ કરી દે !

હવે તમે જ કહો, આવાં બાળકો સાથે તમે ક્યાં સુધી ગુસ્સો ટકાવી શકો? આ બાળકો કદાચ માનસીક રીતે થોડાં નબળાં હોઈ શકે; પણ એમની નીર્દોષતા આપણને મોટી શીખ આપી જાય છે.

*દરેક વ્યક્તી જો પોતાના ગુસ્સા પર આમ જ કાબુ મેળવે, તો દુનીયાની મોટા ભાગની સમસ્યાનો અન્ત આવી જાય.*

## 2 - એશલી

પાંચ વર્ષની એશલી દેખાવે ખુબ સુંદર .ચહેરાનો ઘાટ એવો સરસ કે ભલભલી મૉડલોને ઝાંખી પાડે .ભગવાને બધું આપ્યું; પણ મગજની પાટી કોરી રાખી. જાણે એકે અક્ષર એના પર મંડાયો જ નહીં ! કોઈ વસ્તુની સમજ નહીં, કશાની અસર નહીં; પડે–વાગે તો પણ ચહેરા પર વેદનાની નીશાની નહીં . બધા સાથે એને જમવા લઈ ના જવાય, ઝડપ એટલી કે તરાપ મારીને કોઈની પણ થાળી ઝુંટવી લે .બીજી કોઈ વસ્તુની ગતાગમ ભલે ન પડે; પણ આંખ એટલી ચકોર કે ક્લાસમા ક્યાંક જો નાસ્તો કે પોપકોર્નનું પેકૅટ પડ્યું હોય તો ઘડીના છઠ્ઠા ભાગમાં ત્યાં પહોંચી જાય .કુદરત પણ કમાલ છે ? દીમાગી હાલત બરાબર ન હોય તોય અને બાલ્યાવસ્થા હોય તો પણ; ભુખની સુઝ બધાને પડે !

આજે તો ખરી ધમાલ થઈ .બપોરના અમે બાળકોને નાસ્તો અને જ્યુસ આપતા હોઈએ છીએ .હું મારી કૉફી બનાવવા માટે પાંચ મીનીટ બહાર ગઈ અને મેરીએ બાળકોને પોપકોર્ન અને જ્યુસ આપ્યાં અને એશલી ને ખવડાવવા માટે મારી રાહ જોતી હતી. એટલામાં ન જાણે કેવી રીતે એશલી એના હાથમાંથી છુટી ગઈ. પળવારમાં તો પોપકોર્નનુ આવી બન્યું ! ચારેકોર પોપકોર્ન વેરણછેરણ અને બાળકોનાં મોઢાં તો જોવાં જેવાં !

ઘણીવાર મને વીચાર આવે કે આ નાનકડી બાળકીના હૈયામાં શું ચાલતું હશે? ન બોલે, ન હસે, ન રડે, ન એક

જગ્યાએ બે મીનીટ રહે .શાળાનો સમય પુરો થતાં સુધીમાં તો અમે થાકી જઈએ; તો એનાં મા–બાપનું શું થતું હશે? ઈશ્વર કેમ આવો ક્રુર થઈ શકતો હશે? કે પછી ખરે જ ,પુર્વજન્મની કોઈ લેણાદેણી હશે ! વીજ્ઞાનની ભાષામાં કહીએ તો કોઈ દવાની આડઅસર કે પછી વારસાગત જીન્સમાં કોઈ પ્રમાણ ઓછુવત્તું થયું હશે.

*જે હોય તે પણ એક વસ્તુની મને ખબર છે જ્યાં સુધી એશલી મારી સાથે છે; ત્યાં સુધી મારાથી અપાય એટલો પ્રેમ હું જરૂર એને આપીશ.*

3 - મીકાઈ

હાલમાં તો મારે સ્કુલમાં રજા છે .સમર વેકેશન ચાલે છે. એટલે બાળકોનું સાન્નીધ્ય પણ નહીં ને એમનાં મસ્તી–તોફાન પણ નહીં. પણ અચાનક આજે મને મીકાઈ યાદ આવી ગયો .'Autistic child' વીશે કોઈ લેખ મારા વાંચવામા આવ્યો અને મને મીકાઈ યાદ આવી ગયો .આ બાળકો ખરેખર બહુ બુદ્ધીશાળી હોય છે; પણ એમનું મગજ કોઈ જાતનો ફેરફાર જલદી સ્વીકારી નથી શકતું .એમનું જે રુટીન ગોઠવાયું હોય એમાં બદલાવ આવે, તો એમને સંભાળવા ભારે થઈ પડે !

મીકાઈ જ્યારે અમારા ક્લાસમાં આવ્યો ત્યારે ઘણો આક્રમક હતો .પાંચ વર્ષ સુધી કોઈ સ્કુલમાં નહોતો ગયો . માબાપ ખરાં; પણ પરણેલા નહીં. એટલે બાળકની જોઈન્ટ કસ્ટડી; પણ મીકાઈ વધુ સમય મા પાસે રહે .બાપ નોકરીના હીસાબે હ્યુસ્ટનથી બહાર વધુ હોય .અમે જોઈ શક્યાં કે મા કરતાં

બાપને મીકાઈ માટે કંઈ પણ કરી છુટવાની તમન્ના વધુ હતી . ક્લાસમાં મીકાઈ કશું બોલતો નહીં; પણ એને આંકડાઓમાં ખુબ રસ પડતો .નંબરસોંગની સીડી વાગે તો ધ્યાનથી સાંભળે .સવારે જ્યારે ક્લાસમાં આજના હવામાન વીશે વાત કરીએ કે એને લગતાં ગીત સંભળાવીએ, તો એ એકીટશે જોયા કરે .માબાપ સાથે વાત કરવાથી ખબર પડી કે એને ગણીત બહુ ગમે છે અને કમ્પ્યુટર બહુ ગમે છે.

ધીરે ધીરે એ ક્લાસના રુટીનમાં ગોઠવાતો ગયો .એને શાંત કરવો હોય તો કમ્પ્યુટર પર બેસાડી દો, તો એના કલાકો એમાં નીકળી જાય .જેમ જેમ એ ક્લાસમા અંગ્રેજી આલ્ફાબેટ અને એના સાઉન્ડ અને સાથે સાથે શબ્દો શીખતો ગયો; તેમ તેમ કમ્પ્યુટર પર પોતાની જાતે એ શબ્દો ટાઈપ કરી જાતજાતનાં ચીત્રો જોવા લાગ્યો.

એક દીવસ અમે બાળકોને જમવા માટે કાફેટેરીઆમાં લઈ જતાં હતાં. ત્યાં અચાનક મારો હાથ છોડી મીકાઈ પહેલા ધોરણના ક્લાસમાં ધસી ગયો ને ટીચરના ટેબલ પર પડેલો પૃથ્વીનો ગોળો ઉપાડી લીધો .કેટલી સમજાવટે છેવટે એ ક્લાસમાંથી બહાર નીકળ્યો .અમે નવાઈ પામી ગયાં કે બીજું કશું નહીં ને પૃથ્વીનો ગોળો કેમ? પીતા સાથે વાત કરતાં ખબર પડી કે એને પૃથ્વીના ગોળામાં નક્શા જોવા ખુબ ગમે છે .એના માટે ખાસ પૃથ્વીનો ગોળો લઈ આવ્યા અને રોજ થોડીવાર ખાસ એની સાથે બેસી જુદા જુદા દેશ નક્શામાં બતાડવા માંડ્યા.

જ્યારે એ જાતે દેશના નામ આલ્ફાબેટના સાઉન્ડ પ્રમાણે ટાઈપ કરી કમ્પ્યુટર પર જોવા માંડ્યો ,ત્યારે અમારા અચંબાનો પાર ન રહ્યો ! ફક્ત દેશ જ નહીં; ત્યાંની જોવાલાયક જગ્યા, હવામાન, લોકો, કંઈ જાતજાતનું શોધી કાઢી એમાં રમમાણ રહેવા લાગ્યો .વાચા પણ ઘણી ખુલી ગઈ .અમારો હાથ પકડી ‘કેનેડા, રશીયા સ્કેન્ડીનેવીઆ, આફ્રીકા’ વગેરે દેશ અમને પણ બતાડવા માંડ્યો .બસમાંથી ઉતરી વહાલથી ભેટવા માંડ્યો . યાદશક્તી એટલી તીવ્ર કે એક વાર બતાડેલો દેશ બરાબર યાદ રહી જાય .કોઈ વાર કશી વસ્તુની ના કહીએ તો ‘help help’નું રટણ ચાલુ કરી, છેવટે એની વાત મનાવીને જ રહે.

આટલી માયા લગાડી હવે આ વર્ષે એ નવી સ્કુલમા જશે, જ્યાં ત્રણથી ચાર બાળકો ક્લાસમાં હોય અને એટલા જ શીક્ષકો .લગભગ દરેક બાળકની જરુરીયાત પ્રમાણે એમના વીકાસ ને વધુ વેગ મળે એની ખાસ કાળજી લેવાય.

*મીકાઈની બુદ્ધીપ્રતીભા ખીલે અને એને સાચી દોરવણી મળે એ જ પ્રાર્થના...*

4 -એ.જે .

આજનો દીવસ મારા અને મીસ સમન્થા માટે હૈયામાં ટીસ ઉત્પન્ન કરનારો બની રહ્યો.

પાંચ દીવસના થેંક્સગીવીંગ વેકેશન )અમેરીકામાં ઉજવાતો સર્વ પ્રત્યે આભાર પ્રગટ કરવાનો ઉત્સવ (પછી આજે સ્કુલે જવાનો જ કંટાળો આવતો હતો; પણ થોડા દીવસમાં નાતાલની બે અઠવાડીયાની રજા પડશે એને યાદ કરતાં સ્કુલે

જવા તૈયાર થઈ .સ્કુલમાં બધા એકબીજાને રજાની મજા વીશે વાત કરતા હતા.

અમારા ક્લાસમા હાલ 11 બાળકો છે; પણ 7.30 સુધી કોઈ આવ્યું નહીં. એટલે હું ને સમન્થા મજાક કરતાં હતાં કે ચાલો આજે તો આપણે જ આ બધો નાસ્તો કરવાનો છે. ત્યાં તો એક બાજુ બસનું હોર્ન વાગ્યું અને બીજી બાજુ એ.જે.ની મા એને લઈને ક્લાસમાં આવી .થોડા વખતથી એ.જે.નાં માબાપના સમ્બન્ધમાં સુમેળ દેખાતો હતો .સાથે તો નહોતાં રહેતાં; પણ ક્યારેક શની-રવી એ.જે. મા પાસે રહેતો અને સોમવારે સવારે મા એને સ્કુલમાં લઈને આવતી .માએ પોતાની નાદાનીયતમાં એ.જે.ને જ્યારે જમીન પર પછાડ્યો, ત્યારે એ.જે .બે વર્ષનો હતો . માને એને માટે જેલ પણ થઈ હતી અને એ.જે.ની કસ્ટડી પીતા પાસે હતી.

એ.જે.ના પીતાએ આ જવાબદારી ખુબ પ્રેમ અને નીષ્ઠાપુર્વક ઉપાડી લીધી હતી .શાળાની પીકનીક પર જવાનું હોય તો એ હાજર, એ.જે.ની તબીયત થોડી ખરાબ હોય અને ફોન કરીએ, તો પંદર મીનીટમાં એને લઈ જવા હાજર .પેરેન્ટ-ટીચર કોન્ફરન્સ હોય તો હાજર .દેખાવે ઉંચા, પહોળા અને વજન પણ ખાસ્સું .હમેશ નરમાશ અને વીવેકથી વાત કરે અને અમારો એટલો આભાર માને કે જાણે એ.જે .માટે અમે શુંનું શું ના કરી નાખ્યું હોય !

આજે જ્યારે એ.જે.ની મા એને સ્કુલમાં લઈને આવી ત્યારે હું બસમાંથી અમારાં બાળકોને ઉતારતી હતી .બાળકોને

લઈને ક્લાસમા આવતાં મેં ડ્રાઈવરને કહ્યું પણ ખરું કે એ.જે . રજામાં એની મમ્મી પાસે રહ્યો લાગે છે એટલે આજે એ લઈને આવી.

ક્લાસમાં દાખલ થઈ તો એ.જે.ની માની આંખમાં ઝળઝળીયાં અને સમન્થા તો સ્તબ્ધ બની ઉભી હતી ! એ.જે.ના પીતા અઠવાડીયા પહેલા વહેલી સવારે ઉંઘમાં જ અવસાન પામ્યા હતા .એ.જે .એકલો ઘરમાં ! આ રજામાં શું કરવું છે તે પુછવા માએ નસીબજોગે એ.જે.ના પીતાને ફોન કર્યો .વારંવાર ફોન કરવા છતાં જ્યારે સામેથી કોઈ જવાબ ન મળ્યો; ત્યારે ગભરાઈને એણે એપાર્ટમેન્ટની ઓફીસમાં ફોન કર્યો અને વીનંતી કરી કે મહેરબાની કરી દરવાજો ખોલી જુઓ કે બધું બરાબર છે કે નહીં? પછી તો પોલીસ બોલાવી. એમની હાજરીમાં દરવાજો ખોલ્યો. ત્યાં સુધીમાં સાંજના પાંચ વાગી ગયા હતા અને એ.જે . બાથરુમના દરવાજા પાસે જમીન પર પડ્યો હતો.

પીતાની બાજુમાં સુતેલો બાળક શું બની ગયું એનાથી અજ્ઞાત, ક્યારે સરકી જમીન પર આવ્યો અને આટલા કલાકો શું વીત્યું એના પર, એ તો ભગવાન જ જાણે ! હવે શું થશે એ પણ ખબર નથી .મા પાસે બાળકની કસ્ટડી નથી. હાલમાં તો એ.જે . મા પાસે છે; પણ કાલની કોને ખબર !

આજની સવાર, આવા સમાચાર લઈને આવશે એની કોઈને ખબર નહોતી .સમન્થા અને હું આઘાતમાંથી બહાર આવવાની કોશીશ કરી રહ્યાં હતાં.

*એ.જે.માં ફક્ત એક જ ફેરફાર દેખાતો હતો .આજે એ.જે. જેની પાસે આવે એનો હાથ સખત રીતે પકડી, જાણે સુરક્ષીતતા ને હુંફ માટે ફાંફાં મારતો હોય એવું લાગતું હતું .હમ્મેશનો હસતો અને સહુને 'હાય 'ને 'બાય' કહેતો અણસમજુ એ.જે.શાન્ત બની ગયો હતો.*

5 - નેઓમી

૨૦૧૫-૨૦૧૬નુ નવું શાળાકીય વર્ષ શરુ થયે ત્રણ અઠવાડીયાં થઈ ગયાં; પણ મારા ક્લાસમાં નવાં આવેલાં બાળકોની ઓળખાણ કરાવવાનો પણ સમય મળ્યો નહીં .પહેલા દીવસથી જ બાર બાળકો P.P.C.D (Pre-primary Children with Disability)ના ક્લાસમાં આ ખરેખર જ વધારે પડતું કહેવાય; કારણ નવાં આવનાર બાળકો લગભગ ત્રણ વર્ષનાં હોય અને જુનાં બાળકો લગભગ પાંચથી છ વર્ષનાં હોય.

નવાં બાળકોને સ્વાભાવીક જ ક્લાસમાં ગોઠવાતાં વાર લાગે .દરેકની જુદી સમસ્યા અને જુદા લેબલ .કોઈ autistic હોય તો કોઈની વાચા ખુલી ના હોય, તો કોઈનુ માનસીક સંતુલન બરાબર ના હોય.

આજે જે બાળકીની વાત કરવી છે એનું નામ નેઓમી . સ્પેનીશ છોકરી; પણ રુપેરંગે અમારી દાદીમા સાહીરાની જ પ્રતીકૃતી .પહેલે દીવસે જેવી ક્લાસમાં આવી કે તરત અમારો ઈસ્માઈલ બોલી ઉઠ્યો સાહીરા કેમ છે? નેઓમી મુંગીમુંગી એને તાકતી રહી .બે દીવસ, ત્રણ દીવસ થયા. નેઓમી થોડું હસે; પણ બોલવાની વાત નહી .અમને તો એમ જ લાગ્યું કે

નેઓમીની વાચા પુરી ખુલી જ નથી એટલે જ એ અમારા ક્લાસમાં છે; પણ એની અદા અને નખરાં અમને સાહીરાની યાદ અપાવે .ત્રણ ચાર દીવસમાં બહેને પોતાનું અસલી રુપ બતાવવા માંડ્યું .ડેમીઅન નામનો નવો છોકરો આખો દીવસ રડ્યા કરે. તો નેઓમી જઈને એને મોઢા પર આંગળી મુકી ચુપ થવાનો ઈશારો કરે .પાર્કમાં રમવા લઈ જઈએ, તો પાછા ફરવાનું નામ નહીં .બોલાવીએ તો જાણે સાંભળ્યું ના હોય તેમ બીજે જ જોયા કરે .પોનીટેલ ખોલીને મા ભવાનીનો અવતાર બની જાય .ગયા વર્ષનાં બાળકો ડુલસે કે ઈસ્માઈલ તો એને સાહીરા કહીને જ બોલાવે.

ધીરે ધીરે નેઓમી મારી સાથે વધુ હળવા માંડી .એને બાથરુમ લઈ જતાં સહજ જ ગલીપચી કરતાં ખીલખીલ હસી પડી .મેં એને મારું નામ કહ્યું :‘મીસ મુન્શા.’ તો પહેલી વાર એને બોલતા સાંભળી ‘મીસ મુન્શા.’ હું તો આભી જ બની ગઈ ! ખુબ હોશીયાર, બધા કલરનાં નામ, આલ્ફાબેટ્સ, એકથી વીસ સુધી નંબર, બધું આવડે .સમન્થાએ એને કમ્પ્યુટર પર બેસાડી અને હજી તો એ સ્ટાર ફોલની વેબસાઈટ ખોલે ત્યાં તો નેઓમી માઉસ ફેરવી જાતે જ ક્લીક કરવા માંડી .ધીરે ધીરે ક્લાસમાં બધા સાથે બોલવા માંડી પણ સાથે દાદાગીરી પણ બધા પર – સાહીરા જેવી જ.

સાહીરા આ વર્ષે પહેલા ધોરણમાં ગઈ જેને અમેરીકામાં ‘લાઈફ સ્કીલ’નો ક્લાસ કહે છે, જ્યાં થોડાં માનસીક રીતે પછાત બાળકો હોય .ભગવાન કરે અને નેઓમીને એ ક્લાસમા ના જવું પડે .હજી તો બે વર્ષ અમારી પાસે રહેશે અને છ વર્ષની

થશે પછી એની હોશીયારી પ્રમાણે નક્કી થશે; પણ એક વાત છે કે નેઓમીની મા બધી રીતે નેઓમીને મદદ કરવા તૈયાર છે .જે સુચન અમે કરીએ તે પ્રમાણે ઘરે નેઓમી સાથે બેસી લખાવવાનું કે વાર્તાની ચોપડી વાંચવાની કે ચીત્રો દ્વારા નવા શબ્દોની ઓળખ કરાવવાની મહેનત કરે છે.

સ્કુલ ખુલ્યાના ત્રણેક અઠવાડીયાં પછી અમેરીકામાં સ્કુલોમાં ઓપન હાઉસ હોય; જ્યાં માબાપ આવે ને શીક્ષકોને મળે .ખાસ તો નવાં બાળકો અને અમારાં બાળકો માટે આ મુલાકાત ઘણી અગત્યની હોય .નેઓમીની મા અમને મળવા આવી અને ખુબ રાજી થતાં બોલી કે નેઓમીને સ્કુલમા આવવું ગમે છે અને ત્રણ અઠવાડીયાંમાં પણ મેં એનામાં ઘણી નીયમીતતા આવતી જોઈ છે અને ઘરમાં પણ વધુ બોલતી અને ગીત ગાતી થઈ છે.

*આ કહેતી વખતે એની આંખોમા જે અહોભાવ અને અમારા પ્રત્યેનું માન અને વીશ્વાસ હતો, એ જ તો અમારી મહેનતનું ફળ છે અને અમારી મુડી છે ! જેમ જેમ ખર્ચાતી જાય, તેમ તેમ વધતી જ જાય છે.......*

–શૈલા મુન્શા

સર્જક–સમ્પર્ક:

SHAILA MUNSHAW

Houston - Taxas –77083- USA

Phone : 01 281 809 8099 (Home) Cell : 832 731 4206

eMail : – smunshaw22@yahoo.co.in

Blog : www.smunshaw.wordpress.com

લેખીકાનો વીસ્તૃત પરીચય પામવા નીચેની લીંક પર ક્લીક કરવા વીનંતી :

https://smunshaw.wordpress.com/category/self-introduction-/2

♦●♦

## ..વીશેષ આભાર..

શરુઆતમાં આ ગઝલોનું સમ્પાદન પણ અમે જ કરતા હતા; પછી અમારા કવીમીત્ર **શ્રી મનસુખ નારીયા** થોડો સમય અમારી મદદે આવ્યા. ત્યાર પછીથી હજી આજદીન સુધી, જેમની બહુમુલ્ય સેવા અમને મળી રહી છે તેવા, આ બધી ગઝલોની 'સ.મ.'ના અતીથી સમ્પાદક સુરતના યુવા ગઝલકાર **શ્રી ગૌરાંગ ઠાકર**નો અમને લાભ મળ્યો છે તે બદલ અમે એમના ઋણી છીએ. આ બધી જ ગઝલોનું સસ્નેહ અને ચીવટાઈથી સુરેખ અક્ષરાંકન કરી આપનાર આચાર્ય અને કવી મીત્ર **શ્રી. સુનીલ શાહ**નો તો જેટલો ઉપકાર માનીએ તેટલો કમ છે.. અક્ષરાંકન કરતાં કરતાં જ **ભાઈ સુનીલભાઈ શાહ** આજે એક ઉદયમાન ગઝલકાર તરીકે સૌ ગઝલરસીકોનું ધ્યાન આકર્ષી રહ્યા છે તેનો અમે હરખ કરીએ છીએ.. આભાર.. આભાર.. **..ઉત્તમ–મધુ ગજ્જર..**